# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

તારીખ : 25-11-2025 - મંગળવાર - વર્ષ-15 । અંક-014 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




અલવિદા ધર્મેન્દ્ર....
'વીરુ' પંચમહાભૂતમાં વિલીન, બોલિવૂડમાં શોક.... વાંચો અંદરના પાને...



PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું
ભારતીય સિનેમામાં એક યુગનો અંત....
વાંચો અંદરના પાને...




# ૩૫૦મો શહીદ દિવસ

## શ્રી ગુરુ તેગ બહાદુર જી
## ભાઈ મતી દાસ જી,
## ભાઈ સતી દાસ જી,
## ભાઈ દયલા જી



### શ્રી આનંદપુર સાહિબ ખાતે યોજાનાર કાર્યક્રમોની વિગતો

**25 નવેમ્બર, 2025**

- શ્રી અખંડ પાઠ સાહિબના ભોગની સંપૂર્ણતા
- રાજ્ય કક્ષાનું રક્તદાન અભિયાન
- ૩.૫૦ લાખ છોડ વાવવાનું રાજ્ય કક્ષાનું અભિયાન
- ગુરુવાણી કીર્તન
- સરબત દા ભલા સભા
- ડ્રોન શો

### શ્રી અમૃતસર સાહિબ એન્ડ્રોન સિટી, તલવંડી સાબો અને શ્રી આનંદપુર સાહિબને પવિત્ર શહેરોનો દરજ્જો આપવામાં આવ્યો હતો

### શહીદ દિવસને સમર્પિત પંજાબ સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો અને પહેલ

- નવમા ગુરુ, શ્રી ગુરુ તેગ બહાદુરજીના શહીદ દિવસ નિમિત્તે પંજાબ સરકારે વિવિધ રાજ્યોમાં કાર્યક્રમોનું આયોજન કર્યું.
- આ કાર્યક્રમો ગુરુદ્વારા શ્રી શીશ ગંજ સાહિબ, નવી દિલ્હીથી શરૂ થયા હતા.
- ગુરુદ્વારા શ્રી રકાબ ગંજ સાહિબ ખાતે એક વિશાળ કીર્તન દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.
- શ્રી ગુરુ તેગ બહાદુરજીના ચરણોથી આશીર્વાદિત ૧૪૨ ગામડાઓ અને નગરોના વિકાસ માટે ૭૧ કરોડ રૂપિયાની જોગવાઈ. દરેક ગામ અને નગરને ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. ૧ નવેમ્બરથી પંજાબના તમામ જિલ્લાઓમાં લાઇટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું, અને હવે તે શ્રી આનંદપુર સાહિબમાં યોજાઈ રહ્યા છે, જે શ્રી ગુરુ તેગ બહાદુરજીના મહાન જીવન અને ફિલસૂફીને જીવંત બનાવે છે.
- ગુરુ સાહેબજીના આશીર્વાદ મેળવનારા નગરો અને શહેરોમાં કીર્તન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ૧૮ નવેમ્બરના રોજ શ્રીનગર (જમ્મુ અને કાશ્મીર) માં કીર્તન દરબાર યોજાયો હતો. ૧૯ નવેમ્બરના રોજ શ્રીનગરથી નગર કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ નવેમ્બરના રોજ તલવંડી સાબો, ફરીદકોટ અને ગુરદાસપુરથી ત્રણ નગર કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચાર નગર કીર્તનો ૨૨ નવેમ્બરની સાંજે શ્રી આનંદપુર સાહિબ અને ૨૩ નવેમ્બરના રોજ અમૃત વેલા પહોંચીને સમાપ્ત થયા હતા.
- શ્રી આનંદપુર સાહિબમાં મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓને સમાવવા માટે એક તંબુ શહેર બનાવવામાં આવ્યું છે, જેને 'ચક્ક નાનકી' નામ આપવામાં આવ્યું છે.
  - આ પવિત્ર શહેરમાં સર્વધર્મ સંમેલન યોજાયું હતું.
  - ગુરુ સાહેબના જીવન અને ફિલસૂફી દર્શાવતા પ્રદર્શનો અને ડ્રોન શોનું આયોજન કરવામાં આવ્યું હતું.
  - કીર્તન દરબાર, કથા, ગટ્કા અને માર્ગદર્શિત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

**આવો, શ્રી આનંદપુર સાહિબમાં નમન કરીએ.**

1092/18/2025-26/5346

## માહિતી અને જનસંપર્ક વિભાગ, પંજાબ

**વિથોણ ગામની દિકરીની વિશિષ્ટ સિદ્ધિ**

# કચ્છ યુનિવર્સિટીમાં સૌથી નાની વયે યુવા પ્રોફેસર તરીકે ઓળખાતા પ્રિયંકાબેન ગરવા આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ઝળક્યા

મહેશ એલ.સોની | નખત્રાણા



કચ્છ જિલ્લાના વિથોણ ગામની યુવા પ્રતિભા પ્રિયંકા હરેશભાઈ ગરવાએ શિક્ષણ ક્ષેત્રમાં અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. કચ્છ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે કાર્યરત પ્રિયંકાબેને તાજેતરમાં આયોજિત ૬ઠ્ઠી વાર્ષિક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓફ ઈન્ડિયન ઈકોનોમિક્સ એન્ડ અલાઈડસાયન્સિસ અસોસિએશનમાં તેમનું રિસર્ચ પેપર પ્રસ્તુત કર્યું હતું. આ પેપર સત્તાવાર રીતે પ્રકાશિત થતાં યુનિવર્સિટી દ્વારા તેમને 'યંગેસ્ટ ફેકલ્ટી એચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રિયંકાબેન હાલ કચ્છ યુનિવર્સિટીમાં પીએચડી સંશોધન પણ કરી રહ્યા છે અને તેઓ યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે પ્રોફેસર તરીકે સેવા આપનાર વ્યક્તિ તરીકે તેમની નામના છે. 'ધ રોલ ઓફ નોલેજ મેનેજમેન્ટ ઈન એન્હાન્સિંગ ટીચિંગ પર્ફોર્મન્સ ઈન ઈન્ડિયન હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન્સ' રિસર્ચ પેપર સંશોધનમાં તેમણે ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જ્ઞાન વ્યવસ્થાપનની ભૂમિકા, શિક્ષકોની કાર્યક્ષમતા વધારવા અને શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે વિગતવાર વિશ્લેષણ કર્યું છે. તેમના અભ્યાસ મુજબ, જ્ઞાનના સંગ્રહ, વહેંચણી અને વ્યવસ્થાપનથી શિક્ષકોનું પ્રદર્શન મજબૂત બને છે, નવીન શિક્ષણ પદ્ધતિઓ અમલમાં આવે છે.

**સમગ્ર ગુજરાતમાં 500થી વધુ સેવાકેન્દ્રો દ્વારા શાંતિયાત્રા યોજાઈ**

# જૂનાગઢમાં મૌનના મંત્ર સાથે બ્રહ્માકુમારીઝના શ્વેત વસ્ત્રધારી રાજ્યોગી ભાઈ-બહેનોની શાંતિ યાત્રા

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.24



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય ગુજરાત ઝોન તેની ઈશ્વરીય સેવાના ૬૦ વર્ષ પૂર્ણ થતા વર્ષ ૨૦૨૫ને ડાયમંડ જ્યુબિલી વર્ષ તરીકે ઉજવી રહેલ છે. જે અંતર્ગત 'બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ' પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ૫૦૦થી વધુ સેવાકેન્દ્રો દ્વારા શાંતિમય સંસારના નિર્માણના લક્ષ સાથે શાંતિયાત્રાનું વિશેષ આયોજન કરેલ હતું. તે અંતર્ગત જૂનાગઢમાં મૌનના મંત્ર સાથે બ્રહ્માકુમારીઝના શ્વેત વસ્ત્રધારી રાજ્યોગી ભાઈ-બહેનોએ શાંતિદૂત બની શાંતિયાત્રામાં જોડાઈ શહેરમાં શાંતિના પ્રકંપનો ફેલાવ્યા હતા તેમ બ્રહ્માકુમારી રાજયોગીની બિનાદીદીએ જણાવ્યું હતું. જૂનાગઢના બ્રહ્માકુમારી બીનાદીદીએ શાંતિયાત્રાની આગેવાની કરતા જણાવ્યું હતું કે, શાંતિ આત્માનો સ્વધર્મ છે, શાંતિ આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ છે. શાંતિ આત્માનો મૂળ ગુણ છે તે શુભ સંદેશ સાથે આ શાંતિ યાત્રા યોજવામાં આવી હતી.

આ શાંતિ યાત્રામાં બ્રહ્માકુમારીઝના શ્વેત વસ્ત્રધારી સેંકડો રાજ્યોગી ભાઈ-બહેનો એક જ દિવસે, એક જ સમયે, એક સાથે મૌનના મંત્ર સાથે શાંતિદૂત બની શાંતિના પ્રકંપનો ફેલાવ્યા હતા. શાંતિયાત્રા બાદ દમયંતી દીદીના શ્રદ્ધાંજલિ નિમિતે વિશેષ બ્રહ્માભોજન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર અમુદાન ગઢવીએ ગીત સંગીત દ્વારા શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે અમદાવાદથી પધારેલ રાજ્યોગીની બ્રહ્માકુમારી અમરબેને દમયંતી દીદીને અલોકીક વિધિથી ભોગ અર્પણ કર્યો હતો.સર્વ માનવબંધુ માટે શાંતિનું પ્રેરક સ્ત્રોત બની રહે, દરેકને શાંતિનું આકર્ષણ થાય, વ્યક્તિ સ્વયં શાંતચિત બની, શાંતમૂર્ત રહીને પોતાનું અને પરિવારનું જીવન શાંતિમય બનાવવા માટે પ્રયત્ન કરે, સાથે વિશ્વમાં શાંતિ ફેલાવવા નિમિત બને તેવો આ શાંતિ યાત્રાનો મુખ્ય ઉદેશ્ય છે.

બ્રહ્માકુમારીઝ, ગુજરાત દ્વારા ડાયમંડ જ્યુબિલી વર્ષ અંતર્ગત યુ.એન.દિવસ - તારીખ ૨૪ ઓક્ટોબરના પ્રારંભ થયેલ 'બિલિયન મિનિટ ઓફ પીસ અપીલ'નો અભિનવ પ્રોજેક્ટ- 'વર્લ્ડ મેડિટેશન ડે' તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. ત્યારે આપ સૌ ભાઈ બહેનો શાંતિદાન માટે સંકલ્પ લઈ તમારી પ્રાર્થના/મેડિટેશનની મિનિટ આપના નજીકના બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્ર પર નોંધાવીને આ ઉમદા કાર્યમાં જરૂર સહયોગી બનશો તેમ બીના દીદીએ જણાવ્યું હતું.

## NEWS BRIEF

### ખાસ સઘન સુધારણા-2025 કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ » ખાસ સઘન સુધારણા (SIR)-2025 કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જૂનાગઢ, શ્રી અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન હાલ ચાલી રહેલા સઘન સુધારણા કાર્યની પ્રગતિ, ખાસ કરીને ફોર્મ કલેક્શન અને ડિઝિટાઈઝેશન



વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા વિસ્તારમાં સર્જાતા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતાં, જેના નિરાકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સુધારણા કાર્યક્રમને વધુ કાર્યક્ષમ અને સરળ બનાવવા માટે સૂચનો મેળવવામાં આવ્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી એ રાજકીય પક્ષોના બી.એલ.એ.શ્રીને આ કામગીરીમાં મહત્તમ સહભાગી થવાની અપીલ કરી હતી. હાલમાં જિલ્લામાં કુલ 7,61,036 ફોર્મ, એટલે કે 58.36% ફોર્મ ડિજિટાઈઝ થઈ ગયા હોવાનું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી નિકુંજકુમાર ધુળા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. 26 નવેમ્બરના ભરતી મેળો યોજાશે

જૂનાગઢ » જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ અકશ ઈન્ફોવે પ્રા.લી. રાજકોટ તથા રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપની ખાતે ટેકનીકલ સપોર્ટ એક્ઝ્યુકેટીવ ફાઈનાન્સીયલ એડવાઈઝર કે મેનેજરની જગ્યાઓ માટે જગ્યાને અનુરૂપ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી" વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવ્યુ છે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

### ખેલ મહાકુંભ 2025 અંતર્ગત ભાઈઓ માટે કુસ્તી અને માનસિક ક્ષતિગ્રસ્તબાળકો માટે વિવિધ રમતોનું આયોજન

જૂનાગઢ » ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ ૨૦૨૫ અને સ્પે. ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લા કક્ષા કુસ્તી(ભાઈઓ) સ્પર્ધાનું આયોજન કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ ઈન્ડોર હોલ ખાતે કરવામાં આવ્યુ હતું. અને સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષા માનસિક ક્ષતિગ્રસ્ત (MR) તમામ રમત સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ ખાતે કરવામાં આવ્યુ હતું. જિલ્લા કક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ તકે ડો.મનીષકુમાર જીલડીયા દ્વારા ખેલાડીઓને રમતગમત પ્રત્યે જાગૃત કર્યા હતા. તેમજ ભૂષણ કુમાર યાદવ દ્વારા વધુને વધુ ખેલાડીઓ વિજેતા થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી. કુસ્તી ગ્રામ્ય/શહેર કક્ષા રમત સ્પર્ધામાં આશરે ૨૧૫થી વધુ ખેલાડી ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને સ્પે. ખેલ મહાકુંભની માનસિક ક્ષતિગ્રસ્ત (MR) તમામ રમત સ્પર્ધામાં આશરે ૩૫૦થી વધુ ખેલાડીઓ ભાઈઓ/બહેનોએ ભાગ લીધો હતો.

### જૂનાગઢ : ભરતીમાં ભ્રષ્ટાચારના આક્ષેપમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની હકીકતલક્ષી અહેવાલ સાથે સ્પષ્ટતા

જૂનાગઢ » જૂનાગઢ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની ૪૨ જગ્યાની ભરતીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સમાચાર અંગે સ્પષ્ટતા કરતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ડીસ્ટ્રીક હેલ્થ સોસાયટી જૂનાગઢ ની એનએચએમ અંતર્ગતની વિવિધ પ્રોગ્રામ સબ કમિટીની ૧૧ માસ કરાર આધારિત ૪૨ ખાલી જગ્યાઓ ભરવા તથા ભવિષ્યમાં ખાલી થનાર જગ્યા માટેની પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે એનએચએમ ભરતી પ્રક્રિયાના માપદંડોને ધ્યાને રાખી ૪૨ ખાલી જગ્યા માટે નિયમો અનુસાર વર્તમાન પત્રમાં જાહેરાત આપી આરોગ્યસાથી પોર્ટલ ઉપર ભરતીની ગાઈડલાઈન મુજબ જે તે કેડરની ઓનલાઈન અરજીની વિગત તા.૧૦/૯/૨૦૨૫ થી તા.૨૦/૯/૨૦૨૫ સુધી અરજી મંગાવવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન કુલ ૧૫ સંવર્ગ ની ૫૪૨૬ ઓનલાઈન અરજીઓ મળી હતી. જેનું ભરતી કમિટી દ્વારા પૃથ્થકરણ કરતા જે તે સંવર્ગની પ્રાથમિક તબક્કે સંવર્ગના ટીઓઆર મુજબ ૧૭૨૪ જેટલી અરજીઓ માં પૂરતા ડોક્યુમેન્ટને લીધે માન્ય રાખવામાં આવેલ તથા અપૂરતા ડોક્યુમેન્ટને લીધે ૩૬૯૯ અરજીઓ માન્ય રાખી શકાય તેમ ન હતી. જેથી તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ભરતી કમિટી દ્વારા પુનઃ સમીક્ષા કરતા અપૂરતા ડોક્યુમેન્ટ ને કારણે જે ઉમેદવારો એલીજીબલ થતા નથી તેઓને વાંધા અરજી મેળવવા માટેની વિગત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજૂરીથી જિલ્લા પંચાયતની વેબસાઈટ પર મૂકવામાં આવી હતી. તેમજ તા. ૧૪/૧૧/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં વાંધા અરજી મેળવવા માટે જણાવવામાં આવ્યું હતું. અને આ જાહેરાત અખબારમાં પણ આપવામાં આવી હતી.

# અમદાવાદમાં 3 વર્ષીય પુત્ર સાથે માતાએ આપઘાત રેલવે ટ્રેક પર પડતુ મુકી દેતા અરેરાટી

**પરિણીતાના ભાઈના લગ્નમાં જવા બાબતે ઝઘડો થયો હતો: પતિ, સાસુ અને સસરા સામે બોડકદેવ પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદમાં 3 વર્ષીય પુત્ર સાથે માતાએ આપઘાત રેલવે ટ્રેક પર પડતુ મુકી દેતા અરેરાટી વ્યાપી ગઈ છે. પતિ, સાસુ અને સસરાના ત્રાસથી પરિણિતાઓ પુત્ર સાથે જીવન ટૂંકાવ્યુ હોવાનું સામે આવ્યુ છે. સાસરિયાઓ પર શારીરિક, માનસિક ત્રાસ આપવાનો આરોપ પરિજનોએ લગાવ્યો છે. બોડકદેવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ અંગે સાસરીયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. મહિલાઓ સોલા રેલવે ટ્રેક પર નીચે પડતુ મુકી આપઘાત કર્યો છે. પરિણીતાના ભાઈના લગ્નમાં જવા બાબતે ઝઘડો થયો હતો. હાલ પતિ, સાસુ અને સસરા સામે બોડકદેવ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**"એક પગલુ શિક્ષણ તરફ"નું સૂત્ર ખરા અર્થમાં ગરીબ બાળકો માટે સાર્થક**

# એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરત દ્વારા નવનિર્મિત સ્કૂલનાં મકાનનું ઉદ્ઘાટન

(એજન્સી) | ડાંગ તા.24



દક્ષિણ ગુજરાતની એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરત દેશભરમાં આગવી ઓળખ ધરાવે છે.જેમાં એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીનાં માલિક અશ્વિનભાઈ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ દિપકભાઈ મહેતાએ દક્ષિણ ગુજરાતનાં ગામડાઓમાં એક પગલુ શિક્ષણ તરફ ભરી માનવતાનાં મૂલ્યોનો સંદેશો આપ્યો છે. ડાંગ જિલ્લાનાં આદિવાસી બાળકોને પાયાની અધતન સગવડો મળી રહે તે માટે એથર ઈન્ડસ્ટ્રીઝ સુરત દ્વારા અનેક જગ્યાએ નવી શાળાઓ,છાત્રાલયો, કોલેજોનું નિર્માણ કરી સેવાનું ભગીરથ કાર્ય હાથ ધરાયુ છે. આજરોજ ડાંગ જિલ્લાનાં અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા સંચાલિત ચિચીનાગાવઠા આશ્રમશાળાનાં નવી સ્કૂલનાં મકાનનું ઉદ્ઘાટન ચિચીનાગાવઠા ગ્રામ પંચાયતનાં સરપંચ સંકેતભાઈ બંગાળ તથા એથર ગ્રુપનાં માલિક અશ્વિનભાઈ દેસાઈ અને પૂર્ણિમાબેન દેસાઈનાં હસ્તે રીબીન કાપી બાળકો માટે ખુલ્લું મુકાયુ હતુ.આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડાનાં મંત્રી જાનાભાઈ ગાયકવાડ દ્વારા કરવામાં આવ્યુ હતુ.અહી કાર્યક્રમમાં ચિચીનાગાવઠા આશ્રમશાળાનાં વિદ્યાર્થીઓએ સ્ટેજ પર વિવિધ રંગારંગ કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમનાં અધ્યક્ષ અને ચિચીનાગાવઠા ગ્રામ પંચાયતનાં સરપંચ સંકેતભાઈ બંગાળે જણાવ્યું હતુ કે એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શિક્ષણ માટે શરૂ કરેલ સેવાકીય કાર્યો સરાહનીય છે.સાથે ચિચીનાગાવઠા ગામે નવી સ્કૂલ,કોલેજનું નિર્માણ અંગે ગામનાં પ્રથમ નાગરિક તરીકે ખુશી વ્યક્ત કરી દાતાઓનો ગ્રામજનોવતી આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે એથર ઈન્ડસ્ટ્રીઝનાં દીપકભાઈ મહેતાએ જણાવ્યું હતુ કે એથર ઈન્ડસ્ટ્રીઝનો મુખ્ય હેતુ આદિવાસી ગરીબ વિદ્યાર્થીઓમાં સાક્ષરતા વધારવાનો છે.

# જાફરાબાદ : સાગરખેડૂ માછીમારીની નવી સિઝન બની કષ્ટદાયક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.24

જાફરાબાદ સાગરખેડૂઓની નવી સિઝન બની કષ્ટદાયક તા/૨૨/૧૧/૨૦૨૫ના રોજ મળતી માહિતી મુજબ મધદરિયે માછીમારી કરવા ગયેલી ગણેશ પ્રસાદ નામની બોટ માં ટંડેલ રામભાઇ જીણાભાઇ બાંભણિયા ને મધદરિયે બોટમાં જાળ નાખતી વખતે અચાનક છાતી માં દુખાવો ઉપડતા તેઓએ બોટમાં કામગીરી ખલાસી ભાઈઓ ને કહેતા ખલાસીઓ દ્વારા તાત્કાલિક ધોરણે પીપાવાવ કોસ્ટ ગાર્ડ ને જાણ કરતા કોસ્ટ ગાર્ડ પોષે ત્યાં તો ટંડેલ નુ મૃત્યુ નિપજ્યું હતું તેવો જ બીજો બનાવ જાફરાબાદ થી ૧૫ નોટીકલ માઈલ દૂર દરિયામાં એક ખલાસી ગુમ, થયા ની માહિતી પ્રાપ્ત થઇ રહી છે. જેમાં પરિવારે મરીન પોલીસ-પીપાવાવ કોસ્ટ ગાર્ડ ને કરી જાફરાબાદ નો એક માછીમાર યુવાન નું નામ જસંવતભાઇ રામજીભાઇ બારૈયા દરિયામાં લાપતા હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે શનિવારે દરિયામાં માછીમારી કરવા નીકળ્યા તે સમયે ખલાસી લાપતા હોવાનું જણાય છે. જે લગભગ જાફરાબાદ થી આશરે ૧૫ નોટીકલ માઈલ દૂર દરિયાની ઘટના છે. ખલાસી 'આનંદ સાગર' નામની બોટમાં માછીમારી કરવા જઈ રહ્યા હતા.મળતી માહિતી મુજબ, જાફરાબાદ થી 'આનંદ સાગર' નામની બોટમાં ખલાસી માછીમારી કરવા નીકળ્યા હતા. આ દરમિયાન એક ખલાસી ગુમ થયો હતો. ખલાસી ગુમ થતાં માછીમારોમાં ચિંતાનો માહોલ છવાયો છે. તમને જણાવી દઈએ કે, માછીમારી કરવા જતાં ખલાસીઓ ગુમ થતાં હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. જેને લઈને માછીમારોના પરિવારમાં હંમેશા ડર રહેતો હોય છે. દરિયામાં ખલાસી ગુમ થવાની ઘટનાને લઈને માછીમાર બોટ એસોસિયેશનના પ્રમુખે આ અંગે જાફરાબાદ મરીન પોલીસ અને પીપાવાવ કોસ્ટ ગાર્ડને જાણ કરી છે.

# વટવા GIDCમાં પૂર્વ પ્રેમિકાના ભાઈની હત્યાનો આરોપી ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં 23 નવેમ્બરની રાત્રે પ્રેમ-સંબંધની દાઝમાં એક કમકમાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. ત્રણ વર્ષ જૂના તૂટેલા સંબંધની દાઝમાં યુવકે તેની પૂર્વ પ્રેમિકાના ભાઈને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી રહેંસી નાખીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાના ગુના મામલે પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી હતી. મળતી માહિતી મુજબ, વટવા GIDC પોલીસ સ્ટેશનને રાત્રે લગભગ 11:30 વાગ્યાની આસપાસ હત્યાના બનાવ અંગે જાણ થઈ હતી. તાત્કાલિક પોલીસની ટીમ ત્રિકમપુરા કેનાલ પાસે ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં પોલીસને 23 વર્ષીય મનીષ ભવરલાલ સુથારનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્લાસ્ટિકના દાણાનો વેપાર કરતા મનીષના મોઢા, ગળા અને હાથ પર તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા હતા, જેના કારણે તેનું મૃત્યુ ઘટનાસ્થળે જ થઈ ગયું હતું. વટવા GIDC પોલીસ સ્ટેશનના પી.આઈ. દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરાતાં જાણવા મળ્યું હતું કે, આ હત્યા પાછળનું મુખ્ય કારણ પ્રેમ સંબંધનો ખટરાગ હતો. મૃતક મનીષની બહેન અને આરોપી અશ્વિન તેજમલસિંહ ઝાલા (ઉં.વ. 24) વચ્ચે લગભગ ત્રણ વર્ષ પહેલાં મિત્રતા થઈ હતી.

# અડીયા-ચંદ્રુમાણા-સેવાળા-ચાણસ્મા-મંડ્લોપ-મણીયારી-મીઠિધારીયાલ રોડની કામગીરી ઝડપ સાથે પ્રગતિ હેઠળ

(એજન્સી) પાટણ | તા.24



માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ પાટણ દ્વારા હારીજ પેટા વિભાગ હસ્તકના અડીયા-ચંદ્રુમાણા-સેવાળા-ચાણસ્મા-મંડ્લોપ-મણીયારી-મીઠિધારીયાલ રોડ કી.મી. ૦/૦ થી ૨૭/૧૪૦ માર્ગના મજબુતીકરણ અને સમતલીકરણનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. સરકારશ્રી દ્વારા તા. ૧૬/૧૨/૨૦૨૪ના પત્રથી કુલ રૂ. ૧૩૧૦.૦૦ લાખનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત કી.મી. ૦/૦૦ થી ૧૪/૨૦૦ દરમ્યાન હયાત માર્ગને ૫.૫૦ મીટર પહોળાઈમાં રીસરફેસીંગ અને સ્ટ્રેન્થનીંગ, સાથે સી.સી. રોડ, સીડીઓ, રોડ ફર્નિશિંગ તેમજ પ્રોટેક્શન વોલ જેવી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઈજારદાર શ્રી વિકાસ કન્સ્ટ્રક્શન કો., પાટણ ને તા. ૧૩/૦૫/૨૦૨૫ના વર્ક ઓર્ડર મુજબ પ્રોજેક્ટ કાર્ય સોંપવામાં આવ્યો છે.

**રસ્તાના વિકાસથી થશે લોકકલ્યાણકારી લાભો**

- મજબુતીકરણને કારણે રસ્તાની ગુણવત્તા વધશે, અકસ્માતોની સંભાવના ઘટશે, મુસાફરોએ વધુ સુરક્ષિત પ્રવાસ મેળવી શકશે.
- સંચાર સુવિધાઓ સુધરવાથી વેપાર-વાણિજ્યમાં વધારો થશે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળશે.
- માર્ગ નિર્માણ તથા જાળવણી કામગીરી દરમિયાન સ્થાનિકોને રોજગારી તકો ઉપલબ્ધ થશે.
- માર્ગની સારી સપાટી મુસાફરીનો સમય ઘટાડશે, જેના કારણે ઈંધણની બચત થશે.
- રસ્તાના વિકાસથી ગ્રામ્ય વિસ્તારોને શિક્ષણ, આરોગ્ય અને અન્ય જરૂરી સેવાઓ સુધી ઝડપી અને સરળ પહોંચ મળશે.
- માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ પાટણ દ્વારા જાહેર હિતના આ મહત્વપૂર્ણ માર્ગ વિકાસ પ્રોજેક્ટને ઝડપ અને ગુણવત્તા સાથે પૂર્ણ કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

# ત્રીસ પાંત્રીસ વર્ષના સુખી લગ્ન જીવનમાં પતિ પત્નીના સબંધો શા માટે બગડે છે...?

**જિંદગી ના ગુણાકાર ભાગાકાર કરવા બેસું છું ને,**
**ત્યારે બધા આંકડાની બાદબાકી થઇ જાય છે ને,**
**અંતે પરિણામ શૂન્ય મળે છે...**

અચાનક પુરુષ લગ્ન ના ત્રીસ પાંત્રીસ વર્ષે એની તન,મન અને દિલ થી સેવા કરનાર પાર્ટનરને હાથ માં રૂપિયા નો સિક્કો દેખાડીને બોલવા લાગે કે "આ પણ મળશે નહી" ત્યારે સમજવું કે માનસિક તાણ માં વધારો થયો હશે. લગ્ન ના ત્રીસ પાંત્રીસ વર્ષ સુધી માં ભણેલી ગણેલી સ્ત્રી ઓ ગૃહિણી બની ચૂકી હોવાના લીધે સંપૂર્ણપણે પતિ પર આર્થિક રીતે નિર્ભર હોય છે.ભારતીય સંસ્કૃતિ લગ્ન બાદ સ્ત્રીઓ નોકરી ધંધોના ચક્કર માં ફસાવવા ના બદલે ગૃહિણી બને એ વધારે ઈચ્છે છે.વર્તમાન સમયમાં દીકરીઓ ભણીગણી ને પોતાનું ટાર્ગેટ એચિવ કર્યા બાદ જ લગ્ન કરે છે એ સમૃદ્ધ સમાજ ની નિશાની છે. લગ્ન બાદ ગૃહિણી પત્ની, માતા,વહુ,ભાભી નો ખિતાબ મેળવે છે એ બાદ કાળેક્રમે મુખ નું તેજ થી લઈને માનસન્માન બધું જ ગુમાવી દેતી હોય છે. પતિ અને બાળકોની વાતો નું મજાક મશ્કરી પાત્ર બની જતી હોય છે.આ વાત નાની ઉંમરે સ્ત્રીઓ નજરઅંદાજ કરે છે પરંતુ અચાનક પચાસ પંચાવનની ઉંમરની સ્ત્રીને પતિ અને બાળકો ની મજાક મસ્તી થી લઈને ગુસ્સા માં પતિ ના મુખેથી "ઘર માંથી નીકળી જા"વગેરે વગેરે વાક્યો સ્ટ્રેસ આપવા લાગે છે. ઘણી વખત ડિપ્રેશન માં આવી ને સારા પરિવારની સ્ત્રીઓ ઘરમાં જ આત્મ હત્યા નો માર્ગ પકડતી હોય છે ને અમુક ઘર ત્યજી ને બાકીની જિંદગી રખડતી ભટકતી જીવી નાખતી હોય છે. કારણ શું? માન્યું કે ભારતીય સમાજ ના "લગ્ન સંસ્થા ના જટીલ નિયમો" ને લીધે પતિ પત્ની નું જીવન વિના કારણ આજીવન જેલ ની બેડી બની જતા એનો ભોગ પુરુષો કરતા સ્ત્રીઓ વધારે બનતી હોય છે.આ કારણોસર પતિ પત્ની વચ્ચે નાની નાની વાતો માં ખટરાગ વધવા લાગે છે.જો કે વિશ્વ માં ભારત જ એક એવો દેશ છે જ્યાં પતિ પત્ની ની મેરીડ લાઈફ લાખો તકરાર બાદ પણ મૃત્યુ સુધી સમાધાનકારી વલણ ને લીધે ટકે છે એટલે તો કહેવત "ઝઘડા પતિ પત્ની વચ્ચે ને પ્રેમ પડોશી સાથે"...



મેનોપોઝની મુઝવણ
- રુપાલી દવે

વિચારો કે એવું તે શું કારણ હશે કે અચાનક ત્રીસ પાંત્રીસ વર્ષ ના સુખી લગ્ન જીવન માં પતિ પત્ની ના સબંધો બગડી ને વણસી જતા હોય છે? એકબીજા પર વિના કારણ દોષારોપણ, એકબીજા ને દુઃખી કરવાની યોજનાઓમાં મગ્ન રહેવું,મિનિટ માં પત્ની મોનાલીસા અને બીજી મિનિટ માં ડાકણ વગેરે વગેરે સમસ્યા પાછળનું શું કારણ? આધુનિક સમય માં વધતા જતા ડિવોર્સ અને આંતરિક ખટરાગ નું મુખ્ય કારણ પુરુષ કરતા સ્ત્રીઓના સ્વભાવને લોકો માનતા હોય છે પરંતુ સમાજ એ ભૂલે છે કે તાળી એક હાથે નથી પડતી બે હાથે જ પડે છે. આ સમસ્યા પાછળ સામાજિક કારણ તો બિલકુલ નથી પરંતુ ઉંમર ના અમુક પડાવ પર પ્રવેશ્યા બાદ થતા શારીરિક કારણો મોટાભાગે જવાબદાર છે.

વિજ્ઞાન અનુસાર મોટાભાગે પચાસ થી પંચાવન નું વર્ષ એ સ્ત્રી માં એસ્ટ્રોજન અને પુરુષ માં ટેસ્ટોસ્ટેરેન નું પ્રમાણ ઘટે એ સમય ને મેનોપોઝનો પીરીયડ માનવામાં આવે છે.આ ગાળા દરમિયાન સ્ત્રીના શરીર માં અમુક હોર્મોન્સ ની ખામી થવાના લીધે એના શરીર થી લઈને સ્વભાવમાં ખાસ્સો ફર્ક આવી જતો હોય છે.જેમકે વાત વાત માં ચિડાઈ જવું,વજન વધવું,વાત વાતમાં ગુસ્સો વધવો,ભોજન માં અરુચિ,શંકાશીલ સ્વભાવ વગેરે સાથે અનેક માનસિક સમસ્યાઓ થતી હોય છે. મહિલાઓ માં મોનીપોઝ ના લક્ષણો દેખાવવા લગતા હોય છે કેમકે મેનોપોઝ બાદ મહિલાઓ પ્રજનન કરી શકતી નથી.આ સમસ્યાઓ તો બન્ને ને થાય છે પરંતુ બન્ને ના મેનોપોઝ ની સમસ્યામાં ઘણી સમાનતા અને તફાવત છે.જે રીતે સ્ત્રીઓ ની માનસિક,શારીરિક સમસ્યાઓ માં વધારો થાય છે એ જ રીતે પુરુષ ને પણ મોનીપોઝ નો સમય ગાળો પરેશાન કરતો હોય છે.



આ સમય ગાળા દરમિયાન પુરુષ ના વાણી,વિચારો અને વર્તન માં અચાનક ધરખમ પરિવર્તન આવવા લાગે છે. પુરુષનું આજીવન પત્ની સમર્પિત હોય છે પરંતુ અચાનક મેનોપોઝ ની સમસ્યા થતા પત્ની તરફનું વર્તન બદલાવવા લાગે છે,કેમ? મેનોપોઝ દરમિયાન પુરુષો માં ટેરેસ્ટોસ્ટેરન તત્વનું પ્રમાણ ઘટવા ને લીધે સેક્સ સબંધી સમસ્યા ઓમાં વધારો થવા લાગે છે. હાલાકી સ્ત્રી અને પુરુષ ની સરખી સમસ્યા માં સ્ત્રી માતા બની શકતી નથી પરંતુ પુરુષ પિતા બની શકે છે. મોનોપોઝ દરમિયાન પુરુષો માં થતી મુખ્ય સમસ્યાઓ : ઉર્જાની કમી,ડિપ્રેશન,આત્મ વિશ્વાસ ઘટવો,ઊંઘ આવવી,કામેચ્છા ઓછી થવી, ચરબી માં વધારો થવો,માનસિક રોગ સાથે હદય રોગ અને કેલેસ્ટ્રોલ જેવા રોગ થવાની સંભાવના પણ જોવા મળે છે. આ સમસ્યા થી સ્ત્રી કે પુરુષે ગભરાવવા ની જરૂર નથી બાળક માંથી યુવાન થવુ અને યુવાન માંથી પ્રૌઢ થવા જેવી જ શરીર ની પ્રક્રિયા માની એક પ્રક્રિયા મેનોપોઝની છે.નોકરી બિઝનેસ ના કાર્ય માં અતિ વ્યસ્ત પુરુષો ને તો મેનોપોઝ ની સમસ્યા અનુભવાતી પણ નથી હોતી.આમ પણ પુરુષો ની સરખામણી માં સ્ત્રીઓને મોનોપોઝ સમસ્યા વધારે હેરાન પરેશાન કરી દેતી હોય છે.મેનોપોઝ ની સમસ્યા માં પુરુષો ને વધારો થયો હોય એવું લાગે તો TRT રિપ્લેસમેન્ટ થઈ શકે પરંતુ એના લીધે પ્રોસ્ટેટ અને હૃદય રોગ નું જોખમ વધી શકે છે. મોનોપોઝ ની સમસ્યા કાયમી નથી હોતી અમુક સમય ગાળા પૂરતી જ હોય છે તો એનાથી ગભરાવવા ની જરૂર નથી. જો તમે ગભરાઈ ગયા તો અનેક રોગ કાયમી ધામા નાખી ને શરીર ની અંદર બેસી જશે. આપણું આધ્યાત્મિક વિજ્ઞાન કહે છે કે દરેક રોગ નું મૂળ મન છે જેવું મન એવું સ્વાથ્ય. કોરોના કાળ દરમિયાન ઘર પરિવાર,સગા સબંધીઓના ફોન આવતા ત્યારે એનો ભય "કોરોના થઈ જશે તોગયા..મતલબ સ્વાહા..".. સાંભળતા જ લેખક ના સ્વભાવ મુજબ સલાહ ના સુર માં બોલતી હતી કે "જો ડર ગયા વો સમજો મર ગયા" કોરોના નો પાસવર્ડ છે એટલે પરિસ્થતિ સામે હથિયાર મૂકવા ને બદલે ભગવાન શ્રી કૃષ્ણ નું વાક્ય "પાર્થ ને કહો ચડાવે બાણ.." નું અનુસરણ કરશો તો કોરોના ના બાપ ને પણ રણછોડી ને ભાગવું પડશે. ત્યારે લોકો આપણી વાત ને લેખકો સાવ પાગલ હોય છે બોલીને મજાક ઉડાડતા હતા પણ પાછળ થી કોરોનાની લહેરો માં આપણે બચી ગયા ત્યારે મજાક ઉડાડનારા એ સહર્ષ "જો ડર ગયા વો સમજો મર ગયા.." ને સ્વીકારી લીધું હતું. મેનોપોઝ ની સમસ્યાની એક જ દવા "મન" છે એને પ્રફુલિત રાખશો તો વિકટરી હાથ વેંગી સમજો.તમને પ્રેમ કરનાર તમને તમારી સમસ્યા માં ચોક્કસ સાથ આપશે એટલે ચિતા સમાન ભય ને બાય બોલો...

# પ્રેમીએ અઘટિત માગણી કરતા સગીરાએ ઘર છોડ્યું

## ગરીબ પરિવારની દીકરીને શહેરમાં લાવી મહિલાએ તમામ જવાબદારી ઉઠાવી; સગો પુત્ર-સંગીરા સાથે રહેતાં પ્રેમમાં પડ્યાં

(એજન્સી) મહેસાણા | તા. 24

મહેસાણા પંથકમાં એક અજીબ કિસ્સાઓ સામે આવ્યો હતો. એક પરિવારમાં સાથે રહેતાં સગીરા અને સગીર વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. ઘરમાં કોઈ હાજર ન હોવાથી સગીર પ્રેમીએ સગીરા પાસે અઘટિત માગણી કરી હતી, જેથી સગીરા ઘર છોડીને નીકળી ગઈ હતી. રોડ પર એકલી સગીરા રડતી હોવાની કોઈએ અભિયમને જાણ થતાં તુરંત 181ની ટીમ સ્થળે પહોંચી હતી.

અભિયમની ટીમે સગીરાને મદદ કરવાનો વિશ્વાસ આપતા તેણીએ પોતાની આપવીતી જણાવી હતી. સગીરાના જણાવ્યાં પ્રમાણે 181ની ટીમે તેનાં પ્રેમીના ઘરે પહોંચી હતી. અહીં કાઉન્સેલર સાથે સગીર પુત્રની માતાએ ચર્ચા કરતા કહ્યું કે, પોતાના ગામમાં રહેતા એક ગરીબ પડોશીને ચાર સંતાન હતા. પરિવારની ગરીબી વચ્ચે તે ચાર સંતાનોનું સારું ઘડતર કરી શકે તેમ ન હોવાથી તેઓ એક સગીરાને તેના માતા-પિતાની સંમતિથી પોતાની સાથે શહેરમાં પોતાના ઘરે લાવ્યા હતા. અહીં તેઓ સગીરાને ભણાવવાથી લઈ ઉછેરવા માટેનો તમામ ખર્ચ કરી પોતાના સંતાનની જેમ રાખતી હતી.

જોકે, મહિલા સાથે 'ધર્મ કરતા ધાડ પડે' તેવા સંજોગ સર્જાયા હતાં. મહિલાને એક સગીર વયનો પુત્ર પણ છે. પાડોશમાં રહેતાં અને સાથે રમતા-ભણતા સગીરા અને સગીર એક બીજાના ખૂબ નજીક આવ્યાં હતાં. અપરિપક્વ ઉંમરમાં બન્ને વચ્ચે પ્રેમ થયો હતો. આ અંગેની શંકા જતા મહિલાએ બન્નેને અલગ રહેવા સમજાવ્યું હતું, પરંતુ તેનો પુત્ર આ સગીરાનો પીછો છોડતો ન હતો.

આ અંગે મહિલાએ સગીરાના માતા-પિતાને જાણ કરતા તેમને પણ કોઈ યોગ્ય પ્રત્યુતર આપ્યો ન હતો. ત્યારે એક દિવસ મહિલા ઘરે હાજર ન હતી, ત્યારે તેના પુત્રએ સગીરા સાથે અઘટિત માંગણી કરતા તે ત્યાંથી ભાગી હતી. હાલમાં મહિલાએ આ સગીરાને પોતાના ઘરે રાખવી અસુરક્ષિત હોવાનું કહેતા ટીમે સગીરાને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીને ધ્યાને મૂકી ઘરે પરત સોંપી હતી.




## ફરિયાદ કરવા આવ્યો ત્યારે બૂમ બરાડા પાડ્યા અને ટેરેસ પરથી પડતું મૂક્યું, કમ્પાઉન્ડમાં જ દમ તોડ્યો

# સુરતમાં પોલીસ સ્ટેશનના ચોથા માળેથી કૂદી યુવકનો આપઘાત



(એજન્સી) સુરત | તા. 24

સુરતના લિંબાયત પોલીસ સ્ટેશનના ટેરેસ પરથી કૂદીને યુવકે આપઘાત કર્યો છે. ચાર માળના લિંબાયત પોલીસ સ્ટેશનના ટેરેસ પરથી યુવકે મોતની છલાંગ લગાવી હતી. સ્ટેશનના કમ્પાઉન્ડમાં પટકાતા ઘટનાસ્થળે જ યુવકનું મોત નીપજ્યું છે. પોલીસની હાજરીમાં યુવક ટેરેસ પર કેવી રીતે પહોંચો તેને લઈને પણ સવાલો ઉભા થયા છે. ફરિયાદ કરવા આવેલો યુવક ટેરેસ પરથી કૂદીને આપઘાત કરતા અનેક સવાલો ઊભા થયા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આપઘાત કરનાર યુવકની ઉંમર 35થી 40 વર્ષ જેટલી લાગી રહી છે. આજે (24 નવેમ્બર) પોલીસ સ્ટેશન પર કોઈ રજૂઆત કરવા અથવા ફરિયાદ કરવા આવ્યો હતો. ત્યારબાદ અચાનક જ ટેરેસ પર પહોંચી ગયો હતો અને ત્યાંથી કૂદી ગયો હતો. ઘટના અંગેની જાણ થતા પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને યુવકની તપાસ કરતા તેનું મોત થઈ ચૂક્યું હતું. યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ સાથે જ લિંબાયત પોલીસ દ્વારા યુવકની ઓળખ સહિત તેના પરિવાર સુધી પહોંચવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. પરિવાર સહિતની વિગત આવ્યા બાદ વધુ માહિતી સામે આવશે. પોલીસ સ્ટેશનમાં યુવકના આપઘાતના પગલે લિંબાયત પોલીસની કામગીરી પર પણ સવાલ ઊભા થઈ રહ્યા છે. પોલીસની હાજરીમાં આ યુવક ટેરેસ પર કઈ રીતે પહોંચી ગયો તે એક મોટો સવાલ છે. હાલ તો એસીપી ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોલીસ સ્ટેશન દોડી ગયા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

એસીપી વી.એમ.જાડેજાએ જણાવ્યું હતું કે, સવારના લગભગ 9.30ની આસપાસ એક અજાણ્યો ઈસમ લિંબાયત પોલીસ સ્ટેશન ખાતે આવેલો અને પી.એસ.ઓ. પાસે આવી અને બધી વાતો કરતો હતો, જેના ઉપરથી એ માનસિક અસ્થિર હોય એવું જણાતું હતું. એ બાદ એકવાર નીચે ઉતરે છે, ફરીવાર આવે છે અને બેસીને મારે ફરિયાદ કરવી છે. એટલે શું ફરિયાદ કરવી છે છે તે એના વાતો પરથી કંઈ સ્પષ્ટ નહોતું થતું. પછી હું બાથરૂમ કરવા જઉં છું એમ કરીને બાથરૂમ તરફ આવે છે અને દરમિયાન અહીંયા ઉપર જે પતરાનું કામ ચાલુ હોય છે, એટલે ટેરેસનો દરવાજો ખુલ્લો હતો. એટલે એ દાદરા ચડી અને ઉપર જાય છે એટલે પોલીસને ખ્યાલ આવે છે કે આ ઉપર ગયો છે અને એની પાછળ દોડે છે. એ દરમિયાન એ જે ટેરેસની પાળી છે, એના ઉપરથી જંપ મારી અને નીચે કૂદી પડે છે. એટલે સ્થળ ઉપર જ તેનું મૃત્યુ નીપજે છે. તેથી પોલીસે હાલ અકસ્માત મોત દાખલ કરી અને આગળની તપાસ ચાલુ છે.

### 'યુવક કોણ છે ક્યાંનો રહેવાસી છે, તેની તપાસ ચાલું'

એસીપી વી.એમ.જાડેજાએ વધુમાં જણાવ્યું કે, યુવક કોણ છે અને ક્યાંનો રહેવાસી છે, તેની તપાસ કરવામાં આવી રહી છે. યુવક પાસેથી કોઈ મોબાઈલ ફોન કે ઓળખના પુરાવા મળી આવ્યા નથી. પોલીસ સ્ટેશનમાં યુવકની વાતચીત અને વર્તન પરથી તે માનસિક અસ્થિર હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે.

યુવકે કયા કારણોસર આ આપઘાત કર્યો છે તે જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે. યુવકની ઓળખ મેળવવા માટે પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી છે અને સાંજ સુધીમાં યુવકની ઓળખ મેળવ્યા બાદ આપઘાત પાછળનું સચોટ કારણ જાણી શકાશે. યુવક કોણ છે ક્યાંનો રહેવાસી છે, તેની તપાસ કરવામાં આવી રહી છે. યુવકે આપઘાત ક્યાં કારણોસર કર્યો તે કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### સમા પોલીસે ગાંજાના જથ્થા સાથે એકને દબોચ્યો, એક આરોપી વોન્ટેડ

વડોદરા | વડોદરા શહેરનેના સમા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પોલીસે બાતમીના આધાર રેડ કરી 725 ગ્રામ ગાંજો (કિં.રૂ. 36,250) સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ મામલે સમા પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલ આરોપી સામે અગાઉ NDPS અને હત્યાના પ્રયાસનો ગુનો હોવાનું સામે આવ્યું હતું.

આ કાર્યવાહીમાં પોલીસે ભરતભાઈ પ્રતાપસિંહ ચૌહાણ (રહે. મકાન નં. 36, નેહરૂનગર, ફતેહબાગ સોસાયટી પાસે, સંજયનગર, સમા) ને ઝડપી તેના ઘરે ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમ્યાન આરોપીના ઘરેથી ગાંજો મળી આવતા તેની પૂછપરછ કરતા આ ગાંજો તેને હરીશ ઉર્ફે કાંતી માછી નામના વ્યક્તિએ આપ્યો હોવાનું જણાવ્યું હતું. આ મામલે આરોપીની શોધખોળ ચાલુ છે.

સમા પોલીસે આરોપીના ઘરેથી 725 ગ્રેન ગાંજો જેની કિંમત રૂપિયા 36250, ગાંજો પેક કરવાની પ્લાસ્ટિકની થેલીઓ, મોબાઈલ સહિત કુલ રૂપિયા 46,250નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી ભરતભાઈ ચૌહાણ પહેલેથી જ ગુનેગાર છે. તેની સામે NDPS એક્ટ હેઠળ 2021 અને 2023માં બે ગુના તેમજ હત્યાનો પ્રયાસ (કલમ 307) અને સરકારી આદેશનો ભંગ (કલમ 188) સહિતના અન્ય ગુનાઓમાં સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે.

### એક વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

જુનાગઢ | જૂનાગઢ જિલ્લામાં ગુનાઓ આચરીને લાંબા સમયથી ફરાર રહેલા આરોપીઓને ઝડપી પાડવાની પોલીસની ઝુંબેશ વચ્ચે,જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ભવનાથ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના એક ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે મોરબીથી કરશન ઉર્ફે મોસીયો પાંચાભાઈ ડાભીને પકડી પાડવામાં આવ્યો છે.

જૂનાગઢ રેન્જના આઈજી નિલેશ જાજડીયા અને એસપી સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પીઆઈ કે. એમ.પટેલની ટીમે નાસતા-ફરતા આરોપીઓને શોધવાની કામગીરી વધુ સઘન બનાવી હતી.આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પો.હેડ કોન્સ. વનરાજસિંહ ચુડાસમા, પોલીસ કોન્સ. દેવેનભાઈ સિંધવ અને અજયસિંહ ચુડાસમાને ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સોર્સથી ચોક્કસ માહિતી મળી હતી. ભવનાથમાં આરોપી કરશન ઉર્ફે મોસીયો પાંચાભાઈ ડાભી વિરુદ્ધ રોહી બિશન નો ગુનો નોંધાયો હતો જે આરોપી મોરબી ખાતે રહીને ગુજરી બજારમાં કામ કરે છે.આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે મોરબી ખાતે તપાસ શરૂ કરી હતી અને છેલ્લા એક વર્ષથી પોલીસની પકડમાંથી દૂર રહેલો આ આરોપી કરશન ઉર્ફે મોસીયો પાંચાભાઈ ડાભીને ઝડપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જાતિગત અપમાનના આરોપ બાદ ચોકી(સોરઠ)માં તંગદિલી...

# ચોકી ગામમાં VCE -પૂર્વ સરપંચ વચ્ચે મારામારી

(એજન્સી) જૂનાગઢ | તા. 24

જૂનાગઢ તાલુકાના ચોકી (સોરઠ) ગ્રામ પંચાયત કચેરીમાં ખેડૂત સહાય ફોર્મ ભરવાના મુદ્દે થયેલા વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ગઈકાલે બપોરના સમયે અનુસૂચિત જાતિના VCE કેતનભાઈ મોહનભાઇ સોલંકી અને ગામના પૂર્વ સરપંચ ભીખાભાઈ વેલજીભાઈ કોટડીયા વચ્ચે થયેલા ઉગ્ર ઝઘડા બાદ બંને પક્ષે સામ-સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર મામલો એટલો વકર્યો છે કે આજે ગામમાં સ્વયંભૂ બંધ પાળવામાં આવ્યો છે અને VCEને બરતરફ કરવાની માગ કરવામાં આવી છે.

ગ્રામ પંચાયત કચેરીમાં VCE તરીકે ફરજ બજાવતા કેતનભાઈ સોલંકીએ ગામના પૂર્વ સરપંચ ભીખાભાઈ વેલજીભાઈ કોટડીયા સામે ગંભીર ફરિયાદ નોંધાવી છે. જેમાં કેતનભાઈ ઓફિસમાં ખેડૂત સહાયના ફોર્મ ભરવાનું કામ કરી રહ્યા હતાં, ત્યારે ભીખાભાઈએ આવીને આક્ષેપ કર્યો કે કેતનભાઈ ખેડૂતો પાસેથી ફોર્મ ભરવાના 100 ઉઘરાવે છે. જ્યારે કેતનભાઈએ આ આક્ષેપ નકાર્યો અને ટી.ડી.ઓ.ને ફરિયાદ કરવાની વાત કરી, ત્યારે ભીખાભાઈ ઉશ્કેરાયા હતાં.

ભીખાભાઈએ જાહેરમાં તેમને જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો કહ્યા હતા,જેમાં તેમણે જણાવ્યું કે, 'તારે અહીં ગ્રામ પંચાયતમાં કામ કરવાનો અધિકાર નથી. મારે તને આ કામમાંથી કાઢવો છે.' જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા બાદ ઓફિસની લોબીમાં જ ભીખાભાઈએ કેતનભાઈને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો અને તેમના પિતાને પણ ગાળો આપીને 'તમારા સમાજને અહીં આવવાનો અધિકાર નથી' તેમ કહ્યું હતું.

બીજી તરફ હાલના મહિલા સરપંચના સસરા અને પૂર્વ સરપંચ ભીખાલાલ વેલજીભાઇ કોટડીયાએ પણ VCE કેતન સોલંકી અને તેના 6 કુટુંબીજનો વિરુદ્ધ ક્રોસ ફરિયાદ નોંધાવી છે. જેમાં ભીખાલાલની ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સરકારી સબસિડીના કામ માટે VCE પાસે 8/અ કઢાવવા ગયા હતા. આ સમયે તેમણે VCE પર પાક સહાયના ફોર્મ ભરવાના પૈસા લેવાનો આક્ષેપ મૂક્યો હતો અને તેની પાસે પુરાવા તરીકે રેકોર્ડિંગ હોવાનું જણાવ્યું હતું.



**'નિકળી જા ઓફીસ બહાર' |** આ આક્ષેપોથી કેતન સોલંકી ઉશ્કેરાયા અને ભીખાલાલને 'નિકળી જા ઓફીસ બહાર' કહીને કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો. બાદમાં કેતને ફોન કરીને પોતાના કુટુંબીજનોને બોલાવ્યા હતાં, જેમાં તેના માતા-પિતા, ભાઈ રજનીશભાઈ, કુટુંબી કાકા પ્રવીણભાઈ અને નીતાબેન સોલંકી સહિત કુલ 6 આરોપીઓ સ્થળ પર આવી ગયા હતા. તમામ છ લોકોએ પંચાયત ઓફિસનો ડેલો બંધ કરી દીધો અને ગ્રાઉન્ડમાં ભીખાલાલ સાથે ઝપાઝપી કરીને શરીરે ઘૂંસાનો માર માર્યો હતો. આરોપી પ્રવીણ ચના સોલંકીએ તો ભીખાલાલને 'હવે અમે જોઈએ છીએ કે તું વાડીએ કેમ જા છો ? અમારે આડે ક્યાંય આવતો નહીં નહીંતર જાનથી મારી નાખશું' તેવી ગંભીર ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે.

### 'આક્ષેપ કરાયો છે તે તદ્દન પાયા વિહોણો છે'-VCE

આ મામલે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા VCE કેતન સોલંકીએ જણાવ્યું હતું કે, પૂર્વ સરપંચ ભીખાલાલ કોટડીયા હાલના મહિલા સરપંચના સસરા છે અને પોતે ભારતીય જનતા પાર્ટીની વગ ધરાવે છે. મારા પર સહાયના ફોર્મ ભરવાના 100 લેવાનો આક્ષેપ કરાયો છે તે તદ્દન પાયા વિહોણો છે. તેમણે વધુમાં કહ્યું કે ગ્રામ પંચાયતમાં સીસીટીવી કેમેરા લાગેલા છે અને ફોર્મ ભરવા આવેલા ખેડૂતો પાસેથી એક પણ રૂપિયો ન લીધો હોય તેવા પુરાવા પણ છે. તેમણે સ્પષ્ટતા કરી કે તેમનો પરિવાર ભીખાલાલ પર હુમલો કરવા નહીં, પરંતુ તેમને બચાવવા માટે ત્યાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાને પગલે ચોકી (સોરઠ) ગામનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. પૂર્વ સરપંચના સમર્થનમાં ગામના લોકોએ આજે સ્વયંભૂ બંધ પાળ્યો હતો. ઉપસરપંચ હિતેશ આસોદરિયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે જે બનાવ બન્યો, તેમાં પૂર્વ સરપંચ ભીખાલાલે VCE કેતન સોલંકીને માત્ર એટલું જ પૂછ્યું હતું કે, 'તું સહાય ફોર્મના 100 શા માટે ઉઘરાવે છે?' આ મામલે કેતન સોલંકીએ માજી સરપંચ ભીખાલાલ કોટડીયા વિરુદ્ધ ખોટી ફરિયાદ નોંધાવી છે.

# દીકરી સાથે અઘટિત ઘટના બની તેવા પરિવારના આક્ષેપો

(એજન્સી) વડોદરા | તા. 24

ભરૂચ જિલ્લામાં આવેલ નેત્રંગની 11 વર્ષીય બાળકીને 22 નવેમ્બરના રોજ વડોદરાની સયાજી હોસ્પિટલમાં રાજપીપળાથી રેફરી કરી સારવાર માટે લાવવામાં આવી હતી. આ બાળકીને ડાયાબિટીસ અને શ્વાસની તકલીફ હોવાથી અર્ધ બેભાન અવસ્થામાં સયાજી હોસ્પિટલમાં પીડિયાટ્રીક વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. આજે બાળકી સારવાર દરમ્યાન મોત નીપજતા પરિવારજનોએ બાળકી સાથે અઘટિત ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ મામલે પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. આ મામલે બાળકીના દાદાએ જણાવ્યું હતું કે, આ દીકરી મારી પ્રપૌત્રી છે. આ છોકરી સાથે ગત તારીખ 12 ના રોજ કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી હતી. તે ઘરે આવા માટે કોલ કર્યો હતો દરમ્યાન ગામનો એક છોકરો એની બહેનને મૂકવા માટે આ છાત્રાલયમાં ગયો હતો. જેથી તેઓની મેડમે કોલ કરી કહ્યું કે તમારા ગામનો છોકરો આવેલો છે તો તમારી દીકરીને તેની સાથે બેસાડી દઉં છું જેથી તે ત્યાંથી નીકળી હતી.

વધુમાં કહ્યું કે, તે છોકરો ગામની સીમમાં તુવેર અને કપાસ ખેતરમાં તેની સાથે રેપ કર્યો હતો. બાળકીની તબિયત સારી ન હોવાથી ત્રણ દિવસ બાદ સ્નાન કરાવવા લઈ ગયા ત્યારે તેના શરીર પર નિશાનો જોઈ તેની કાકી દ્વારા પૂછપરછ કરતા બાળકોએ જણાવ્યું હતું કે, મારી સાથે ખરાબ થયું છે તમે કોઈને કહેતા નહીં મને મારી નાખવાની ધમકી આપી છે.

# ભરૂચમાં AQI 500 દર્શાવતાં લોકોમાં ખળભળાટ મચી ગયો : ટેક્નિકલ ખામીને કારણે ખોટા આંકડા દેખાયાનું સામે આવ્યું : હાલ AQI 135...

(એજન્સી) ભરૂચ | તા. 24

ભરૂચ કલેક્ટર કચેરી બહાર લગાવવામાં આવેલા એર ક્વૉલિટી ઈન્ડેક્સ (AQI) ડિસ્પ્લે બોર્ડે અચાનક 500 AQI દર્શાવતાં શહેરમાં ક્ષણિક ખળભળાટ મચી ગયો હતો. જોકે, પાછળથી જાણવા મળ્યું કે આ ટેક્નિકલ ખામીને કારણે ખોટા આંકડા દેખાયા હતા.

સામાન્ય રીતે ભરૂચનો AQI 135થી 150ની આસપાસ રહે છે. પરંતુ, બોર્ડ પર અનેક ગણો વધુ ઝેરી સ્તર દર્શાવતા સ્થાનિકોમાં ભય અને આશંકા ફેલાઈ હતી. AQI 500નો સ્તર અત્યંત જીવલેણ ગણાય છે, જેમાં નાગરિકોને ઘર બહાર ઓછું નીકળવું અને આઉટડોર પ્રવૃત્તિઓ ટાળવાની સલાહ અપાય છે. નગરપાલિકા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ને જાણ થતાં તાત્કાલિક તપાસ હાથ ધરાઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, ડિસ્પ્લે યુનિટમાં ટેક્નિકલ ખામી સર્જાતા ખોટા આંકડા દેખાઈ રહ્યા હતા. તંત્રએ AQI બોર્ડ સ્થાપનાર ખાનગી એજન્સીને તાત્કાલિક સમારકામ કરવાની સૂચના આપી છે.




હાલમાં ભરૂચનો હકીકતી AQI 135ની આસપાસ જ નોંધાઈ રહ્યો છે. આ ઘટનાને લઈને આગેવાનો દ્વારા તંત્ર પર આક્ષેપ કરવામાં આવ્યા છે કે, ગુણવત્તા ચકાસ્યા વગર જ ડિસ્પ્લે બોર્ડનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સામાજિક કાર્યકર ધવલ કનોજીયાએ GPCB સહિતના અધિકારીઓ સામે રોષ ઠાલવ્યો હતો. AQI સ્તર હવાના પ્રદૂષણની ગુણવત્તા દર્શાવે છે. 0-50 'સારી' હવા સૂચવે છે, જ્યારે 51-100 'મધ્યમ' ગણાય છે. 101-200 'ખરાબ', 201-300 'ખૂબ ખરાબ', 301-400 'ગંભીર' અને 401-500 'અત્યંત ઝેરી' હવા દર્શાવે છે, જે ગંભીર આરોગ્ય જોખમ ઊભું કરે છે.

AQI બોર્ડ હવામાંથી નાના કણોનો નમૂનો ખેંચી સેન્સર દ્વારા માપે છે. આ ડેટાને કમ્પ્યુટર મોડ્યુલ વાંચીને રીઅલ-ટાઈમ AQI મૂલ્ય ડિસ્પ્લે બોર્ડ પર બતાવે છે. આ ડેટા નેટવર્ક દ્વારા GPCB/પોલ્યુશન બોર્ડના સર્વર સુધી પણ મોકલાય છે. ક્યારેક ટેક્નિકલ ખામી, નેટવર્ક ઈશ્યૂ અથવા સેન્સર બ્લોક થવાથી ખોટા આંકડા પણ દેખાઈ શકે છે.

## વિકૃત આનંદ માટે ST બસ અને ખાનગી વાહનોને નિશાન બનાવી કાચ તોડતા હતા

# પાટણ LCBએ વાહનોના કાચ તોડતી ગેંગના 2 સભ્યોને ઝડપ્યા

(એજન્સી) પાટણ | તા 24

પાટણ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ટી. બસો અને ખાનગી વાહનોના કાચ તોડીને ભય ફેલાવતી ગેંગના બે સભ્યોને ઝડપી પાડ્યા છે. આ ઈસમો માત્ર વિકૃત આનંદ મેળવવા માટે વાહનોને નુકસાન પહોંચાડી રહ્યા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ અને બે મોબાઈલ મળી કુલ 30,000/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જ્યારે ગેંગનો એક સભ્ય હજુ ફરાર છે.

આ ઘટનાઓ પાટણ જિલ્લાના સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ટી. બસ અને અન્ય વાહનોના કાચ તોડીને જાહેર જનતામાં ભય ફેલાવવાના મામલાઓ સામે આવ્યા બાદ પાટણ LCBએ કાર્યવાહી કરી હતી. ગત તારીખ 18/11/2025 ના રોજ રાત્રિના સમયે પાટણથી શિહોરી હાઈવે રોડ પર આવેલા મોટા નાયતા ગામ નજીક અજાણ્યા ઈસમોએ બાઈક પર આવીને શામળાજીથી દિયોદર રૂટની ST બસ પર પથ્થરમારો કર્યો હતો અને તેના કાચ તોડીને 15,000/-નું નુકસાન પહોંચાડ્યું હતું.




આ જ રીતે, અન્ય બે ST બસો અને ખાનગી માલિકીના એક ટર્બોના પણ કાચ તોડીને નુકસાન કરવામાં આવ્યું હતું. આ અંગે સરસ્વતી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

પ્રજામાં ભયનો માહોલ ઊભો કરનાર આ વણશોધાયેલ ગુનાને ગંભીરતાથી લઈ પોલીસ મહાનિરીક્ષક, સરહદી રેન્જ, ભુજ ચિરાગ કોરડીયા અને પોલીસ અધિક્ષક, પાટણ વી.કે. નાયી દ્વારા LCB પાટણને આ ગુનો શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હતી. LCB પાટણની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસની મદદથી તપાસ હાથ ધરી હતી. આ તપાસના અંતે, આ અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાયેલા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલ આરોપીઓમાં પ્રજાપતિ ધવલ જયંતિભાઈ અને ઠાકોર રણજીતજી રમેશજી નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગુનો કરવાનો મુખ્ય હેતુ માત્ર ગાડીઓના કાચ તોડીને 'વિકૃત આનંદ' મેળવવાનો હતો.

# મોરબીમાં મોબાઈલ ટાવરમાંથી કોપર વાયર ચોરી કરનાર બે ઝડપાયા

(એજન્સી) મોરબી | તા. 24

મોરબી નજીક મોબાઈલ ટાવરમાંથી કોપર વાયરની ચોરી કરનાર બે આરોપીઓની મોરબી તાલુકા પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી ચોરીનો કોપર વાયર અને ગુનામાં વપરાયેલી ઈકો કાર સહિત કુલ રૂ. 1.15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ અંગે વાવડી રોડ, ગાયત્રીનગર, મોરબીના રહેવાસી રવિરાજસિંહ ઓમકારસિંહ જાડેજા (ઉં.વ. 32) એ ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, લક્ષ્મીનગર ગામની સીમમાં રામદેવ હોટલ પાસે આવેલા મોબાઈલ ટાવરમાંથી જુદી જુદી માપ સાઈઝના કોપર કેબલ વાયરની ચોરી થઈ હતી, જેની કિંમત આશરે રૂ. 30,000 હતી. પોલીસે અજાણ્યા ચોરોને પકડવા તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસ ટીમને ખાનગી બાતમી મળી હતી કે ચોરી કરેલો કોપર વાયર એક ઈકો કારમાં ધરમપુરથી મોરબી તરફ લાવવામાં આવી રહ્યો છે. ધરમપુર ગામના સ્મશાન પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થઈ રહેલી ઈકો કાર નંબર GJ 3 DN 2551ને રોકાવી તપાસ કરતા તેમાંથી ચોરી કરીને મેળવેલો કોપર કેબલ વાયર મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર કાટીયા નરશી દેવીપૂજક (ઉં.વ. 32, રહે. કંકાવટી, તા. ધ્રાંગધ્રા) અને દીલીપ પોપટ દેવીપૂજક (ઉં.વ. 35, રહે. વાલબાઈની જગ્યા પાસે, ધ્રાંગધ્રા)ની ધરપકડ કરી હતી.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો.

**કર્ક : ડ. હ.**

માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે.

**સિંહ : મ. ટ.**

સંતોષી જીવન માટે તમારી માનસિક દ્ઢતામાં વધારો કરો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**તુલા : ર. ત.**

આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**વૃશ્ચિક : ન. ય.**

બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે.

**મકર : ખ. જ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ઢૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે.

## ટીડીઓને તલાટીને છૂટા કરવાની સત્તા જ નથી

# મહુધા ટીડીઓનો મનમાની ભર્યો આદેશ રદ મેડિકલ પુરાવા અવગણી મહિલા તલાટીને છૂટા કરવાનો પ્રયાસ

નડિયાદ: ખેડા જિલ્લામાં વહીવટી અધિકારીઓ વચ્ચે સત્તાના દુરુપયોગનો એક ગંભીર મામલો સામે આવ્યો છે, જેમાં જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ)એ મહુધા તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) દ્વારા મહિલા તલાટી કમ મંત્રીને ફરજ પરથી છૂટા કરી દેવાનો આદેશ તાત્કાલિક અસરથી રદ કર્યો છે. ડીડીઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ટીડીઓનો આદેશ સંપૂર્ણપણે નિયમ વિરુદ્ધ અને સત્તા બહારનો હતો.મહુધા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી નઝરાના મુલતાનીને મહુધા ટીડીઓ જ્યોતિ દેસાઇ દ્વારા ૧૦.૧૧.૨૦૨૫ના રોજ એકતરફી છૂટા કરી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો, જેમાં તેમને જિલ્લા કચેરી ખાતે હાજર થવા જણાવાયું હતું.ટીડીઓએ આ કાર્યવાહી માટે કારણ આપ્યું હતું કે તલાટી મુલતાની વારંવાર માંદગીના કારણે રજા લેવા ટેવાયેલા છે અને તેમણે ફરજ પર ગંભીર બેદરકારી અને નિષ્કાળજી દાખવી છે, જેના કારણે ગ્રામ પંચાયત ખૂંટજની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે.

જોકે, આ વિવાદ જ્યારે જિલ્લા વિકાસ અધિકારી સુધી પહોંચ્યો, ત્યારે ડીડીઓએ આ હુકમની કાયદેસરતાનું અવલોકન કર્યું. ડીડીઓએ તારણ કાઢ્યું કે:સત્તાનો અભાવ: તલાટી કમ મંત્રી કેડરના કર્મચારીની નિમણૂક સત્તાધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારી છે અને કચેરીના વડા જિલ્લા વિકાસ અધિકારી છે. આ સંજોગોમાં, તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ)ને તલાટી કમ મંત્રીને એકતરફી છૂટા કરવાની કોઈ કાયદાકીય સત્તા પહોંચતી જ નથી. મેડિકલ પુરાવા અવગણાયા: મહિલા તલાટી નઝરાના મુલતાનીએ ખુલાસો રજૂ કર્યો હતો કે, ત્રણ મહિના પહેલા તેમને અકસ્માત થયો હતો, પગમાં ગંભીર ઈજા થતાં ૧૦.૯.૨૦૨૫ના રોજ રાજકોટમાં સર્જરી કરાવવી પડી હતી. ડોક્ટરે તેમને ૪૫ દિવસના સંપૂર્ણ આરામની સલાહ આપી હતી, જેના કારણે તેઓ ફરજ પર હાજર થઈ શક્યા નહોતા.ડીડીઓએ નોંધ્યું કે, મહિલા તલાટીના પતિ દ્વારા ૩૧.૧૦.૨૦૨૫ના રોજ ઈ-મેઈલથી રાજકોટ સિવિલ હોસ્પિટલનું સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ટીડીઓ જ્યોતિ દેસાઈએ આ સિવિલ સર્જનના પ્રમાણપત્રને સંપૂર્ણપણે નજરઅંદાજ કરીને છૂટા કરવાનો ગેરકાયદેસર આદેશ કર્યો હતો. ડીડીઓએ સ્પષ્ટતા કરી કે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરના પ્રમાણપત્રના આધારે પણ મેડિકલ રજા મંજૂર કરી શકાય છે.આમ, ટીડીઓ જ્યોતિ દેસાઈનો સત્તા બહાર જઈને અને નિયમોને અવગણીને કરેલો ટીડીઓનો આદેશ રદ કરીને મહિલા તલાટીને ફરજ પર ફરી હાજર થવા માટેનો આદેશ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે.આ ઘટનાથી મહુધા તાલુકોમાં ટીડીઓ જ્યોતિ દેસાઈની મનમાની અને આપખુદશાહી સામે આવી છે. જિલ્લા પંચાયતના હુકમથી એ પણ નોંધ લેવામાં આવી છે.

## સ્કૂલ બસ ડ્રાઈવર વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

# મા-દિકરીને સ્કૂલ બસ અડફેટે લેતા મહિલાને ઈજા સ્કૂલ બસ અકસ્માત

ભાવનગર:તળાજા તાલુકાના માખણીયા ગામેથી એક્ટિવા પર તળાજા તરફ આવી રહેલા માતા-પુત્રીને સ્કૂલ બસે અડફેટે લેતા ગંભીર સ્કૂલ બસ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મહિલાને ઈજા પહોંચી છે, જ્યારે તેમની પુત્રીનો આબાદ બચાવ થયો છે. બનાવ અંગે બેફિકરાઈથી વાહન ચલાવનાર સ્કૂલ બસ ચાલક વિરુદ્ધ તળાજા પોલીસ મથકમાં કાયદેસરનો ગુનો નોંધવામાં આવ્યો છે. તળાજાના માખણીયા ગામના વતની અને હાલ તળાજામાં રહેતા બિનલબેન અશ્વિનભાઈ સુતરીયા ગતરોજ સાંજના સમયે પોતાની દીકરી સાથે એક્ટિવા લઈને માખણીયા ગામેથી તળાજા તરફ આવી રહ્યા હતા.માતા-પુત્રીનું એક્ટિવા જ્યારે રાળગોન નજીક પહોંચ્યું, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી 'જય જનની સ્કૂલ'ની બસે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બિનલબેન એક્ટિવા પરથી નીચે પટકાયા હતા અને તેમને શરીરે ઈજાઓ પહોંચી હતી. જોકે, સદનસીબે તેમની પુત્રીને ગંભીર ઈજાઓથી બચી ગઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ઈજાગ્રસ્ત બિનલબેન સુતરીયાને પ્રાથમિક સારવાર અપાયા બાદ, તેમણે આ બેદરકારીભર્યા સ્કૂલ બસ અકસ્માત માટે સ્કૂલ બસના ડ્રાઈવરને જવાબદાર ઠેરવીને કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. બિનલબેને આ સમગ્ર બનાવ અંગેની વિસ્તૃત ફરિયાદ તળાજા પોલીસ મથકમાં નોંધાવી છે.

## મામૂલી વળતર મળતા

# જામનગરમાં ડુંગળીના ભાવ ન મળતા ખેડૂતો હતાશ: ખર્ચ પણ ન નીકળતા ખેતરમાં પાક પર ફેરવ્યું ટ્રેક્ટર

જામનગર: એક તરફ સરકાર ખેડૂતોને સમૃદ્ધ બનાવવાના મોટા દાવા કરી રહી છે, ત્યારે જામનગર ખેડૂત છગનભાઈ સોરઠિયાની કરુણતાએ આ દાવાઓની પોલ ખોલી દીધી છે. જામનગરના જોડિયા તાલુકાના લીંબુડા ગામે રહેતા ખેડૂત છગનભાઈએ ડુંગળીનો પાક તૈયાર કર્યો હતો, પરંતુ બજારમાં ડુંગળીના ભાવ ન મળતા ખેડૂતો હતાશ થઈને તેમણે મજબૂરીમાં આખા પાક પર રોટાવેટર ફેરવી દીધું છે. જામનગર ખેડૂત છગનભાઈ સોરઠિયાએ જણાવ્યું કે, હાલમાં બજારમાં લીલી ડુંગળીનો ભાવ માત્ર પ્રતિ મણ ૫૦ રૂપિયા મળી રહ્યો છે. જ્યારે એક વીઘા ડુંગળીના પાક પાછળ ખેડૂતોને અંદાજે ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ જેટલો મોટો ખર્ચો થાય છે.

ખર્ચ સામે આવક ન મળતા ખેડૂતોને ભારે નુકસાનીનો વારો આવ્યો છે. જામનગર પંથકમાં આ વખતે લીલી ડુંગળીનું ઉત્પાદન મબલખ પ્રમાણમાં થયું છે, તેમ છતાં ભાવ ન મળતા ખેડૂતોએ પાક પર ટ્રેક્ટર ફેરવીને પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.

## જેસરના બીલા ગામે છકડાની અડફેટે

### 4 વર્ષના માસૂમ બાળકનું કરૂણ મોત

ભાવનગર:ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના બીલા ગામે એક અત્યંત ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક ચાર વર્ષના માસૂમ બાળકનું કરૂણ મોત નિપજ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે. જેસરના બીલા ગામે એક બેફિકરાઈથી ચલાવાતા થ્રી-વ્હીલ છકડાએ માસૂમ બાળક અનિરુદ્ધ ભમ્મરને જોરદાર ટક્કર મારી અડફેટે લીધો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ચાર વર્ષના અનિરુદ્ધનું કરૂણ મૃત્યુ થયું હતું. માસૂમ બાળકનું અકસ્માતમાં મોત થતાં તેના પરિવારમાં ભારે શોક અને ગમગીનીનો માહોલ છવાયો છે.

## નર્મદામાં બીજી દુર્ઘટના

# તિલકવાડા રેલવે સ્ટેશન નજીક અંડરગ્રાઉન્ડ કામગીરીમાં વીજ કરંટથી શ્રમિકોના મોત

નર્મદા: નર્મદા જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાની બેદરકારીના કારણે વધુ એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. તિલકવાડા રેલવે સ્ટેશન નજીક ચાલી રહેલી અંડરગ્રાઉન્ડ કામગીરી દરમિયાન જમીનની અંદર રહેલા જીવંત વીજ વાયરના સંપર્કમાં આવી જવાથી બે શ્રમિકોના કરુણ મોત નિપજ્યાં છે. વીજ કરંટથી શ્રમિકોના મોત થતાં ઘટનાસ્થળે હાજર અન્ય લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.આ ઘટનાની જાણ થતાં જ તિલકવાડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક તિલકવાડા રેલવે સ્ટેશન નજીક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, નર્મદામાં બીજી દુર્ઘટના એક જ મહિનાના ગાળામાં આ બીજી ગંભીર ઘટના બની છે. આ અગાઉ ગત ૨૬ ઓક્ટોબરના રોજ ગડેશ્વર ખાતે નર્મદા ઘાટના નવીનીકરણના કામ દરમિયાન ભેખડ ધસી પડતાં એકતેશ્વર ગામના ત્રણ શ્રમિકોના મોત થયા હતા. અંડરગ્રાઉન્ડ કામગીરી, શ્રમિકોના જીવ જોખમમાં મૂકતી વિભાગીય બેદરકારી સામે તંત્ર કડક પગલાં લે તેવી માંગણી ઊઠી છે.

## ચેકિંગ દરમિયાન ભાંડો ફૂટ્યો

# જામનગરમાં રોફ જમાવવા ગયેલો 'નકલી પોલીસ' અસલી રેલવે પોલીસના હાથે ઝડપાયો



જામનગર | જામનગરના ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી રેલવે પોલીસે એક નકલી પોલીસ ઝડપાયો છે. આ શખ્સ પોતાને રેલવેના પોલીસ કર્મચારી તરીકે ઓળખ આપીને રિક્ષા ચાલકો પાસે રોફ જમાવતો હતો અને મફતમાં મુસાફરી કરાવવાની માંગણી કરતો હતો, ત્યારે જ તે અસલી રેલવે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. રેલવે પોલીસ સ્ટાફના હરદેવસિંહ જાડેજા અને લાભુભાઈ ગઢવી સહિતનો સ્ટાફ ગાંધીનગર રેલવે સ્ટેશન અને તેના આસપાસના વિસ્તારમાં નિયમિત ચેકિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન, એક રિક્ષા ચાલક મારફતે પોલીસને બાતમી મળી હતી કે એક વ્યક્તિ પોતાને 'એસ.એમ.સી.નો કોન્સ્ટેબલ' તરીકે ઓળખ આપીને બધા રિક્ષા ચાલકો પાસે ધાક જમાવી રહ્યો છે.આ બાતમીના આધારે રેલવે પોલીસે શંકાસ્પદ અજાણ્યા વ્યક્તિની પૂછપરછ શરૂ કરી અને તેનું ઓળખ પત્ર (આઈડી કાર્ડ) માંગ્યું હતું. શખ્સે ટાળવાનો પ્રયાસ કરતા કહ્યું કે તેનું ઓળખ પત્ર ઘરે રહી ગયું છે.

ત્યારબાદ, એએસઆઈ શક્તિસિંહ વાઢેર દ્વારા સઘન તપાસ કરવામાં આવતા આ શખ્સની ઓળખ બુધા ઉર્ફે બ્રિજેશ સિયાભાઈ ચાસીયા (ઉંમર ૩૧) તરીકે થઈ હતી, જે દેવભૂમિ-દ્વારકા જિલ્લાના બાટીસા ગામનો રહેવાસી છે.

પોલીસની વધુ તપાસમાં ખુલાસો થયો કે બુધા ઉર્ફે બ્રિજેશ ચાસીયા હકીકતમાં એસ. એમ.સી. વિભાગમાં ફરજ બજાવતો નહોતો. ખોટી ઓળખ આપીને લોકોને છેતરવા અને ગેરકાયદેસર રીતે લાભ મેળવવાના પ્રયાસ બદલ રેલવે પોલીસે તેની તાત્કાલિક અટકાયત કરી હતી.આ શખ્સ વિરુદ્ધ જામનગર રેલવે સ્ટેશન પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) ની કલમ ૨૦૪ (જાહેર કર્મચારી તરીકેની ઓળખ આપીને છેતરપિંડી કે ગેરલાભ લેવાનો પ્રયાસ) હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગામલોકોનો સીધો સવાલ | જીવ ગયા પછી જ તંત્ર અને નેતાઓની નિષ્ક્રિયતા દૂર થશે?

# છોટાઉદેપુર ડિલિવરી કાચા રસ્તે ઝોળીમાં: નેતાઓની 'ખાતમુહૂર્ત'ની રાહમાં માતા-બાળકનો જીવ જોખમમાં

છોટાઉદેપુર : ગુજરાતમાં ભલે કરોડોના વિકાસના બણગાં ફૂંકાતા હોય, પરંતુ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના આંતરિયાળ ગામોમાં આજે પણ પ્રસુતા મહિલાઓ બાળકને જન્મ આપવા માટે જીવનના જોખમે સંઘર્ષ કરવા મજબૂર છે. તંત્રની બેદરકારી અને ચૂંટાયેલા નેતાઓની નિષ્ક્રિયતાના કારણે ઘુમના ગામની એક સગર્ભા મહિલાને કાચા રસ્તે ઝોળીમાં ડિલિવરી કરવાની કરુણ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. આ ઘટના વિકાસના દાવા કરતા તંત્ર માટે એક જોરદાર તમાચો સમાન છે.નસવાડી તાલુકાના ડૂબાણમાં ગયેલા ઘુમના ગામમાં રહેતી સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને



જાણ કરી હતી. જોકે, ગામ તરફનો ખેંદા સુધીનો રસ્તો એટલો કાચા રસ્તાનો ભોગ બનેલો છે અને બિસ્માર હાલતમાં છે કે ૧૦૮ એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકી નહોતી. એમ્બ્યુલન્સને ૬ કિલોમીટરનું લાંબુ અંતર ફરીને સાંકડીબારી ગામે ઊભા રહેવું પડ્યું હતું.સમયનો બગાડ કર્યા વિના, લાચાર પરિવારજનોએ સગર્ભાને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા માટે ખાટલાની ઝોળી બનાવીને ખુદ ઊંચકીને કાચા રસ્તે દોડ્યા હતા. તેમનો પ્રયાસ હતો કે તેઓને છોટીઉંમર ગામે ઊભી રહેલી ખાનગી જીપ દ્વારા સાંકડીબારી સુધી પહોંચાડી શકાય.કમનસીબીએ અહીં પણ પીછો ન છોડ્યો. પ્રસુતા માતા ૧૦૮ સુધી પહોંચે તે પહેલાં જ, છોટાઉદેપુર ડિલિવરીની આ કરુણ ઘટનામાં રસ્તામાં ખુલ્લામાં જ તેમની ડિલિવરી થઈ ગઈ હતી. ગ્રામજનો સીધો સવાલ કરી રહ્યા છે કે, 'જો આ રસ્તો બની ગયો હોત, તો માતાને આટલી હાલાકી ન પડી હોત. શું કોઈ માતા અથવા બાળકના જીવ ગયા પછી જ તંત્ર અને ચૂંટાયેલા નેતાઓ ધ્યાન આપશે?' છોટાઉદેપુર ડિલિવરીની આ ઘટના સ્થાનિક પ્રશાસન અને નેતાઓની પ્રાથમિકતાઓ પર ગંભીર સવાલો ઊભા કરે છે.

## જર્જરિત પુલ ઉપર અસામાન્ય ભાર: કવાંટનો બ્રિજ સર્જી શકે છે ગંભીરા-૨ ની શક્યતા

# છોટાઉદેપુર બ્રિજ બનશે 'ગંભીરા-૨'? બ્રિજ પરના ગાબડામાંથી દેખાય છે નદી, રેલિંગની જગ્યાએ લગાવાયા વાંસ

છોટાઉદેપુર: તાજેતરમાં વડોદરા-આણંદને જોડતા ગંભીરા પુલની દુર્ઘટનાની કરુણતા હજી વિસરાઈ નથી, ત્યાં છોટાઉદેપુર બ્રિજને લઈને મોટો ખતરો ઊભો થયો છે. કવાંટ અને છોટાઉદેપુર જિલ્લાને જોડતા અત્યંત વ્યસ્ત રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-56) પરનો એક મહત્ત્વનો પુલ હાલમાં 'ટાઈમ બૉમ્બ' જેવી સ્થિતિમાં છે, પરંતુ જિલ્લાનું માર્ગ અને મકાન (R&B) વિભાગ સંપૂર્ણપણે બેદરકારીની ઊંઘમાં છે. સ્થાનિકોના મતે, આ છોટાઉદેપુર બ્રિજ ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે, જેના કારણે ગંભીરા-૨ ની શક્યતા જોવા મળી રહી છે.કવાંટ નજીકથી પસાર થતી કરા નદી પરનો આ પુલ જૂનો અને જર્જરિત હોવાને કારણે



'મૃત્યુના માર્ગ' સમાન બની ગયો છે. પુલ ઉપરના માર્ગ પર ઠેર-ઠેર મસ મોટા ખાડા, ઊંડી તિરાડો અને ભૂવા પડી ગયા છે. પુલની ગંભીરતા એ હદે છે કે અનેક ગાબડાંમાંથી નીચે વહેતી નદી સ્પષ્ટપણે જોઈ શકાય છે, જે પુલની માળખાકીય અખંડિતતા પર ગંભીર સવાલ ઊભા કરે છે.માત્ર માર્ગ જ નહીં, પરંતુ સુરક્ષા વ્યવસ્થા પણ કથળી ગઈ છે. પુલની પેરાફીટ (પારદીવાલ) અનેક જગ્યાએ તૂટીને ખુલ્લી પડી છે, જે રાહદારીઓ અને વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું કરે છે.R&B વિભાગની બેદરકારી અહીં ચરમસીમાએ જોવા મળે છે: આ ગંભીર જોખમ નિવારવા માટે તંત્રએ તૂટેલી પેરાફીટની જગ્યાએ માત્ર વાંસની રેલિંગ લગાવીને સંતોષ માન્યો છે. જ્યાં વાંસ નથી, ત્યાં ખુલ્લી તૂટેલી પેરાફીટ ગમે ત્યારે અકસ્માત નોતરી શકે છે.આ છોટાઉદેપુર બ્રિજ પરનું જોખમ ત્યારે બે ગણું વધી જાય છે જ્યારે છોટાઉદેપુરથી બોડેલી તરફ જતા નેશનલ હાઈવે નંબર ૫૬ ઉપરનો ભારજ નદી પરનો બ્રિજ છેલ્લા બે વર્ષથી તૂટેલો છે. આ કારણે તમામ ભારે વાહનોનું ડાયવર્ઝન કવાંટના આ જર્જરિત બ્રિજ પરથી કરવામાં આવ્યું છે.

## લૂંટેરી દુલ્હન કેસ

# લગ્ન માટે જરૂરી ખોટા દસ્તાવેજ બનાવવામાં મદદ કરનાર નોટરની બહુચરાજી પોલીસે કરી ધરપકડ

(એજન્સી) મહેસાણા | તા.24

ગુજરાતમાં લગ્નના પવિત્ર બંધનને વ્યાપાર બનાવી દેનાર અને અનેક યુવકોના જીવન બરબાદ કરનાર મહેસાણાની કુખ્યાત 'લૂંટેરી દુલ્હન' ગેંગના કેસમાં પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. બહુચરાજી પોલીસે આ કૌભાંડમાં કાયદાકીય મદદ પૂરી પાડનાર અને બોગસ દસ્તાવેજો તૈયાર કરી આપનાર નોટરી વકીલની ધરપકડ કરી છે.મહેસાણા જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બનેલા આ કેસમાં પોલીસે અગાઉ મુખ્ય સૂત્રધાર 'લૂંટેરી દુલ્હન' ચાંદની ઠાકોર, તેની સાગરીત રશ્મિકા પંચાલ અને દલાલ રાજેશ ઠક્કર સહિત 4 આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આ ટોળકીને કાયદાકીય ગૂંચવણોથી બચાવવા અને યુવકોને વિશ્વાસમાં લેવા માટે બનાવટી દસ્તાવેજોની જરૂર પડતી હતી. આ કામમાં મદદ કરનાર નોટરી વકીલ ભીમજી ચૌહાણનું નામ ખુલતા બહુચરાજી પોલીસે તેની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટોળકીનો મોડસ ઓપરેન્ડી (Modus Operandi) એકદમ ચોંકાવનારો હતો. દલાલ રાજેશ ઠક્કર અમદાવાદ સહિતના વિસ્તારોમાંથી લગ્ન માટે ઉત્સુક અને જરૂરિયાતમંદ યુવકોને શોધતો હતો.યુવકોને ફસાવવા માટે નોટરી વકીલ ભીમજી ચૌહાણની મદદથી બોગસ આધાર-પુરાવા અને મેરેજ કરાર તૈયાર કરવામાં આવતા, જેથી યુવકોને શંકા ન જાય.લગ્ન કર્યાના થોડા જ દિવસોમાં 'દુલ્હન' ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ લઈને રફૂચક્કર થઈ જતી હતી.52 લાખની ઠગાઈ અને 1200 દલાલોનું નેટવર્ક પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ ટોળકીએ અત્યાર સુધીમાં અંદાજે 18 જેટલા લગ્નો કરાવીને યુવકો અને તેમના પરિવારો પાસેથી કુલ 52 લાખ રૂપિયા જેવી માતબર રકમ પડાવી લીધી છે.

# ગુજરાતી સાહિત્ય પરિષદના આંગણે વાર્તારસની ઉજાણી... બાળકોએ મન મૂકીને મજા કરી



**વાર્તા, જોડકણા, કવિતા અને ઉખાણાંની ભરમાર થઈ ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ બાળકોની ગુંજથી જીવંત થઈ ઊઠ્યું હતું. બાળકોને ઉખાણામાં બહુ મજા આવી.**



(એજન્સી) અમદાવાદ | તા.24

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા 22-11- 25 શનિવાર સાંજે 4 થી 6 દરમિયાન શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન ખાતે પ્રસ્તુત વાર્તારસની મસ્ત મજેદાર ઉજાણી થઈ હતી. જેમાં વાર્તા, જોડકણા, ઉખાણા, ગીતો સાથે હાસ્યની રંગતમાં બાળકો તરબતર થયા હતા. આ ઉજાણીમાં સર્જક તરીકે ડૉ. સ્નેહલ નિમાવત, અને ડૉ. વિધિ ઓઝા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સંયોજક છે નટવર ગોહેલ, અને અવિવાશ પરીખ. સંચાલન કરશે નટવર ગોહેલે કર્યું હતું. જ્યારે આયોજકો છે શ્રી સમીર ભટ્ટ, ભીખેશ ભટ્ટ, ભરત મહેતા, સેજલ શાહ, રૂપા શેઠ ( મંત્રીશ્રીઓ). કાર્યક્રમનું સ્થળ શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળ કિશોર સાંસ્કૃતિક ભવન, ગુજરાત સાહિત્ય પરિષદ અમદાવાદ હતું.

બાળકોએ મન મૂકીને મજા કરી. વાર્તા, જોડકણા, કવિતા અને ઉખાણાંની ભરમાર થઈ ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ બાળકોની ગુંજથી જીવંત થઈ ઊઠ્યું હતું. બાળકોને ઉખાણામાં બહુ મજા આવી. ડૉ. સ્નેહલ નિમાવતે બાળકોને જુદા જુદા ઉખાણા પૂછ્યા હતા. આ ઉખાણાના જવાબ આપવામાં તેમણે ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. ડૉ વિધિ ઓઝાએ બાળકોને વાર્તા કીધી હતી. તેમણે બાળકોને બાળગીતો પર ડાન્સ પણ કરાવ્યો. બાળકોએ પૂરી એનર્જી સાથે બાળગીતો ગાયા.

અવિનાશ પરીખ અને નટવર ગોહેલે બાળકોને રમૂજ પૂરી પાડતી અને જ્ઞાનવર્ધક વાર્તાઓ કરી બાળકોને મોજ કરવી હતી. બાળકોએ આ કાર્યક્રમમાં મસ્તી અને મજા કરાવી. બાળકો કાર્યક્રમની વિવિધતાથી પ્રભાવિત થયા અને નવું નવું શીખીને ગયા.

## જામનગર બુટલેગર પકડાયો

# ખોડીયાર કોલોની નજીક બાવળની ઝાળીમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો કબજે

જામનગર: જામનગરમાં દારૂની બદીને ડામવા માટે સીટી સી. ડિવિઝન પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે ખોડીયાર કોલોની નજીકના વિસ્તારમાં એક નામચીન જામનગર બુટલેગર પકડાયો છે, જે મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂ સંતાડતો હતો.સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફે બાતમીના આધારે ખોડીયાર કોલોની નજીકના નિર્જન સ્થળે આવેલી બાવળની ઝાળીમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન, બીપીન ઉર્ફે લાકડી કારાભાઈ મુછડીયા નામનો નામચીન દારૂનો ધંધાર્થી દારૂનો જથ્થો સંતાડતાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે ઘટનાસ્થળેથી બુટલેગર બીપીન ઉર્ફે લાકડી કારાભાઈ મુછડીયા પાસેથી ૯૮ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે તાત્કાલિક દારૂનો આ ગેરકાયદેસર જથ્થો કબજે કરી લીધો છે અને પકડાયેલા શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આરોપી બુટલેગરની સઘન પૂછપરછ દરમિયાન દારૂ સપ્લાય કરનાર મુખ્ય શખ્સનું નામ પણ ખુલ્યું છે. જામનગર વિસ્તારમાં રહેતા તુલસીભાઈ પમનાણી નામના શખ્સે આ દારૂનો જથ્થો સપ્લાય કર્યો હોવાનું સામે આવ્યું છે. જોકે, તુલસીભાઈ પમનાણી હાલ ફરાર હોવાથી પોલીસે તેને ફરાર જાહેર કરીને તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### સાર્વત્રિક વેચવાલીથી શેરબજારની માર્કેટબ્રેડ્થ નેગેટિવ થઇ છે

# સેન્સેક્સ 331 પોઇન્ટ ઘટી 84900 બંધ, નિફ્ટી 108 પોઇન્ટ તૂટ્યો, IT સિવાય તમામ ઈન્ડેક્સ ઘટ્યા

## સેન્સેક્સ નિફ્ટી સતત બીજા દિવસે ઘટીને બંધ થયા છે : IT શેરોમાં ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો

નવી દિલ્હી : શેરબજારમાં નરમાઇ યથાવત્ રહેતા સેન્સેક્સ નિફ્ટી સતત બીજા દિવસે ઘટીને બંધ થયા છે. સેન્સેક્સ 331 પોઇન્ટ ઘટી 84900 બંધ થયો છે. એનએસઇ નિફ્ટી 108 પોઇન્ટ ઘટી 25959 બંધ થયો છે. સેન્સેક્સ ટ્રેડિંગ રેન્જ 85,473 થી 84,710 હતી. આઈટી શેર સુધર્યા હતા પણ વેચવાલીના દબાણથી શેરબજાર રિકવર થઈ શક્યું ન હતું. આઈટી સિવાય તમામ ઈન્ડેક્સ ઘટ્યા છે.સેન્સેક્સ નિફ્ટી વૈશ્વિક બજારોના સકારાત્મક સંકેતો વચ્ચે સોમવારે સુધારા સાથે ખુલ્યા છે. સેન્સેક્સ 89 પોઇન્ટ વધીને 85320 ખુલ્યો હતો. તો એનએસઇ નિફ્ટી 60 પોઇન્ટની મજબૂતીમાં 26,122 ખુલ્યો હતો. આઈટી શેરમાં તેજીથી નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 580 પોઈન્ટથી વધુ ઉછળ્યો છે.

આઈટી શેરમાં તેજીથી નિફ્ટી IT ઈન્ડેક્સ 580 પોઈન્ટ ઉછળીને ઉંચા મથાળે ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેક્સના બ્લુચીપ શેર ટેક મહિન્દ્રા 2.7 ટકા, ઈન્ફોસિસ 2.2 ટકા, એચસીએલ ટેક 1.5 ટકા, ટીસીએસ અડધા ટકા મજબૂત છે. ભારતીય શેરબજારો સપ્તાહના પહેલા ટ્રેડિંગ સત્રમાં વૈશ્વિક બજારો તરફથી મળેલા સકારાત્મક સંકેતો વચ્ચે ઊંચા સ્તરે ખુલ્યા હતા, IT શેરોમાં ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો. જોકે ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર તણાવને કારણે રોકાણકારો સાવધ રહ્યા હતા.

### વૈશ્વિક બજારોની શું છે સ્થિતિ ?

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા વચ્ચે એશિયન શેરબજારો થોડા વધારા સાથે બંધ થયા. ઓસ્ટ્રેલિયાનો S&P/ASX 200 અને દક્ષિણ કોરિયાનો Kospi લગભગ 1 ટકા વધ્યો હતો, જ્યારે જાપાન રજા માટે બંધ હતો. ગયા અઠવાડિયે MSCI એશિયા પેસિફિક ઈન્ડેક્સ એપ્રિલ પછીનો સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો નોંધાવ્યો હતો. દરમિયાન, વોલ સ્ટ્રીટ શુક્રવારે ઊંચો બંધ થયો. અહેવાલો સૂચવે છે કે યુએસ Nvidia Corp. ને તેની H200 કૃત્રિમ બુદ્ધિ ચિપ્સ ચીનને વેચવાની મંજૂરી આપી શકે છે. S&P 500 અને Nasdaq અનુક્રમે 0.98 ટકા અને 0.88 ટકા વધ્યા હતા.

### લાલ નિશાનમાં માર્કેટ બંધ

જેથી બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા હતા.સેન્સેક્સ 331.21 પોઈન્ટના ઘટાડા સાથે 84,900 અંકે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 121.25 પોઈન્ટના ઘટાડા સાથે 25,946 અંકે બંધ થયો હતો.

### લીલા નિશાનમાં ખૂલ્યુ માર્કેટ

સવારે 9.31 કલાકે 30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ લગભગ 131 પોઈન્ટ વધીને 85,363 પર ખુલ્યો. તેણે તરત જ મજબૂતી દર્શાવી. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નિફ્ટી 50 46.50 પોઈન્ટ વધીને 26,114.65 અંકે ખૂલ્યો.

## યુરોપ પ્રવાસમાં તમારા માટે વ્યાપક પ્રવાસ વીમો શા માટે જરૂરી છે

નવી દિલ્હી: મોટાભાગના ભારતીયો જીવનમાં એક વખત યુરોપનો પ્રવાસ કરવાનું સપનું જોતા હોય છે. આવા પ્રવાસ માટે મહિનાઓનું આયોજન, બજેટ, બચત, વિઝાના અવરોધો પાર કરવા અને યોગ્ય કપડાંની પસંદગી જેવા અનેક કામો સામેલ હોય છે. પ્રવાસ માટે ભાવનાત્મક અને નાણાકીય રોકાણ સાથે તમારે વ્યાપક પ્રવાસ વીમો લેવાનું એક મહત્વપૂર્ણ પગલું પણ લેવું જોઈએ.પોલિસીબજાર. કોમમાં પ્રવાસ વીમાના વડા મીત કાપડિયાએ જણાવ્યું કે, 'શેનગેન વિઝા માટે લઘુત્તમ 30,000 યુરોનું વીમા કવચ જરૂરી હોય છે, પરંતુ તે માત્ર બેઝલાઈન છે. બેઝિક પોલિસી તમને વિઝા અપાવી શકે છે, પરંતુ વાસ્તવિક વિશ્વની સમસ્યાઓનો સામનો કરવો પડે ત્યારે તે તમારી જરૂરિયાતો પૂરી કરતી નથી. આવા સમયે ઊંચા કવરેજની ઓફરનો વિકલ્પ નોંધપાત્ર નાણાકીય બોજના ઉમેરા વિના અર્થપૂર્ણ સંરક્ષણ પૂરું પાડે છે. અંકિત અને પ્રિયાનું ઉદાહરણ જોઈએ તો આ નવદંપતિએ ઈટાલીમાં તેમના હનીમૂનનું સ્વપ્ન સાકાર કરવા માટે એક વર્ષ કરતાં વધુ સમય સુધી બચત કરી હતી. વ્યાપક પ્રવાસ વિમો ખરીદવાના તેમના નિર્ણયના કારણે આકસ્મિક હવામાન સંબંધિત આપત્તિના કારણે તેમની રીટર્ન ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ ત્યારે તેમને સંપૂર્ણ વળતર મળ્યું. આ વીમામાં તેમની બચત પર અસર કર્યા વિના નવી ટિકિટો અને રોકાણને કવર કરવામાં આવ્યા હતા.'

## આદિત્ય બિરલા સન લાઇફ ઇન્શ્યોરન્સે વિઝન રિટાયર્મેન્ટ સોલ્યુશન લોન્ચ કર્યું

નવી દિલ્હી: ભારતની અગ્રણી ડાયવર્સિફાઇડ ફાઇનાન્શિયલ સર્વિસીઝ કંપની આદિત્ય બિરલા કેપિટલની લાઇફ ઈન્શ્યોરન્સ ક્ષેત્રની પેટાકંપની આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડે ("ABSLI") એબીએસએલઆઈ વિઝન રિટાયર્મેન્ટ સોલ્યુશનના લોન્ચની જાહેરાત કરી છે જે નિવૃત્તિ પછી નિયમિત રીતે આવક મળતી રહે તે પ્રકારનું નવીનતમ અને ફ્લેક્સિબલ કોમ્બો સોલ્યુશન છે.એબીએસએલઆઈ વિઝન રિટાયર્મેન્ટ સોલ્યુશન એ આજના જમાનાના સ્માર્ટ નિવૃત્તોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. આ સોલ્યુશન આજીવન એન્યુઈટીની ચૂકવણીની ખાતરી આપતા એબીએસએલઆઈના ગેરન્ટીડ એન્યુઈટી પ્લસ તથા ફુગાવાથી આગળ રહેવાની સંભાવના ધરાવતી ઈક્વિટી-લિંક્ડ વૃદ્ધિ પૂરી પાડતા એબીએસએલઆઈના વેલ્થ ઈન્ફિનિયા પ્લાનનું મિશ્રણ રજૂ કરે છે.આ ઉપરાંત આ સોલ્યુશન 100 વર્ષની ઉંમર સુધી બાંયધરી સાથે ચૂકવણી ઓફર કરવા સાથે આજીવન નાણાંકીય સુરક્ષા સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત ઈક્વિટી-લિંક્ડ હિસ્સો ફંડ વેલ્યુના પાંચ ટકા સુધી પદ્ધતિસર ઉપાડને સક્ષમ કરે છે જેનાથી ઊંચા અને ફુગાવાને મ્હાત કરે તેવા વળતરની સંભાવના મળે છે. ગ્રાહકો એન્યુઈટી અને બજાર સાથે સંકળાયેલા ઘટકો વચ્ચે 60:40 અથવા 50:50 એમ બે પ્રીમિયમ ફાળવણી વિકલ્પોમાંથી એક પસંદ કરી શકે છે.

### ઊર્જા કાર્યક્ષમતા અને કાર્બન તટસ્થતા પર ભાર

## એલજી ઇલેક્ટ્રોનિક્સ દુબઇ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે HVAC અને AI સિસ્ટમ આપશે

સિઓલ (દક્ષિણ કોરિયા):દક્ષિણ કોરિયાની અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ કંપની એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ક. યુએઈ (UAE) ના દુબઈમાં વિકાસ પામી રહેલા સ્માર્ટ સિટી માટે તેના અત્યાધુનિક હીટિંગ, વેન્ટિલેશન અને એર કન્ડીશનીંગ (HVAC) સોલ્યુશન્સ તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત હોમ સોલ્યુશન્સ પૂરા પાડશે. મેઈલ બિઝનેસ ન્યૂઝ કોરિયાના એક અહેવાલ મુજબ, કંપનીએ બુધવારે એક્સપો સિટી દુબઈ ઓથોરિટી સાથે સ્માર્ટ સિટીના વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા છે.આ કરાર એલજી ઈલેક્ટ્રોનિક્સને મધ્ય પૂર્વમાં બિઝનેસ-ટુ-કન્ઝ્યુમર, બિઝનેસ-ટુ-બિઝનેસ અને બિઝનેસ-ટુ-ગવર્નમેન્ટ સેગમેન્ટમાં સોલ્યુશન્સ પ્રદાતા તરીકે સ્થાન આપે છે. આ કરાર કોરિયા-યુએઈ બિઝનેસ રાઉન્ડટેબલ દરમિયાન કરવામાં આવેલી ચર્ચાઓનું પરિણામ છે, જેનો ઉદ્દેશ AI ટેકનોલોજી, લાગુ AI સેવાઓ અને AI-તથા ઊર્જા-સંબંધિત માળખાના વિસ્તરણ પર હતો.એલજી ઈલેક્ટ્રોનિક્સને આ ક્ષેત્રમાં અગાઉ પણ અનુભવ છે. કંપનીએ એક્સપો ૨૦૨૦ દુબઈ માટે હાઈ-બ્રાઈટનેસ એલઈડી (LED) સાઈનેજ સપ્લાય કર્યા હતા અને ૩,૦૦૦ સ્માર્ટ સિટી ઘરોમાં રેફ્રિજરેટર્સ, ડીશવોશર્સ અને ઓવન સહિત બિલ્ટ-ઈન ઉપકરણો પૂરા પાડ્યા હતા. કંપની આ અનુભવનો ઉપયોગ નવા, વિશાળ પ્રોજેક્ટ માટે કરવા માટે તૈયાર છે.

### 30મું એલઇડી એક્સ્પો નવી દિલ્હી

## પ્રકાશ ટેકનોલોજીમાં ઉત્તમતા અને ઉદ્યોગ વૃદ્ધિનો શક્તિશાળી પ્રદર્શન

અમદાવાદ | એલઈડી એક્સ્પો 2025ના 30મા સંસ્કરણમાં હવે થોડા જ દિવસો બાકી છે. 27 થી 29 નવેમ્બર 2025 દરમિયાન યશોભૂમિ, નવી દિલ્હીમાં યોજાનાર આ પ્રદર્શની ભારતના લાઈટિંગ ઉદ્યોગ માટે ઐતિહાસિક સિદ્ધિ સાબિત થશે. એલઈડી અને સ્માર્ટ લાઈટિંગ ટેકનોલોજી માટે દેશનું અગ્રણી ટ્રેડ ફેર ગણાતું આ એક્સ્પો, તેના આગામી સંસ્કરણમાં 250થી વધુ પ્રદર્શકો દ્વારા 6000થી વધુ પ્રોડક્ટ્સ અને 2000થી વધુ બ્રાન્ડ્સનું પ્રદર્શન કરશે, જેમાંથી 75 ભાગીદારો પ્રથમ વખત જોડાઇ રહ્યા છે. આ વર્ષનું શો એલઈડી લાઈટિંગના ત્રણ દાયકાના ઈનોવેશન, ઉદ્યોગ સહભાગિતાઓ અને વૃદ્ધિનું પ્રદર્શન કરશે, જેણે ભારતને સ્માર્ટ, લીલા અને ઊર્જા કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ આગળ વધાર્યું છેપ્રદર્શનમાં ભાગ લેનારી કંપનીઓ એલઈડી પ્રોડક્ટ્સ, કોમ્પોનેન્ટ્સ અને એપ્લિકેશન્સમાં આધુનિક ઈનોવેશન્સ રજૂ કરશે, જે દેશને સ્થાયી અને ઊર્જા કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ પ્રેરિત કરી રહ્યા છે. 14,000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું



આ એક્સ્પો ઉદ્યોગના લીડર્સ, આર્કિટેક્ટ્સ, ઈન્ટીરિયર ડિઝાઈનર્સ, રિયલ એસ્ટેટ ડેવલપર્સ, લાઈટિંગ અને ડિઝાઈન કન્સલ્ટન્ટ્સને આકર્ષશે, જેઓને નવા ઈનોવેશન્સ પર ચર્ચા કરવાની તક મળશે. ભારતીય બજારમાં વધતી આંતરરાષ્ટ્રીય ભાગીદારીનો પુરાવો આપતું આ 30મું સંસ્કરણ– ચીન, યુએઈ, જર્મની, હોંગ કોંગ અને દક્ષિણ કોરિયાના બ્રાન્ડ્સને પણ જોડશે, જે 60થી વધુ નવા પ્રોડક્ટ્સ લોન્ચ કરશે.

### ટોયોટા કિર્લોસ્કર મોટર દ્વારા

## બેન્ગલોરમાં ટોયોટા એક્સપેરિયન્શિયલ મ્યુઝિયમ (TEM) માટે દ્વાર ખોલી નખાયાં

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ટોયોટા કિર્લોસ્કર મોટર દ્વારા ગૌરવપૂર્વક ટીઈએમ (ટોયોટા એક્સપીરિન્શિયલ મ્યુઝિયમ) રજૂ કરાયું, જે ટોયોટા દ્વારા અનોખી લાઈફસ્ટાઈલ અને સાંસ્કૃતિક કેન્દ્ર એક છત હેઠળ આધુનિક ટેકનોલોજી સાથે માઈન્ડફુલ જીવન અને જાપાની સંસ્કૃતિને એખત્ર લાવે છે. શહેરના ફિનિક્સ મોલ ઓફ એશિયા ખાતે સ્થિત ટીઈએમ મોબિલિટી અને ઈનોવેશન વાહનોની પાર જાય છે એ માન્યતા પ્રદર્શિત કરે છે.



મોલના ભોંયતળિયે 8200 ચો.ફૂટમાં ફેલાયેલું ટીઈએમ પાંચ ઈન્દ્રિયોનો અનુભવ પ્રદાન કરે છે, જેમાં મંત્રમુગ્ધ કરનારા વિઝ્યુઅલ્સ, આહલાદક ધ્વનિ, અજોડ સુગંધ, આવકાર્ય ટેક્સ્ચર્સ અને ફ્લેવર્સનો સમાવેશ થાય છે, જે ભારતીય ઉષ્મા સાથે જાપાનીઝ મિનિમાલીઝમને સંમિશ્રિત કરે છે.

લોન્ચ ખાતે હાજર ટોયોટા કિર્લોસ્કર મોટરના ડેપ્યુટી મેનેજિંગ ડાયરકેક્ટર તડાશી અસાઝુમાએ જણાવ્યું હતું કે, "ટોયોટામાં અમારો ધ્યેય એકત્ર મળીને આનંદિત પંથ નિર્માણ કરવાનો છે, જે મોબિલિટીની પાર જાય છે. તે લોકો, સંસ્કૃતિઓ અને ભાવનાઓને જોડતા પ્રેરણાત્મક અનુભવો વિશે છે. ટીઈએમ સાથે અમને આ જોશ દર્શાવતો ખરા અર્થમાં અજોડ અનુભવ પ્રદાન કરે તેવી આશા છે.

### ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર ઘટાડવાની સંભાવનાથી ચિંતાઓ હળવી

## યુએસ બજારની ચિંતાઓ હળવી થતાં સેમસંગ અને એસકે હાઈનિક્સના શેર ઉછળ્યા

સિઓલ (દક્ષિણ કોરિયા): દક્ષિણ કોરિયાની મુખ્ય ચિપમેકિંગ કંપનીઓ સેમસંગ અને એસકે હાઈનિક્સના શેરના ભાવમાં સોમવારે નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. મેઈલ બિઝનેસ ન્યૂઝ કોરિયાના અંગ્રેજી અહેવાલ (પલ્સ) અનુસાર, યુએસ બજારની ચિંતાઓ હળવી થતાં કોરિયાના મુખ્ય કોસ્પી ઈન્ડેક્સમાં સુધારો થવાથી આ તેજી આવી છે. સોમવારે સવારે ૯:૧૮ વાગ્યે, સેમસંગ ઈલેક્ટ્રોનિક્સના શેર ૩.૦૬ ટકાના વધારા સાથે ૯૭,૭૦૦ વોન (આશરે ૬૬.૪૧ યુએસ ડૉલર) પર ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે એસકે હાઈનિક્સના શેર પણ ૧.૫૪ ટકાના વધારા સાથે ૫,૨૯,૦૦૦ વોન પર પહોંચ્યા હતા.પલ્સના અહેવાલ મુજબ, રોકાણકારો શુક્રવારે થયેલા ભાવ ઘટાડા પછી હવે 'બાર્ગેન હન્ટિંગ' (સસ્તા ભાવે ખરીદી) માં વ્યસ્ત છે. શુક્રવારે સેમસંગ અને એસકે હાઈનિક્સના શેરમાં અનુક્રમે ૫.૭૭ ટકા અને ૮.૭૬ ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો, જેને ઘણા બજાર નિષ્ણાતોએ 'અતિશય વેચાણ' ગણાવ્યું હતું. યુએસ બજારમાં આ સકારાત્મક વલણ પાછળનું મુખ્ય કારણ એ ચિંતાઓ હળવી થવાનું છે કે ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં અપેક્ષિત વ્યાજ દર ઘટાડવાથી પાછળ નહીં હટે. આ સંભાવનાએ યુએસ બજારની ચિંતાઓ હળવી કરી છે અને વૈશ્વિક સ્તરે રોકાણકારોની ભાવનામાં સુધારો કર્યો છે.જોકે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) બબલ ચાલુ રહેવાની ચિંતાઓએ વધુ લાભ પર નિયંત્રણ મૂક્યું છે. સ્થાનિક સિક્યોરિટીઝ ઉદ્યોગના નિષ્ણાતો સલાહ આપે છે કે તાજેતરની શેરબજારની અસ્થિરતા કોર્પોરેટના મૂળભૂત પરિબળો (ફંડામેન્ટલ્સ) ને બદલે તરલતાના પ્રવાહ (Liquidity Flows) દ્વારા વધુ પ્રેરિત છે.

# News Brief

## 2030 સુધીમાં ભારતના જીડીપીમાં મેન્યુફેક્ચરીંગનો હિસ્સો પાંચમા ભાગનો હશે: ઈક્વિરસનો અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ભારતના અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસીસના પાવરહાઉસમાંના એક, ઈક્વિરસ કેપિટલના નવા ઈન્ડસ્ટ્રીયલ આઉટલુક રિપોર્ટ અનુસાર, ભારતનું મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર મોટા પરિવર્તન માટે તૈયાર છે, જેમાં 2030 સુધીમાં જીડીપીમાં તેનો હિસ્સો લગભગ બમણો થવાનો અંદાજ છે. આ અહેવાલમાં કોવિડ પછી ભારતના મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે સાવચેતીથી આગળ વધીને મજબૂતીથી રોકાણ-આગેવાની હેઠળની ઔદ્યોગિક વૃદ્ધિ તરફના પરિવર્તનને પ્રકાશિત કરવામાં આવ્યું છે જે તાજેતરના દાયકાઓમાં સૌથી મજબૂત ઔદ્યોગિક સુધારામાંનું એક છે.ભારતના જીડીપીમાં મેન્યુફેક્ચરીંગનો ફાળો નાણાકીય વર્ષ 2025માં જીડીપીના 13% થી વધીને નાણાકીય વર્ષ 2030માં ઘણા ઊંચા બેઝના 20% થશે, જે વધતી માગ, નીતિગત સુધારા અને સામાન્ય વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ (નીચેનો ગ્રાફ જુઓ) દ્વારા પ્રેરિત થશે. 2030માં મેન્યુફેક્ચરીંગ ભારતીય જીડીપીના પાંચમા ભાગનું યોગદાન આપશે, જેનું મુખ્ય કારણ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં ભારતનું વધુ સારું સંકલન, નીતિગત સમર્થન અને ચીનથી દૂર થઈને વૈવિધ્યીકરણ કરવાનું લાંબા ગાળાનું વલણ છે.

## ટાટા એસેટ મેનેજમેન્ટે હાઈબ્રિડ લોંગ-શોર્ટ ફંડ ટાઇટેનિયમ SIF લોન્ચ કર્યું, જેનો ઉદ્દેશ સંતુલિત, જોખમ-સમાયોજિત વૃદ્ધિ છે

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ટાટા એસેટ મેનેજમેન્ટે ટાટા મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ઓફર કરવામાં આવેલું ટાઈટેનિયમ સ્પેશ્યાલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (SIF) લોન્ચ કર્યું છે, જે એક હાઈબ્રિડ લાંબા-ટૂંકા રોકાણ વ્યૂહરચના છે, જેનો ઉદ્દેશ્ય ઈક્વિટી, ડેટ અને ડેરિવેટિવમાં રોકાણને ગતિશીલ રીતે જોડવાનો છે, જેથી રોકાણકારોને વધુ સારા જોખમ-સમાયોજિત પરિણામો સાથે બજારના બહુવિધ તબક્કાઓમાંથી પસાર થવામાં મદદ મળે. નવી ફંડ ઓફર 24 નવેમ્બર, 2025ના રોજ ખુલશે અને 8 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે. આ ફંડ એવા રોકાણકારો માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેઓ વધુ જોખમ લેવા માગે છે, જેમની પાસે AMCમાં PAN સ્તરે SIFમાં ઓછામાં ઓછા રૂપિયા 10 લાખની લઘુત્તમ ટિકિટ સાઈઝ છે.હાઈબ્રિડ લોંગ-શોર્ટ કેટેગરીમાં સ્થિત, આ ફંડ ઈક્વિટી અને ડેટમાં ઓછામાં ઓછી 25% ફાળવણીને અને શોર્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં હેજ વિનાના મહત્તમ 25% રોકાણને જાળવી રાખે છે. આ અનોખું મિશ્રણ ફંડને ઈક્વિટી અને ડેરિવેટિઝ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં લોંગ પોઝિશન દ્વારા બજારના ઉછાળામાં ભાગ લેવાની મંજૂરી આપે છે.

## લોર્ડ્સ માર્ક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે રેનાલિક્સનું અધિગ્રહણ કર્યું – ડાયાલિસિસના ભવિષ્યને નવી દિશા

(એજન્સી) નવી દિલ્હી | તા 24

લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એક વિવિધ હેલ્થકેર અને ટેકનોલોજી આધારિત ગ્રુપ, બેંગ્લુરુ સ્થિત મેડ-ટેક ઈનોવેટર રેનોલિક્સ હેલ્થ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડમાં 85% હિસ્સેદારીનું અધિગ્રહણ કરવાની જાહેરાત કરી છે. રેનાલિક્સ ભારતની પ્રથમ સંપૂર્ણ સ્વદેશી, એઆઈ અને ક્લાઉડ-સક્ષમ સ્માર્ટ હીમોડાયાલિસિસ મશીનનું વિકાસકર્તા છે. આ અધિગ્રહણ બાદ, રેનાલિક્સ હવે લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝનું R&D આર્મ બનશે અને કિડની અને લિવર સંબંધિત મેડિકલ ડિવાઈસિસ ક્ષેત્રમાં સંશોધન કાર્ય આગળ વધારશે.

આ અધિગ્રહણ ભારતમા વધતા ક્રોનિક કિડની ડિસીઝ (CKD) ના બોજને ઘટાડવા માટે નવી પેઢીની મેડિકલ ટેકનોલોજીમાં લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝના વિસ્તરણ તરફનું મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પગલું છે. રેનાલિક્સની અદ્યતન હીમોડાયાલિસિસ મશીન રિયલ-ટાઈમ રીમોટ મોનીટરીંગ, ક્લાઉડ આધારિત ક્લિનિકલ કનેક્ટિવિટી અને ઈન્ટેલિજન્ટ એનાલિટિક્સને એકીકૃત કરે છે.

## અમૃતાંજન હેલ્થકેરે ૧૩૨ વર્ષના વિશ્વાસ અને સુખાકારીનો જશ મનાવવા 'કૌન બનેગા કરોડપતિ' સાથે ભાગીદારી કરી છે

(એજન્સી) નવી દિલ્હી | તા 24

૧૩૦ વર્ષથી અધિક સમયથી ભારતના સૌથી વિશ્વસનીય સુખાકારી બ્રાન્ડ્સમાંનું એક અમૃતાંજન હેલ્થકેર લિમિટેડે ૨૬મી ઑક્ટોબરથી શરૂ થઈ રહેલ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પરના 'કૌન બનેગા કરોડપતિ'ના ૨૫માં સીઝન માટે એસોસિએટ સ્પોન્સર તરીકે ભાગીદારીની ઘોષણા કરી છે.આ ભાગીદારી દ્વારા, અમૃતાંજન કેબીસીના અનન્ય પ્રેક્ષક વર્ગ સાથે જોડાણ સાધવામાં અને તેમની વચ્ચે મજબૂત બ્રાન્ડ રીકૉલ કરવા માટે આ વર્ગનો લાભ લેશે. આઈકોનિક શ્રી અમિતાભ બચ્ચન દ્વારા સંચાલિત, કેબીસી આકર્ષક કથાઓ, સાદી વાર્તાઓ અને ભાવનાત્મક રીતે મનમોહક સ્વરૂપોને ભેળવવાની તેની ક્ષમતા દ્વારા ભારતમાં લાખો લોકોમાં પ્રેરણા ફેલાવવાનું કાર્ય ચાલુ રાખી રહ્યું છે.આ ભાગીદારી વિશે મંતવ્ય રજૂ કરતા, અમૃતાંજન હેલ્થકેર લિમિટેડના મુખ્ય માર્કેટિંગ અધિકારી, શ્રી મણિ ભગવથીસ્વરન એ જણાવ્યું કે: '૧૩૨ વર્ષથી, અમૃતાંજન પેઢીદર પેઢી કાળજી, આરામ અને વિશ્વાસનું પ્રતિક બની ઊભું રહ્યું છે.

### ચીની ડમ્પિંગ અને યુએસ ટેરિફ અનિશ્ચિતતાને કારણે સ્થાનિક ઉદ્યોગ માટે મોટું જોખમ

## ભારતીય કેમિકલ કંપનીઓ બેવડી મુશ્કેલીમાં: ચીની ડમ્પિંગ અને યુએસ ટેરિફનો સામનો

નવી દિલ્હી: તાજેતરના સિસ્ટેમેટિક્સ રિસર્ચના અહેવાલમાં પ્રકાશિત થયું છે કે, ભારતીય કેમિકલ કંપનીઓ હાલમાં ચીની ડમ્પિંગ અને યુએસ ટેરિફની અનિશ્ચિતતાઓ એમ બેવડી મુશ્કેલીનો સામનો કરી રહી છે. આ પરિસ્થિતિ સ્થાનિક રસાયણ ઉદ્યોગ માટે મોટો પડકાર બની રહી છે, જોકે એગ્રોકેમિકલ સેક્ટરમાં માલના સંગ્રહના ચક્રનો ઝડપી અંત (Destocking Cycle) આવવો એ ઉદ્યોગ માટે મુખ્ય સકારાત્મક સંકેત છે.

અહેવાલ મુજબ, ચીની ડમ્પિંગ અને યુએસ ટેરિફની નીતિઓ તેમજ પ્રોજેક્ટના અમલીકરણમાં વિલંબ સ્થાનિક ઉદ્યોગ માટે બે મુખ્ય જોખમો છે. જોકે, ચીનની ઓવરકેપેસિટી અને ડમ્પિંગની અસર સૌથી વધુ મહત્ત્વપૂર્ણ અને સતત પડકારજનક અવરોધ બની રહી છે. ચીની ડમ્પિંગ એટલે



ચીન દ્વારા ભારતીય બજારમાં રસાયણ ઉત્પાદનો આર્ટિફિશિયલ રીતે નીચા ભાવે વેચવા. આ પ્રથા બજારમાં અયોગ્ય સ્પર્ધા ઊભી કરીને અને બજારના ભાવોને નીચે ધકેલીને ભારતીય ઉત્પાદકોને સીધું નુકસાન પહોંચાડે છે.સરકાર દ્વારા ઘરેલું ઉદ્યોગને સુરક્ષિત કરવા માટે વિવિધ ચીની રસાયણ ઉત્પાદનો પર એન્ટી-ડમ્પિંગ ડ્યુટી (ADDs) લાદવામાં આવી હોવા છતાં, ચીની ઓવરકેપેસિટીનું દબાણ યથાવત છે. આ દબાણે ફેનોલિક્સ (ATLP), એડવાન્સ્ડ ઈન્ટરમિડિએટ્સ (DN), પેકેજિંગ ફિલ્મો અને ટેકનિકલ ટેક્સટાઈલ્સ (SRF) સહિતના વિવિધ સેગમેન્ટમાં સીધી રીતે માર્જિન પર દબાણ વધાર્યું છે.સિસ્ટેમેટિક્સના તારણો અનુસાર, ચીની ડમ્પિંગથી SRF કેમિકલ્સ, દીપક નાઈટ્રાઈટ (DN) અને અતુલ (ATLP) જેવી કંપનીઓ ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ છે.વધુમાં, એગ્રોકેમિકલ સેગમેન્ટમાં ભારે ડિસ્ટોકિંગના કારણે દીપક નાઈટ્રાઈટના એડવાન્સ્ડ ઈન્ટરમિડિએટ (AI) બિઝનેસને અસર થઈ છે, જ્યારે યુએસ ટેરિફની નવી અનિશ્ચિતતાઓએ ARTO કેમિકલ્સ અને SRF જેવી કંપનીઓ પર નકારાત્મક અસર કરી છે.વેપારના દબાણ અને પ્રોજેક્ટના અમલના વિલંબને કારણે ટૂંકા ગાળાના પડકારો યથાવત છે.

### શ્રાવણ અને નવરાત્રિની અસરથી QSR ચેઇન્સનો નબળો દેખાવ

## રેસ્ટોરન્ટ ઉદ્યોગને આંચકો Q2FY26માં ગ્રાહકોની મૂલ્યલક્ષી ખરીદી વધી

નવી દિલ્હી: દેશની ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ (QSR) ચેઈન્સ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬નું બીજું ત્રિમાસિક (Q2FY26) ગાળો ફરી એકવાર નબળો રહ્યો છે. નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ દ્વારા રજૂ કરાયેલા એક વિગતવાર અહેવાલ મુજબ, બજારમાં ગ્રાહકોની મૂલ્યલક્ષી ખરીદીનું વર્તન સઘન બન્યું છે. આ વલણને કારણે કંપનીઓએ ગ્રાહકોને આકર્ષવા માટે પ્રમોશન્સ અને ઓછી કિંમતની ઓફર્સ પર વધુ ભાર મૂકવો પડ્યો છે. નબળા વિવેકાધીન ખર્ચ (Discretionary Spending) અને શ્રાવણ-નવરાત્રિ જેવા મોસમી વિક્ષેપોને કારણે મોટાભાગના ખેલાડીઓની સમાન-સ્ટોર વેચાણ વૃદ્ધિ (SSSG) નબળી રહી છે. જોકે, જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ (ડોમિનોઝ) એ ૯.૧ ટકાના મજબૂત વધારા સાથે પોતાનો વેગ જાળવી રાખ્યો છે. રેસ્ટોરન્ટ બ્રાન્ડ્સ એશિયા (બર્ગર કિંગ ઈન્ડિયા) એ પણ ૨.૮ ટકાની સાધારણ વૃદ્ધિ નોંધાવી, જ્યારે અન્ય QSR ચેઈન્સનો નબળો દેખાવ જોવા મળ્યો અને તેઓએ નકારાત્મક SSSG નોંધાવ્યો.માગની નબળાઈ હોવા છતાં, ડિલિવરી સેવા ક્ષેત્રની વૃદ્ધિનું મુખ્ય એન્જિન બની રહી. ડિજિટલ માધ્યમની પહોંચમાં ઉછાળો જોવા મળ્યો છે:વેસ્ટલાઈફ ફૂડવર્લ્ડ (મેકડોનાલ્ડ્સ) માટે ૭૫ ટકા આવક ડિજિટલ માધ્યમથી પ્રાપ્ત થઈ.રેસ્ટોરન્ટ બ્રાન્ડ્સ એશિયા માટે ૯૧ ટકા વ્યવહારો ડિજિટલ માધ્યમથી થયા.

જ્યુબિલન્ટ ફૂડવર્ક્સમાં, ફ્રી-ડિલિવરી અને ૨૦-મિનિટ ડિલિવરીની ઓફરને કારણે ટેક-અવે ઓર્ડર્સ ઓછા થયા, જ્યારે તેની પોતાની ડિલિવરીનું મિશ્રણ ૭૪ ટકા સુધી પહોંચ્યું.આ આંકડા સ્પષ્ટ કરે છે કે ડિલિવરી અને પ્રમોશન્સનો આધાર જ આ મુશ્કેલ સમયમાં કંપનીઓને ટકાવી રાખનાર મુખ્ય પરિબળ છે.મોટાભાગની કંપનીઓ માટે માર્જિન પર દબાણ યથાવત રહ્યું, કારણ કે મૂલ્ય-આધારિત ઉત્પાદનોના વેચાણથી ગ્રોસ માર્જિન મંદ પડ્યા.અપવાદ: વેસ્ટલાઈફ ફૂડવર્લ્ડ એક અપવાદરૂપ રહ્યું, જેણે માળખાકીય સપ્લાય-ચેઈન કાર્યક્ષમતાને કારણે ૭૨.૪ ટકાનો અત્યાર સુધીનો સૌથી વધુ ગ્રોસ માર્જિન નોંધાવ્યો.જ્યુબિલન્ટે સુધારેલી ઉત્પાદકતા અને ઓપરેશનલ લિવરેજ દ્વારા માર્જિન સંબંધિત પડકારોને સરભર કર્યા.જોકે, દેવયાની અને સેફાયર ફૂડ્સ બંને પિઝા હટના નબળા બ્રાન્ડ પ્રદર્શનને કારણે તેના વિસ્તરણ વિશે સાવધ રહ્યા. નુવામાના અહેવાલ મુજબ, માંગમાં પુનરુત્થાન આવવું એ આ ક્ષેત્ર માટે મુખ્ય પરિવર્તનશીલ પરિબળ રહેશે. જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ કોઈ પણ સંભવિત SSSG ઘટાડાનો સામનો સ્ટોર રોલઆઉટને વેગ આપીને કરવા માટે સજ્જ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર સુદ-05

# ધર્મેન્દ્રના 42 વર્ષ પહેલાના શબ્દો સાચા પડ્યા

ધર્મેન્દ્રના નિધન બાદ દરેક જગ્યાએ શોકનો માહોલ છે, આ દરમિયાન અભિનેતાનો એક જૂનો ઈન્ટરવ્યુ પણ બહાર આવી રહ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે જ્યારે પણ તેઓ દુનિયાને અલવિદા કહે છે, ત્યારે તેઓ કામ કરતા કરતા જવા માંગે છે. બોલીવુડના સૌથી દિગ્ગજ સ્ટાર્સમાંના એક ધર્મેન્દ્રએ ૨૪ નવેમ્બરના રોજ લાંબી બીમારી બાદ અંતિમ શ્વાસ લીધા. આ સમાચારથી ભારે આક્રોશ ફેલાયો છે. અભિનેતાની ફિલ્મ કારકિર્દી નોંધપાત્ર હતી, ૧૯૬૦માં તેમની પહેલી ફિલ્મથી તેમને ઓળખ મળી હતી. જોકે, અભિનેતાનો એક જૂનો ઈન્ટરવ્યુ સામે આવી રહ્યો છે જેમાં તેમણે કહ્યું હતું કે જ્યારે પણ તેઓ આ દુનિયા છોડીને જવા માંગે છે, ત્યારે તેઓ કામ કરતા કરતા પણ જવા માંગે છે. ૪૨ વર્ષ પહેલાના ધર્મેન્દ્રના શબ્દો સાચા સાબિત થઈ રહ્યા છે. અભિનેતાની છેલ્લી ફિલ્મ, '૨૧', રિલીઝ થવાની છે. તેમણે તેમના છેલ્લા શ્વાસ સુધી ફિલ્મ ઉદ્યોગમાં કામ કર્યું. તાજેતરમાં, મેડોક ફિલ્મ્સે ધર્મેન્દ્રનો અવાજ દર્શાવતી ફિલ્મનું પોસ્ટર રિલીઝ કર્યું. ૨૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થનારી આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનના પુત્ર અગસ્ત્ય નંદા મુખ્ય ભૂમિકામાં છે. એક જૂના ઈન્ટરવ્યુનો ઉલ્લેખ કરતા, ધર્મેન્દ્રએ કહ્યું હતું કે તેઓ આખી જીંદગી કામ કરતા રહેવા માંગે છે અને કામ કરતા મરવા પણ માંગે છે. તે સમયે, તેમની ફિલ્મોની સંખ્યા પહેલાથી જ ઘટી ગઈ હતી, પરંતુ તેમણે સ્પષ્ટતા કરી કે આ તેમની પોતાની પસંદગી હતી. અભિનેતાએ પોતે જ તેમનો કાર્યભાર ઘટાડ્યો હતો, એવું નહીં કે તેમને કામ મળવાનું બંધ થઈ ગયું હતું. ધર્મેન્દ્રએ જણાવ્યું હતું કે ઘણા મોટા ફિલ્મ નિર્માતાઓ હજુ પણ તેમના પર વિશ્વાસ કરે છે અને તેમને વારંવાર તેમની ફિલ્મોમાં કાસ્ટ કરે છે. તે સમયે, અભિનેતાના ઓછા ફિલ્મોમાં દેખાવને કારણે, એવી અફવાઓ ફેલાઈ હતી કે તેમની કારકિર્દીનો અંત આવી રહ્યો છે. જોકે, તેમણે આ મુદ્દાને સંબોધતા કહ્યું કે મીડિયા હવે નવા કલાકારો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, તેથી કદાચ તેમની ચર્ચા ઓછી થાય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેમની કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે. 1960 માં તેમની પહેલી ફિલ્મથી લઈને ડઝનબંધ હિટ ફિલ્મો સુધી, ધર્મેન્દ્ર હંમેશા સખત મહેનતને પોતાની ઓળખ બનાવતા હતા. તેઓ ખરેખર માનતા હતા કે એક કલાકારે તેમના છેલ્લા શ્વાસ સુધી તેમના કામ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવું જોઈએ. ધર્મેન્દ્રની કારકિર્દીની વાત કરીએ તો, તેમણે ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે મોટા સ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરી હતી અને પોતે એક સફળ સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યા હતા. 42 વર્ષ પહેલાં આપેલા એક ઈન્ટરવ્યુ મુજબ, અભિનેતાએ કામ કરતી વખતે જ અલવિદા કહ્યું હતું. તેમની છેલ્લી ફિલ્મ, '21', પરમવીર ચક્ર વિજેતા અરુણ ખેત્રપાલની વાર્તા પર આધારિત હતી, જેમાં ધર્મેન્દ્રએ તેમના પિતાની ભૂમિકા ભજવી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ.૨૨૬ કરોડથી વધુના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું

## સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંકશન, બેડી ગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે

# જામનગરને મળ્યો સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ફ્લાય ઓવર બ્રીજ

વિશાલ જે હરવરા | જામનગર

જામનગર તા.૨૪ નવેમ્બર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ. ૨૨૬.૯૯ કરોડના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું.સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધીનો ફોરલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજની કુલ લંબાઈ ૪ એપ્રોચ સહિત ૩,૭૫૦ મીટર છે. મુખ્ય બ્રિજ ફોર લેન ૧૬.૫૦ મીટરનો છે, જ્યારે ઈન્દિરા માર્ગ તથા દ્વારકા રોડ એપ્રોચ ટુ લેન ૮.૪૦ મીટરના છે.આ ફ્લાયઓવરના કારણે જામનગરના નાગરિકોને દ્વારકા, રિલાયન્સ, નયારા, જી.એસ.એફ.સી. તરફ તેમજ રાજકોટ રોડ તરફ સરળતાથી વાહનવ્યવહારની સુવિધા મળશે.

આનાથી બ્રિજ નીચેના મુખ્ય ચાર જંકશન સાત રસ્તા સર્કલ, ગુરુદ્વારા જંકશન, નર્મદા સર્કલ તથા નાગનાથ જંકશન પર થતા ટ્રાફિક જામ અને અકસ્માત જેવા બનાવોમાંથી મોટી રાહત મળશે, પરિણામે ઈંધણ અને સમયની બચત થશે.



વધુમાં, સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ થઈ લાલ બંગલા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંકશન, ત્રણ દરવાજા (ગ્રેઈન માર્કેટ), બેડી ગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. આ વિકાસકાર્યની સાથે જ બ્રિજ નીચેના અન્ડરસ્પેસને પણ નાગરિક સુવિધા માટે વિકસાવવામાં આવ્યો છે, જેમાં કુલ ૬૧ ગાળાઓમાં ૧,૨૦૦ થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા જેમાં ૮૫૦ ટુ-વ્હીલર્સ, ૨૫૦ ફોર-વ્હીલર્સ, ૧૦૦ રીક્ષા, ૧૦૦ અન્ય અને ૨૬ બસ પાર્કિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કુલ ૪ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઈલેટ, ૧ લોકેશન પર શ્રમિક સુવિધા કેન્દ્ર (લેબર ચોક), ૧૦ ગાળામાં સ્પોર્ટ એક્ટિવિટી, ૪ લોકેશન પર વેઈટિંગ/સીટિંગની વ્યવસ્થા અને ૪ લોકેશન પર ફૂડ ઝોન જેવી સવલતો પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. મુખ્યમંત્રી દ્વારા લોકાર્પિત કરાયેલો આ ફ્લાયઓવર જામનગરના નાગરિકોના જીવનમાં સરળતા અને સુગમતા લાવીને શહેરના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, મહાનગરપાલિકાના પ્રભારી મંત્રી પલ્લવીબેન ઠક્કર, ધારાસભ્ય સર્વ મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા, જિલ્લા કલેકટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની, સાશક પક્ષના નેતા આશિષ જોશી, દંડક કેતનભાઈ નાખવા, આગેવાન સર્વ બીનાબેન કોઠારી, પ્રકાશભાઈ બાંભણીયા, મેરામણ ભાટુ, વિજયસિંહ જેઠવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## નખત્રાણા | ગૌ સેવક રતનસિંહ હંસરાજ ભગત (મીઠું બાપા)નુ દુઃખદ અવસાન થતા શોકનું મોજું

મહેશ એલ સોની | નખત્રાણા



શ્રી નખત્રાણા ગૌસેવા કેન્દ્રના પૂર્વ ટ્રસ્ટી ગૌભક્ત ગૌ સેવક રતનસિંહ હંસરાજ ભગત (મીઠું બાપા)નુ દુઃખદ અવસાન થતાં નખત્રાણા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. 1986 માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેમનું બહુમૂલ્ય યોગદાન રહ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ હદેદારોએ દ્વારા શ્રદ્ધાં સુમન અર્પણ કરતા તેમની સેવાને યાદ કરી હતી. એવું સંસ્થાના પ્રમુખશ્રી નારણભાઈ માનાણી, મહામંત્રી લાલજીભાઈ રામાણીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# રાજુલા કાતર રોડ ભુતડા દાદાની જગ્યાના મહંત દ્વારા બનાવાયેલપાણીપરબરાહદારીઓમાટેઆશીર્વાદરૂપ

### ભુતડા દાદાની જગ્યાના મહંત સારા રામાયણ કરશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ટીંબી દાઠા અન્ય જગ્યાઓએ કથાઓનું પણ વાંચન કર્યું દિવાળી પછી મૌન ધારણ કર્યું રાજુલા તાલુકાના હિંડોરડા બારપટોળી રોડ ઉપર રોડના કાંઠે ભુતનાથ જગ્યાનું સ્થાપન આજથી ચાર વર્ષ પહેલાં અહીં આવેલા ભક્તિ રામ બાપુ દ્વારા આ જગ્યામાં ખૂબ જ વૃક્ષારોપણ અને હવે તો ૨૪ કલાક ૧૧ મોટા ઠીકરાના ટીપ પાણી ભરીને દરરોજ સાફ-સફાઈ કરીને ભરવામાં આવે છે જેથી આમ મહુવા તરફથી આવતા તેમ જ દબાણ ખાંભા પરથી આવતા અને નાગેશ્રી તરફથી આવતા અને ગ્રામ્ય વિસ્તારના લોકોને આ ભુતડા દાદા ની જગ્યા ના મહંત પાણી માટે ભગીરથ કાર્યકર્તા હોવાથી લોકોની લાગણી



૧૧ પાણી પીવાના મોટા ઠીકરાના ટીપણા ભરીને દરરોજ મૂકે રાહદારીઓમાં પાણી પરબ શરૂ થતા આશીર્વાદરૂપ બન્યું

ખૂબ જ વધી છે તેમજ ગમે ત્યારે જાવ ત્યારે મહંત શ્રી મૌન ધારણ કરે અને રામાયણ વાચતા હોય છે આમ છતાં મહેમાનો જાય તો ચા પીધા વિના તેના સેવક ગણ જવા દેતા નથી ખરેખર આ પાણીને કારણે ભૂતડા દાદા ની જગ્યા દિવસે દિવસે લોકોને આસ્થા નું કેન્દ્ર બન્યું આ મહંત રામાયણની પણ કોઈ ગામડામાં રાખે તો વાંચન કરવામાં પણ જાય છે અને બહુ જ્ઞાન હોવાથી લોકોને મુકધ કરી દે છે અને આજુબાજુના લોકો આજુબાજુના ખેતરો વાળા તેમજ માર્ગો પર પસાર થતાં લોકો હવે અહીં વૃક્ષનું વાવેતર અને પાણીની વ્યવસ્થા સારી હોવાથી બપોરના ટિફિન લઈ અને ખેડૂતો પણ આ જગ્યામાં જમવા જાય છે ત્યારે આ ભગીરથ કાર્યને ભગીરથ સેવા કરતા લોકો માં ખૂબ જ શ્રદ્ધા અને પૂતળા દાદા ના દર્શન કરવા માટે પણ અનેક લોકો ઉમટીયા પરંતુ બાપુ મોન હોવાથી હાલ તો માત્ર મનોમન કથાનું વાંચન કરતા જોવા મળ્યા હતા.

# લીમખેડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક ભરતીઓમાં ગેરરીતિઓ સામે આવી

### મીડિયાની ટીમે ધાનપુર પાટડી પ્રાથમિક શાળાની રિયાલીટી ચેક

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લાની લીમખેડા તાલુકાની પ્રાથ મિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતીઓમાં ગેરરીતિઓ સામે આવી છે ત્યારે મીડિયાની ટીમે રિયાલીટી ચેક કરતા લીમખેડા તાલુકાની ધાનપુર પાટડી પ્રાથમિક શાળામાં ધોરણ એકમાં રોકાબેન રમેશભાઈ મેડા બાળકોને ભણાવતા નજરે પડે છે ત્યારે મીડિયાની ટીમે રોકાબેન



શાળામાં ધોરણ 12 પાસ ભણેલા જ્ઞાન સહાયક-: રૂકાબેન મેડા

મળે છે.

ધાનપુર પાટડી પ્રાથમિક શાળાના આચાર્ય



ધાનપુર પાટડી પ્રાથમિક શાળાના આચાર્ય :- રામસિંગભાઈ હઠીલા

પણ આચાર્યશ્રીને ખબર નથી ઉડાઉ જવાબ આપેલ છે.



ધાનપુર પાટડી પ્રાથમિક શાળા બાલવાટિકા -: મનિષાબેન મકવાણા

આવે છે ભરતી પ્રક્રિયા કરવામાંજે તે જીલ્લો ફાળવાય પછી જિલ્લા કક્ષાએથી ભરતી કરવામાં



લીમખેડા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવિંદ પરમાર

જ્ઞાન સહાયક માં લેવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારી (DPO) જોડે ટેલીફોનિક વાતચીત કરતા જણાવ્યું હતું કે સરકાર દ્વારા ભરતી કરી મૂકવામાં આવેલ નથી એક સ્વેચ્છિક સંસ્થા એનજીઓ દ્વારા અમુક અમુક જગ્યાએ એમની રીતે મુકેલા છે જ્ઞાન સહાયક નથી.

ધોરણ એક થી પાંચમા તીવ્ર ઘટ હોય તેવી શાળાઓમાં મૂકવામાં આવેલા છે સરકાર દ્વારા મૂકવામાં આવેલા નથી તેમ જણાવ્યું હતું.

એનજીઓ 12 પાસ કેવી રીતે મૂકી શકે તેમ જણાવતા જણાવ્યું હતું કે વધુ તપાસ કરાવીશું.

### ભુજની શ્રીમતિ પી. સી. વી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે

# બ્રહ્મકુમારી વિશ્વ વિધાલય દ્વારા સેમિનારનું આયોજન

મહેશ એલ. સોની | નખત્રાણા

ભુજની શ્રીમતિ પી સી વી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે બ્રહ્મ કુમારી વિધાલય ના બીનાબેન ,મીનાબેન, પૂર્ણિમાબેનની ઉપસ્થિતિમાં બ્રહ્મ કુમારી વિશ્વ વિધાલયના હિરક જયંતિ મહોત્સવ પ્રસંગે 'બિલિયન મિનિટ્સ ઓફ પીસ ' વિશ્વ શાંતિ માટે આપણી પાંચ મિનિટ અર્પણ કરીએ - શાંતિ થી જ શક્તિ - શક્તિ થી જ સમૃદ્ધિ (તા .૨૪ ઓક્ટોમ્બર . થી ૨૧ ડિસેમ્બર) સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાર્થીઓને સંબોધતા બીનાબેને જણાવ્યું હતું કે સકારાત્મક વિચારોથી જ જીવનમાં



સફળતા પ્રાપ્ત કરી શકાય છે. તેમણે સરળ ભાષામાં મેડીટેશન ધ્યાન વિશે સમજ આપી હતી. શાળાના ટ્રસ્ટીઓ શ્રી વાડીલાલભાઈ સાવલા, શ્રી પંકજભાઈ મહેતા, શ્રી જયભાઈ મહેતા, શ્રી અંકિતભાઈ સાવલા એ કાર્યક્રમની શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્ય શ્રી ડૉ.ચેતનભાઈ આઈ. બારમેડા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતુ શાળાના શિક્ષકો શ્રી દુષ્યંતભાઈ વોરા, રમેશભાઈ મતિયા, દશરથસિંહ ઝાલા, માલતીબેન સોઢાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. એવું ડૉ.ચેતનભાઈ બારમેડા ની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## ભાવનગરમાં આરોપીને આશરો આપનારી વોન્ટેડ મહિલા કોન્સ્ટેબલ મુંબઈથી ઝડપાઈ

ભાવનગર | ભરતનગર પોલીસ સ્ટેશનની મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ એટ્રોસિટીના એક આરોપીને પોતાના ઘરમાં આશરો આપ્યો હતો. પોલીસને તેની જાણ થતાં જ ઘરમાં તપાસ કરાઈ હતી. જ્યાંથી આરોપી અને એક દારૂની બોટલ મળી આવી હતી. ત્યાર બાદ આ મહિલા કોન્સ્ટેબલ ફરાર થઈ ગઈ હતી. પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી હતી. પોલીસની તપાસમાં આ મહિલા કોન્સ્ટેબલ મુંબઈથી ઝડપાઈ ગઈ છે. તેને ભાવનગર લાવીને કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેને જેલ ભેગી કરાઈ હતી.

# દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટીના સમાચાર અંગે કુલ સચિવે રદિયો જાહેર કર્યો

માહિતી બ્યુરો | પાલનપુર

તારીખ ૨૩ નવેમ્બર ૨૦૨૫ના વિવિધ સમાચારપત્રમાં દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવ અને ઈન્ચાર્જ હિસાબ નિયામકશ્રી એમ.સી.પરમારના નામે પ્રસિદ્ધ થયેલા સમાચાર સત્યથી વેગળા અને પાયાવિહોણા હોવા અંગે યુનિવર્સિટી તરફથી રદિયો પ્રસિધ્ધ કરાયો છે.

દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટી બાબતે વિવિધ સમાચારપત્રને રદિયો આપતા કુલ સચિવશ્રી દ્વારા જણાવ્યું છે કે, યુનિવર્સિટીના કુલપતિશ્રીને ચૂકવવામાં આવતો પગાર યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર હિસાબ નિયામકશ્રી દ્વારા જ ચૂકવવામાં આવે છે તેથી પગાર બાબતે કોઈપણ વિસંગતતા સર્જાયેલ નથી. ઈન્ચાર્જ હિસાબ નિયામકશ્રી એમ. સી.પરમાર અંગત કારણોસર લાંબી રજા પર ગયેલ હોઇ, તેમના હસ્તકની કામગીરી સુચારૂ રીતે થઈ શકે તે માટે તેમનો ચાર્જ અન્ય કર્મચારીને આપવો તે નિયત વહીવટી પ્રક્રિયા છે.

આ સાથે રોસ્ટર બાબતે પ્રસિદ્ધ થયેલ સમાચાર અંગે જણાવવાનું કે, ભરતીની પ્રક્રિયા સંપૂર્ણ રીતે નિયમોનુસાર અને રોસ્ટરની જોગવાઈઓનું પાલન કરીને જ કરવામાં આવેલ છે તેમજ યુનિવર્સિટીમાં રોસ્ટર નિભાવવાની જવાબદારી હોદ્દાની રૂએ શ્રી એમ.સી.પરમારની જ રહેલી છે. ભરતી બાબતે સરકારશ્રીને ગેરમાર્ગે દોરવા અને એન કેન પ્રકારે ભરતી રોકવા ઘણા લાંબા સમયથી ખોટા સમાચારો પ્રસિદ્ધ થઈ રહેલ છે.

આથી ઉક્ત સામેલ યુનિવર્સિટી વિરૂદ્ધના સમાચાર સત્યથી વેગળા હોય સંપૂર્ણ રદીયો આપવામાં આવે છે તેમ દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટીના કુલ સચિવ દ્વારા જણાવ્યું છે.

## મહેસાણા દૂધ ઉત્પાદક સંઘની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ: 15 ડિરેક્ટરો માટે 63 ઉમેદવારો મેદાનમાં

(એજન્સી) મહેસાણા | તા.24

મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના નિયામક મંડળની ચૂંટણી માટેની ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા આજે પૂર્ણ થઈ છે. કુલ 15 ડિરેક્ટરોની બેઠકો માટે 63 ઉમેદવારોએ 66 ફોર્મ ભર્યા છે. બપોરે 3 વાગ્યા સુધી ફોર્મ ભરવાની અંતિમ તારીખ હતી. આ ચૂંટણીમાં ઉમેદવારોએ બે જુદા-જુદા મંડળોમાં ફોર્મ ભર્યા છે: 11 મતદાર મંડળોમાં 42 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. દૂધના જથ્થા પ્રમાણેના 4 મંડળોમાં 21 ઉમેદવારો મેદાનમાં છે. કુલ 15 બેઠકો માટે 63 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા હવે ખરાખરીનો જંગ જોવા મળશે. ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે આગામી તબક્કામાં ઉમેદવારી પત્રોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા બાદ કેટલા ઉમેદવારો મેદાનમાં રહેશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે.

# જૂનાગઢની જાણીતી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ-જુનાગઢ દ્વારા 110માં ( ATM )આદર્શ લગ્ન યોજાયા



નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢની જાણીતી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા સુશીલાબેન છોટાલાલ શાહ હોલ ખાતે ૧૧૦માં ATM (એની ટાઈમ મેરેજ) આદર્શ લગ્ન તા.૨૩/૧૧/૨૫ ના રોજ રંગેચંગે વાણંદ સમાજની દિકરી જાગૃતિબેન જોટાગીયા ના લગ્ન કરવામાં આવ્યા, જેમાં ૫૧ જેટલી કરીયાવરની વસ્તુઓ ભેટ સ્વરૂપે આપી સાસરે વળાવી હતી. આ સેવાયજ્ઞમા મનસુખભાઈ વાજા, બટુક બાપુ, શાન્તાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર,સરોજબેન જોષી, ચંપકભાઈ જેઠવા, પ્રવિણભાઈ જોષી, દયાબેન માણેક, પુષ્પાબેન પરમાર, કિશોરભાઈ ચોટલીયા વગેરેએ આશીર્વચન આપી સાસરે વળાવેલ. આ લગ્નમાં ગોરમહારાજ તરીકેની સેવા આપી શાસ્ત્રીશ્રી ગોપાલકૃષ્ણભાઈ જોશીએ ધન્યતા અનુભવી હતી.

## સુરત: બાથરૂમમાંથી બેભાન અવસ્થામાં મળી આવેલા મહિલા અધિકારીનું નિધન

(એજન્સી) સુરત | તા.24

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અને ચૂંટણી સંબંધિત કામગીરી(SIR)માં BLO તરીકે નિમાયેલા એક મહિલા અધિકારીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું છે, જેના કારણે તેમના પરિવારમાં અને વહીવટી વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મૃતક મહિલા અધિકારીનું નામ ડિન્કલબહેન શીંગોડાવાળા હોવાનું સામે આવ્યું છે. તેઓ મનપાના વરાછા ઝોનમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને સુરત શહેરના શાહપોર બૂથના BLO તરીકે કામગીરી કરતા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુઃખદ ઘટના ઓલપાડના માસમા ખાતે બની હતી. ડિન્કલબહેન શીંગોડાવાળા પોતાના ઘરે બાથરૂમમાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા.

# દાહોદ ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાયો સાંસદ ખેલ મહોત્સવ 2025

(એજન્સી) દાહોદ | તા.24

દાહોદ ખાતે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ દીપ પ્રાગટ કરી ખેલ મહોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે વિવિધ રમતોમાં રાજ્ય કક્ષાએ જીત મેળવનારા દાહોદના રમતવીરોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ અને મહેમાનો પણ આયોજિત વિવિધ રમતોમાં જોડાયા હતા. ચાલી રહેલા એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે, ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દરેક ક્ષેત્રને ખૂબ મહત્વ આપ્યું છે. જેવા કે ખેતી, આરોગ્ય, શિક્ષણ, આવાસ, સહિતની વિવિધ યોજનાઓ પર ધ્યાન આપી લોકોનો સર્વાંગી વિકાસ થાય દિશામાં કામગીરી કરી રહ્યાં છે. આ સાંસદ ખેલ મહોત્સવનો હેતુ યુવાનોને ફિટનેસ, રમતગમત અને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવો છે. આ મહોત્સવમાં માત્ર આધુનિક રમતો નહીં પરંતુ પરંપરાગત ખેલ પણ સમાવિષ્ટ છે, રમતગમતના માધ્યમથી બાળકો અને યુવાનોમાં રહેલ સુસુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો, સ્પર્ધકોનો માનસિક અને શારીરિક વિકાસ કરવાનો તેમજ ભવિષ્યમાં દેશને ઉત્તમ રમતવીરો પૂરા પાડવાનો છે.

એ સાથે કહ્યું કે, દેવગઢબારિયા ખાતે જિલ્લાના યુવાનોને રમતગમત ક્ષેત્ર મંચ આપવા રમત ગમત સંકુલ બનાવવામાં આવ્યું છે. જેમાં રમતવીરોને રહેવા જમવા સહિતની સગવડ આપી રમતવીરોને જેમાં રસ છે તે ને અનુભવી કોચ દ્વારા નિયમ અનુસાર તાલીમ આપવામાં આવી રહી છે. વધુમાં કહ્યું હતું કે, દાહોદ જિલ્લાની ટીમો નેશનલ અને ઇન્ટરનેશનલ



લેવલે રમી રહેશે અને દાહોદ જિલ્લાનું નામ રોશન કરી રહ્યા છે તેવા તમામ રમતવીરોને અભિનંદન પાઠવું છું. આવનાર સમયમાં તમે વધુ પ્રગતિ કરો તેવી હું શુભેચ્છા પાઠવું છું અને આશા રાખું છું.

આ પ્રસંગે દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી કહ્યું હતું કે, સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫માં ફિટ ઈન્ડિયા અભિયાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ મહોત્સવનો હેતુ ગામડાના બાળકોને યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત કરવાનો તેમનામાં રમત ગમત ક્ષેત્રે રહેલી શક્તિઓ બહાર લાવી તેમને એક મંચ આપવાનું કામ આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યું છે. આજે છેવાડાના ગામડાના યુવાનો રાજ્યકક્ષાએ રમતોમાં પ્રથમ ક્રમાંક આવ્યા છે. એટલે દરેકમાં શક્તિઓ હોય છે પણ તેને એક મંચ મળવું જરૂરી છે અને આ કાર્ય આજે થઈ રહ્યું છે.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોર, ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર , નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી દાહોદ મામલતદારશ્રી, દાહોદ તાલુકા વિકાસ અધિકારીશ્રી, અગ્રણીશ્રી અભિષેક મેડા, પદાધિકારીઓ, આગેવાનો, જિલ્લા રમત ગમત વિભાગના અધિકારીશ્રી અને કર્મચારીઓ, સબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સહિત રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈતિહાસમાં પ્રથમવાર CJIના શપથ સમારોહમાં આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળ હાજર

# જસ્ટિસ સૂર્યકાંત ભારતના ૫૩મા ચીફ જસ્ટિસ

## શપથ બાદ માતાપિતાને પગે લાગ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ભારતીય ન્યાયપાલિકાના ઈતિહાસમાં એક ગૌરવશાળી અને ભાવુક ક્ષણની નોંધ લેવાઈ છે. સોમવારે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ભવ્ય સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જસ્ટિસ CJI સૂર્યકાંતને ભારતના ૫૩મા ચીફ જસ્ટિસ (CJI) પદના શપથ લેવડાવ્યા. જસ્ટિસ સૂર્યકાંતનો કાર્યકાળ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધીનો એટલે કે લગભગ ૧૪ મહિનાનો રહેશે. શપથ ગ્રહણ સમારોહ બાદ, CJI સૂર્યકાંતએ તેમના ઉચ્ચ પદની ગરિમા જાળવીને નમ્રતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમણે ભૂતપૂર્વ CJI બી.આર. ગવઈને ભાવુક આલિંગન આપ્યું અને તુરંત તેમના માતાપિતાના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. તેમણે તેમના મોટા ભાઈના પણ આશીર્વાદ લીધા હતા, જે ભાવુક દ્રશ્યો હતા. ૫૩મા ચીફ જસ્ટિસ તરીકેનો કાર્યકાળ સંભાળી રહેલા જસ્ટિસ સૂર્યકાંતે અગાઉ સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ તરીકે ૧,૦૦૦થી વધુ ચુકાદાઓ આપ્યા છે, જેમાં બંધારણીય અને માનવ અધિકારોના મહત્ત્વના મુદ્દાઓ આવરી લેવાયા છે. તેમના સીમાચિહ્નરૂપ નિર્ણયોમાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ રદ કરવાના ૨૦૨૩ના નિર્ણયને સમર્થન આપવાનો ચુકાદો સામેલ છે. નિર્દેશ આપ્યો હતો કે સરકાર તેની સમીક્ષા ન કરે ત્યાં સુધી તેના હેઠળ કોઈ નવી FIR નોંધવામાં ન આવે. આ ઉપરાંત, તેમણે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સહિત તમામ બાર એસોસિએશનોમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો ઐતિહાસિક નિર્દેશ પણ આપ્યો હતો. બિહાર SIR કેસમાં ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા પર ભાર મૂકતા તેમના આદેશો પણ ઘણા ચર્ચામાં રહ્યા હતા.



### હિસારનું ગૌરવ: ગામથી રાષ્ટ્રપતિ ભવન સુધીની સફર

જસ્ટિસ સૂર્યકાંતના શપથ ગ્રહણ સમારોહમાં તેમના પરિવારના સભ્યો, જેમાં તેમના મોટા ભાઈ માસ્ટર ઋષિકાંત (જેઓ હિસારના પેટવાડ ગામમાં રહે છે) અને અન્ય ભાઈઓ શિવકાંત અને દેવકાંત પણ હાજર રહ્યા હતા. CJI સૂર્યકાંતના પત્ની સવિતા સૂર્યકાંત એક નિવૃત્ત કોલેજ પ્રિન્સિપાલ અને પૂર્વ અંગ્રેજી પ્રોફેસર છે. તેમની બે પુત્રીઓ મુગ્ધા અને કનુપ્રિયા હાલમાં અભ્યાસ કરી રહી છે. એક સામાન્ય ગામડાના પરિવારમાંથી આવતા જસ્ટિસ સૂર્યકાંતે દેશના સર્વોચ્ચ ન્યાયિક પદ પર પહોંચીને અને શપથ બાદ પણ પોતાના માતાપિતા પ્રત્યે આદર દર્શાવીને યુવા પેઢી માટે એક આદર્શ સ્થાપિત કર્યો છે.



### ઈતિહાસ રચાયો: આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળની હાજરી

આ શપથ ગ્રહણ સમારોહની સૌથી મોટી વિશેષતા આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળની હાજરી રહી. રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું કે આટલું મોટું આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળ CJIના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યું હોય. બ્રાઝિલ, ભૂટાન, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, નેપાળ અને શ્રીલંકાના મુખ્ય ન્યાયાધીશો અને તેમના પરિવારોએ આ સમારોહમાં હાજરી આપીને જસ્ટિસ સૂર્યકાંતને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે PM નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહ સહિતના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દિલ્હીના ફાર્મહાઉસેથી 262 કરોડનું ડ્રગ્સ જપ્ત NCBની મોટી સફળતા

નવી દિલ્હી | નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (NCB) એ રાજધાની દિલ્હીમાં એક મોટી અને સતર્ક કાર્યવાહી કરીને ૨૬૨ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. એક ફાર્મહાઉસ પર દરોડા પાડ્યા બાદ મળેલી લીડના આધારે ત્રણ દિવસ સુધી સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું, જેના પગલે એક જટિલ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ થયો છે.

NCBના જણાવ્યા અનુસાર, પકડાયેલી આખી ગેંગ વિદેશી ઓપરેટર્સના આદેશ પર કામ કરી રહી હતી. દિલ્હી પાસેના ફાર્મ હાઉસ પરના દરોડા બાદ દિલ્હી-એનસીઆરમાં અનેક સ્થળોએ ચેકિંગ વધારી દેવાયું હતું.

આ ઓપરેશન દરમિયાન NCBએ ૨૫ વર્ષીય સેલ્સ મેનેજરની ધરપકડ કરી છે, જેનું નામ શેન વારિસ છે. મૂળ ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના મંગરૌલી ગામનો રહેવાસી શેન, નોઇડાના સેક્ટર ૫માં ભાડાના મકાનમાં રહેતો હતો અને એક કંપનીમાં સેલ્સ મેનેજરનું પદ પણ સંભાળતો હતો. શેન પોતાના વિદેશમાં સક્રિય બોસના આદેશ પર કામ કરતો હતો અને ગુપ્ત સંદેશાવ્યવહાર માટે ફેક સિમ કાર્ડ, વોટ્સએપ વગેરેનો ઉપયોગ કરતો હતો. શેન પાસેથી મળેલી માહિતીના આધારે, NCBએ ૨૦ નવેમ્બરના રોજ છતરપુર એન્ક્લેવ ફેઝ-૨ના એક ઘરમાં દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ત્યાંથી ૩૨૮.૫૪ કિલો મેથામ્ફેટામિન જપ્ત કરવામાં આવ્યું હતું.

# News Brief

## કર્ણાટકના CM બદલવા અંગે કોંગ્રેસ હાઈકમાન્ડનો નિર્ણય અંતિમ



નવી દિલ્હી/ચંદીગઢ | કર્ણાટકમાં મુખ્યમંત્રી પરિવર્તનને લઈને ચાલી રહેલી રાજકીય અટકળો વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી કે કર્ણાટકના CM બદલવા અંગેનો નિર્ણય માત્ર અને માત્ર પાર્ટી હાઈકમાન્ડ જ લેશે અને તેઓ આ મામલે કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી. ખડગેએ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે એક કલાકથી વધુ સમયની મુલાકાત બાદ આ ટિપ્પણી કરી હતી, જેનાથી દક્ષિણના આ મહત્ત્વના રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મલ્લિકાર્જુન ખડગેના નિવેદન પર ભાજપના ધારાસભ્ય સુરેશ કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કટાક્ષ કરતા લખ્યું કે, "જો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ હાઈકમાન્ડ નથી, તો કોણ છે?" આ નિવેદન કોંગ્રેસની આંતરિક ગતિવિધિઓ પર વિપક્ષને નિશાન બનાવવાનો મોકો આપી ગયું છે.

## દિલ્હીમાં ઈન્ડિયા ગેટ સામે પ્રદૂષણ મુદ્દે દેખાવ, પોલીસ પર હુમલો



નવી દિલ્હી | રાજધાની દિલ્હીમાં પ્રદૂષણની ભયાનક સ્થિતિને લઈને ઈન્ડિયા ગેટ સામે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું, પરંતુ આ દેખાવમાં એક ચોંકાવનારો અને અસામાન્ય વળાંક આવ્યો છે. દેખાવકારોએ જ્યારે તેમને વિખેરવાનો પ્રયાસ કરાયો ત્યારે પોલીસ પર પેપર સ્પ્રેથી હુમલો કર્યો હતો, જેમાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. આટલું જ નહીં, દેખાવકારોએ તાજેતરમાં માર્યા ગયેલા નક્સલી કમાન્ડર માડવી હિડમાના સમર્થનમાં પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. દિલ્હીની અત્યંત ખરાબ હવા ગુણવત્તાને દૂર કરવા માટે કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ કરનારાઓ ઈન્ડિયા ગેટ પાસે સી-હેક્સાગોનમાં એકઠા થયા હતા. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કેટલાક વિરોધીઓ સી-હેક્સાગોનમાં પ્રવેશ્યા અને અવરોધ પાર કરવાનો પ્રયાસ કર્યો. પોલીસે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે પાછળ ઘણી એમ્બ્યુલન્સ અને ડોકટરો ફસાયેલા છે.

## દિલ્હી એરપોર્ટ પર અફઘાનિસ્તાનનું પ્લેન ખોટા રનવે પર લેન્ડ થયું



નવી દિલ્હી | દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે બપોરે એક મોટી હવાઈ દુર્ઘટના બનતા માંડ ટળી ગઈ હતી. અફઘાનિસ્તાનનું પ્લેન ભૂલથી ટેકઓફ માટે ઉપયોગમાં લેવાતા રનવે પર લેન્ડ થઈ ગયું હતું. સદનસીબે તે સમયે રનવે પર અન્ય કોઈ વિમાન હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી. આ ઘટના રવિવારે બપોરે ૧૨.૦૬ વાગ્યે બની હતી. અફઘાનિસ્તાનની એરિયાના એરલાઈન્સની ફ્લાઈટ FG ૩૧૧ કાબુલથી દિલ્હી એરપોર્ટ પર દુર્ઘટના ટળી તે ઘટના માટે જવાબદાર હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનને રનવે ૨૯ Left (૨૯L) પર લેન્ડિંગની પરમિશન આપવામાં આવી હતી, પરંતુ પાયલટે ભૂલથી તેને ૨૯ Right (૨૯R) પર લેન્ડ કરાવી દીધું હતું.

### હજારો ભારતીયોને મોટો ફાયદો

## કેનેડા નાગરિકતાના કાયદામાં મહત્ત્વપૂર્ણ સુધારો કરશે

(એજન્સી) ઓટ્ટાવા | તા. 24

કેનેડાની સરકારે બિલ C-3 દ્વારા તેના નાગરિકતા કાયદાઓમાં મહત્ત્વપૂર્ણ ફેરબદલ કરવાની જાહેરાત કરી છે. આ સુધારો કેનેડા નાગરિકતાના કાયદામાં મહત્ત્વપૂર્ણ સુધારો ગણાય છે, જેનો મુખ્ય હેતુ સિસ્ટમમાં રહેલી જૂની વિસંગતતાઓને દૂર કરવાનો અને વૈશ્વિક સ્તરે ગતિશીલ પરિવારોની વાસ્તવિકતા સાથે નાગરિકતા માળખાને સુસંગત કરવાનો છે. આ ફેરફારથી હજારો ભારતીય મૂળના પરિવારો સહિત વિદેશમાં જન્મેલા કેનેડિયનોને પણ મોટો ફાયદો થવાની સંભાવના છે.

ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેગે ડિયાબના જણાવ્યા અનુસાર, આ નવો કાયદો ગેરવાજબી રીતે નાગરિકતાથી બાકાત રહી ગયેલા લોકોને તેમનું નાગરિકત્વ પાછું આપશે અને કેનેડિયન નાગરિકત્વની પ્રમાણિકતા ફરી સ્થાપિત કરશે.

આ સુધારાની મુખ્ય સમસ્યા ૨૦૦૯માં રજૂ કરાયેલા 'પ્રથમ પેઢીની મર્યાદા'માંથી ઉદ્‌ભવી હતી, જે મુજબ કેનેડાની બહાર જન્મેલા કેનેડિયન માતાપિતાના બાળકો માટે નાગરિકત્વ મેળવવું મુશ્કેલ બની ગયું હતું. આ નિયમને કારણે ઘણા લોકો 'લોસ્ટ કેનેડિયન્સ' તરીકે ઓળખાવા લાગ્યા, કારણ કે કાનૂની માન્યતાના અભાવે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

### ઋષિકેશ નજીક જોલી ગ્રાન્ટ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ૧૮૬ મુસાફરોનો આબાદ બચાવ

## ઈન્ડિગોનું વિમાન નુકસાનગ્રસ્ત: મુંબઈથી આવેલી ફ્લાઈટ સાથે ઋષિકેશ નજીક પક્ષી અથડાયું

(એજન્સી) ઋષિકેશ/દેહરાદૂન | તા. 24

આર્થિક રીતે સંકટનો સામનો કરી રહેલા અફઘાનિસ્તાન માટે ભારત એક મોટું અને વિશ્વસનીય બજાર સાબિત થયું છે. અફઘાન કૃષિ મંત્રાલયના પ્રવક્તા અખુંદઝાદા અબ્દુલ સલામ જવાદના જણાવ્યા અનુસાર, ભારતમાં અફઘાનિસ્તાન તરફથી મુખ્યત્વે સૂકા અંજીર, કિસમિસ, પિસ્તા, બદામ જેવા સૂકા મેવાઓ તેમજ કિંમતી કેસર, હિંગ અને તેના બીજ જેવી વસ્તુઓની નિકાસ કરવામાં આવે છે. ભારતીય ઘરોમાં આ વસ્તુઓની મોટી માંગ હોય છે, ખાસ કરીને તહેવારોની સિઝનમાં. આનાથી વિપરીત, અફઘાનિસ્તાન ભારતમાંથી દવાઓ, ઔદ્યોગિક કારખાનાઓ માટે કાચો માલ, મશીનરી, સુતરાઉ કાપડ અને ઓટો પાર્ટ્સની આયાત કરે છે. ભારત-અફઘાનિસ્તાન વેપાર માટે સૌથી મોટા પ્રોત્સાહક સમાચાર એ છે કે ભારતે બંને દેશો વચ્ચે સત્તાવાર રીતે કાર્ગો ફ્લાઈટ્સ ફરી શરૂ કરી દીધી છે. પાકિસ્તાન સાથેના વણસેલા સંબંધોને કારણે વાઘા સરહદ માર્ગની અનુપલબ્ધતાથી અફઘાન વેપારીઓને પહેલા ખૂબ જ મુશ્કેલી પડતી હતી.

---

# પાકિસ્તાની ISI ટીમ બાંગ્લાદેશ પહોંચી સરહદે તપાસ કરતા દેશભરમાં વિરોધ જાગ્યો

**(એજન્સી) ઢાકા । તા. 24**

બાંગ્લાદેશમાં હાલના રાજકીય અને સામાજિક અસ્થિરતા વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે દેશભરમાં વિરોધનો સૂર જગાડ્યો છે. પાકિસ્તાનની ગુપ્તચર અને જાસૂસી સંસ્થા પાકિસ્તાની ISI ટીમ બાંગ્લાદેશમાં ચોક્કસાઈભરી તપાસ હાથ ધરવા માટે પહોંચી છે. આ ટુકડીએ માત્ર વિવિધ શહેરોમાં જ નહીં, પરંતુ સેનાના ટોચના અધિકારીઓ અને સરકારી પ્રતિનિધિઓ સાથે પણ બેઠકો યોજી છે. આઈએસઆઈના વરિષ્ઠ અધિકારીઓને બાંગ્લાદેશની જાસૂસી સંસ્થાના અધિકારીઓએ હેલિકોપ્ટરમાં બેસીને બાંગ્લાદેશ સરહદ ઉપરની સલામતી વ્યવસ્થાનું નિદર્શન પણ કરાવ્યું હતું. આ ઘટનાને કારણે દેશમાં પાકિસ્તાન દ્વારા કોઈ "ખતરનાક સાજીશ"ની શક્યતા દેખાઈ રહી છે.



દેશના ખ્યાતનામ પત્રકાર સલાહુદ્દીન ચૌધરીએ મોહમ્મદ યુનુસ સરકારના આ પગલાંની ઉગ્ર ટીકા કરી છે. ચૌધરીએ સ્પષ્ટ પ્રશ્ન ઉઠાવ્યો કે, "વિદેશના જાસૂસી અધિકારીઓને દેશના હાઈ-સિક્યુરિટી ઝોનમાં શા માટે લઈ જવામાં આવે છે? વાસ્તવમાં તેથી દેશની નિર્બળતા છતી થઈ જાય છે." આઈએસઆઈની ટીમ ૧૪ નવેમ્બરથી બાંગ્લાદેશમાં છે અને ૨૫મી નવેમ્બર સુધી રોકાવાની છે. આ સમયગાળો એવો છે જ્યારે દેશમાં જનરેશન ઝેડના યુવાનો, વિદ્યાર્થીઓ અને બેકારી, મોંઘવારી તેમજ વ્યાપી રહેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ સરકાર સામે રણે ચઢ્યા છે અને રમખાણો થઈ રહ્યાં છે.

---

## ભારત-ઈઝરાયેલ વચ્ચે મુક્ત વેપાર કરાર, બે તબક્કામાં અમલની શક્યતા

જેરુસલેમ | અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર સૌથી વધુ ૫૦ ટકા ટેરિફ નાંખ્યો છે ત્યારે ભારતે અમેરિકા સામે ટ્રેડ યુદ્ધમાં ઉતરવાના બદલે બ્રિટન, યુરોપ અને દક્ષિણ આફ્રિકા જેવા દુનિયાના અન્ય બજારો તરફ નજર દોડાવી છે. આ શ્રેણીમાં ભારતને ઈઝરાયેલના સ્વરૂપમાં એક નવો ટ્રેડ પાર્ટનર મળ્યો છે. ઈઝરાયેલ સાથે મુક્ત વેપાર કરાર (એફટીએ) માટે ભારતની વાટાઘાટો અંતિમ તબક્કામાં છે. બંને દેશ એફટીએનો શક્ય એટલો વહેલા લાભ મેળવવા માટે બે તબક્કામાં તેનો અમલ કરે તેવી શક્યતા છે. ભારત અને ઈઝરાયેલે આ અંગે ઔપચારિક વાટાઘાટો શરૂ કરવા ગુરુવારે ટીઓઆર પર હસ્તાક્ષર કર્યા હતા. અમેરિકાના ૫૦ ટકા ટેરિફની અસર ભારતની નિકાસ પર સ્પષ્ટરૂપે જોવા મળી રહી છે, જેના કારણે ભારતીય ઉદ્યોગો પર દબાણ વધ્યું છે.

---

# ભારત એક વિશ્વસનીય અને આધારભૂત સાથી તરીકે આગળ આવી રહ્યું છે : ગોયેલ

### ઈઝરાયલ-ભારત સંબંધો અંગે કેન્દ્રીય-મંત્રીનો-અભિગમ

**(એજન્સી) તેલઅવિવ । તા. 24**

ભારતના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ અહીં પત્રકારો સાથેની વાતચીતમાં ખુલ્લાં મને કહ્યું હતું કે, અંતર-રાષ્ટ્રીય-સંબંધોમાં ભારત એક વિશ્વસનીય અને આધારભૂત સાથી તરીકે આગળ આવી રહ્યું છે.

ઈઝરાયલના વિત્ત અને ઉદ્યોગમંત્રી નિર બર્કતમાં આમંત્રથી, અહીં આવેલા પીયુષ-ગોયેલે તેઓની ૨૦-૨૧-૨૨ના ત્રણ દિવસની ઈઝરાયલની મુલાકાતના અંતે, ગઈકાલે ભારત પરત આવતાં પૂર્વે યોજેલી પત્રકાર પરિષદમાં ભારત-ઈઝરાયલ સંબંધો અંગે પોતાનો (ભારત વતી) અભિગમ દર્શાવ્યો હતો.

તેઓએ વધુમાં કહ્યું હતું કે, માત્ર ઈઝરાયલ જ નહીં દુનિયાના મોટાભાગના દેશો ભારત વિષે આમ માને છે. અને વિવિધ ક્ષેત્રોમાં ભારત સાથે સહકાર અને સંગઠન સાધી રહ્યા છે.

પીયુષ ગોયેલે, વધુમાં કહ્યું હતું કે, સતત વિકાસના આધારે દુનિયાના ઘણા દેશો સાથે ભારતના સંબંધો સુધરી રહ્યા છે અને વિકસી પણ રહ્યા છે. તેનું કારણ આર્થિક, રાજકીય અને વ્યુહાત્મક દ્રષ્ટિએ ભારત તે દેશો પ્રત્યે હાથ લંબાવતું રહ્યું (સહાયભૂત થતું રહ્યું) છે, તે છે.

ઈઝરાયેલ સાથેના કરારો અંગે તેઓએ કહ્યું હતું કે ઘણા ફ્રી-ટ્રેડ-એગ્રીમેન્ટ્સ થયા છે. દુનિયા ભારતની આર્થિક શક્તિ જાણે છે, અને તે હંમેશા સાથી દેશોને સહકાર આપી તેમની પણ, આર્થિક શક્તિ વધારવા સહાય કરે છે. તેથી ભારત સાથે સંબંધો વધારવા સહુ આતુર છે.

---

**હુમલો** | આતંકીઓએ મુખ્ય ગેટ પર આત્મઘાતી હુમલો કરી ઘૂસવાનો પ્રયાસ કર્યો

# પાક. પેરામિલિટ્રી હેડક્વાર્ટર પર ભીષણ આતંકી હુમલો

**(એજન્સી) પેશાવર । તા. 24**

પાકિસ્તાનના પેશાવર શહેરમાં ફરી એકવાર આતંકવાદીઓએ માથું ઊંચક્યું છે. એક અત્યંત આંચકાજનક ઘટનામાં, પેરામિલિટ્રી ફોર્સના મુખ્ય હેડક્વાર્ટરને નિશાન બનાવીને એક મોટો આતંકી હુમલો કરવામાં આવ્યો છે. સ્થાનિક સૂત્રો દ્વારા મળેલા અહેવાલો મુજબ, આ હુમલાની શરૂઆત એકસાથે થયેલા બે જોરદાર વિસ્ફોટોથી થઈ, જેના કારણે સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો. વિસ્ફોટ બાદ તુરંત જ બંદૂકધારી આતંકવાદીઓએ પેશાવર હુમલાને વધુ ઘાતક બનાવવા માટે અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો.

આ હુમલામાં આતંકવાદીઓની રણનીતિ સ્પષ્ટપણે સુરક્ષા દળોના કેન્દ્રને નબળું પાડવાની હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયો અને મીડિયા અહેવાલ પ્રમાણે, એક આત્મઘાતી હુમલાખોરે પેરામિલિટ્રી હેડક્વાર્ટરના મુખ્ય ગેટ પર જ ફિદાયીન હુમલો કર્યો હતો. આ આત્મઘાતી હુમલો એટલો ભયંકર હતો કે તેણે આસપાસના વિસ્તારમાં મોટો ધડાકો કર્યો અને મુખ્ય મથકમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો. જોકે, સુરક્ષા દળોએ



સમયસર જવાબી કાર્યવાહી શરૂ કરતાં આતંકીઓ અંદર સુધી ઘૂસી શક્યા નહોતા.

સુરક્ષા દળો અને બાકી રહેલા આતંકવાદીઓ વચ્ચે સામ-સામે ગોળીબાર ચાલી રહ્યો છે. પ્રારંભિક માહિતી મુજબ, હુમલાખોરો સહિત ઓછામાં ઓછા ત્રણ લોકો જીવ ગુમાવી ચૂક્યાની માહિતી મળી રહી છે. મૃતકોમાં એક આત્મઘાતી હુમલાખોર અને અન્ય એક આતંકવાદી સામેલ હોવાનું માનવામાં આવે છે. જોકે, હજુ સુધી આ સત્તાવાર આંકડાની પુષ્ટિ થઈ નથી. બિન-પુષ્ટિ થયેલા અહેવાલો મુજબ, ત્રણ સુરક્ષાકર્મીઓ પણ મૃત્યુ પામ્યા હોવાની આશંકા છે.

**■ સંરક્ષણ દળોની તત્પરતા અને પ્રતિભાવ**

પેશાવર હુમલાની જાણ થતાં જ સુરક્ષા દળોની વધારાની ટુકડીઓને તુરંત ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારને સુરક્ષાકર્મીઓએ ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ હુમલાને પગલે શહેરમાં ભય અને અસલામતીનો માહોલ છે. પેરામિલિટ્રી હેડક્વાર્ટર પર થયેલા આ હુમલાએ પાકિસ્તાનમાં સુરક્ષાની સ્થિતિ સામે ફરી એક મોટો પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. ભૂતકાળમાં પણ પેશાવર અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંત આતંકવાદી હુમલાઓનું કેન્દ્ર રહ્યા છે.

---

# ઈઝરાયેલે હિઝબુલ્લાહના વડાને નિશાન બનાવી બૈરુત પર હુમલો કર્યો

**(એજન્સી) બૈરુત/જેરૂસલેમ । તા. 24**

મધ્ય-પૂર્વમાં શાંતિના પ્રયાસો વચ્ચે ફરી એકવાર તણાવ ભડક્યો છે. રવિવારે ઈઝરાયેલે લેબેનોનની રાજધાની બૈરુતના દક્ષિણ વિસ્તારને લક્ષ્ય બનાવીને હુમલો કર્યો હતો. ઈઝરાયેલ-લેબેનોન હુમલો હિઝબુલ્લાહના ચીફ ઓફ સ્ટાફને નિશાન બનાવવાના હેતુથી કરવામાં આવ્યો હોવાનું ઈઝરાયેલે જણાવ્યું છે. આ હુમલાથી બંને દેશો વચ્ચે ફરી એક વખત તંગદિલીમાં વધારો થયો છે. લેબેનોન આરોગ્ય મંત્રાલયે આપેલી માહિતી મુજબ, આ હુમલામાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ૨૧ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાટ્ઝે એક નિવેદનમાં સ્પષ્ટ કર્યું કે, "અમે ઉત્તરના લોકો અને ઈઝરાયેલ દેશને કોઈ પણ ખતરાથી બચાવવા માટે જોરદાર કાર્યવાહી કરતા રહીશું." આ હુમલો હિઝબુલ્લાહના વડાને નિશાન બનાવવાની સાથે જ ઈરાનના સમર્થન પ્રાપ્ત આતંકવાદી જૂથને શસ્ત્રો ન બનાવવાની સ્પષ્ટ ચેતવણી પણ હતી. આ કાર્યવાહી ઈઝરાયેલ-હિઝબુલ્લાહ યુદ્ધ સમાપ્ત થયાના માત્ર એક વર્ષ બાદ જ કરવામાં આવી છે, જે ક્ષેત્રમાં સ્થિરતાની નબળાઈ દર્શાવે છે. ઈઝરાયેલ સરકારના પ્રવક્તા શોશ બેડ્રોસિયને અમેરિકાને જાણ કરવા અંગેની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો અને માત્ર એટલું જ કહ્યું કે ઈઝરાયેલ પોતાના નિર્ણયો જાતે લે છે. આ સંવેદનશીલ સમયમાં ઈઝરાયેલ-લેબેનોન હુમલો થવો, જ્યારે પોપ લિઓ ૧૪માની લેબેનોન યાત્રા નિર્ધારિત છે, તે આંતરરાષ્ટ્રીય સમુદાય માટે ચિંતાનો વિષય બન્યો છે. લેબેનોનના પ્રમુખ જોસેફ આઉને આ હુમલાની સખત ટીકા કરી છે અને ઈઝરાયેલ પર યુદ્ધ વિરામ સમજૂતીનો ભંગ કરવાનો ગંભીર આરોપ મૂક્યો છે.

## અંતિમ સંસ્કાર પછી હેમા માલિની-ઈશા દેઓલે દુઃખી ચહેરે ચાહકો સમક્ષ હાથ જોડ્યા; ફિલ્મી હસ્તીઓએ ઘરે જઈ પરિવારને સાંત્વના આપી

# અલવિદા ધર્મેન્દ્ર....'વીરુ' પંચમહાભૂતમાં વિલીન, બોલિવૂડમાં શોક




**યાદગાર રહી સફર**

ધર્મેન્દ્રનો જન્મ 8 ડિસેમ્બર, 1935ના રોજ પંજાબમાં થયો હતો. 65 વર્ષના ફિલ્મી કરિયરમાં તેમણે 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું અને હિન્દી સિનેમા જગતમાં અનેક હિટ ફિલ્મો આપી. તેમણે 1960માં દિલ ભી તેરા હમ ભી તેરે ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું.

(એજન્સી) મુંબઇ | તા.24

દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું આજે 24 નવેમ્બર 2025ના રોજ 89 વર્ષની વયે નિધન થયું છે. તેઓ ભારતીય સિનેમાના હી-મેન તરીકે પ્રખ્યાત હતા. તેમના નિધનથી સિનેમા જગતમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. વૃદ્ધાવસ્થાના કારણે તેઓ છેલ્લા ઘણાં સમયથી વિવિધ બીમારીથી પીડિત હતા. મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. હજુ થોડા દિવસ પહેલા જ તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી અને ઘરે તેમની સારવાર ચાલી રહી હતી.

## ભારતીય સિનેમામાં એક યુગનો અંત, PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈમાં ફિલ્મ અભિનેતા ધર્મેન્દ્ર દેઓલે 89 ઉંમરે અંતિમ શ્વાસ લીધા. પુત્ર સની દેઓલે તેમના મુખાગ્નિ આપી. બોલિવુડના દિગ્ગજ અભિનેતાના નિધનથી બોલિવૂડ સહિત રાજકીય દિગ્ગજો પણ શોક વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે પીએમ મોદીએ પણ દુઃખ વ્યક્ત કર્યું. પીએમ મોદીએ ટ્વિટ કરતા જણાવ્યું કે ધર્મેન્દ્રના નિધનથી ભારતીય સિનેમામાં એક યુગનો અંત આવ્યો. તેઓ એક પ્રતિષ્ઠિત ફિલ્મ પર્સનાલિટી હતા, એક અસાધારણ અભિનેતા હતા જેમણે ભજવેલી



દરેક ભૂમિકામાં ઊંડાણ અને આકર્ષણ જોવા મળતુ. તેમણે અલગ અલગ પ્રકારના રોલ નિભાવ્યા જે અગણિત લોકોના દિલ પર છવાયા. ધર્મેન્દ્રજી તેમની સાદગી, નમ્રતા અને પ્રેમ માટે જાણીતા હતા. આ દુઃખની ઘડીમાં મારા વિચારો તેમના પરિવાર, મિત્રો અને અસંખ્ય ચાહકો સાથે છે. ઓમ શાંતિ.

## ધર્મેન્દ્રની 65 વર્ષની લાંબી કારકિર્દી

ધર્મેન્દ્રએ 1960માં ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' થી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેઓ 1961ની ફિલ્મ 'બોય ફ્રેન્ડ'માં સહાયક ભૂમિકામાં જોવા મળ્યા હતા. અસંખ્ય હિટ, સુપરહિટ અને બ્લોકબસ્ટર આપીને ધર્મેન્દ્ર 65 વર્ષ સુધી અભિનયમાં સક્રિય રહ્યા. તેમણે શોલે (1975), ચુપકે ચુપકે (1975), સીતા ઔર ગીતા (1972), ધરમવીર (1977), ફૂલ ઔર પથ્થર (1966), જુગનુ (1973) અને યાદો કી બારાત (1973) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. હવે તો જલ્દી જ અગસ્ત્ય નંદાની ફિલ્મ ઈક્કીસમાં જોવા મળશે જે 25 ડિસેમ્બરે રીલીઝ થશે.

## બોલિવૂડમાં વીરુ, હીમેન, ધરમ પાજી તરીકે જાણીતા ધર્મેન્દ્ર આખરે પંચતત્વમાં વિલીન થયા. સલમાન, આમિર ખાન, અમિતાભ, કાજોલ સહિતની અનેક બોલિવૂડ હસ્તીઓની હાજરીમાં તેમને મુખાગ્નિ અપાયા







## કઇ બીમારીઓના કારણે ધર્મેન્દ્રનું નિધન થયું ?

ધર્મેન્દ્ર છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. 31 ઓક્ટોબરે સમાચાર આવ્યા કે તેઓ ચેકઅપ માટે હોસ્પિટલમાં ગયા હતા. જોકે, પછીથી એવા અહેવાલો આવ્યા કે તેઓ નિયમિત ચેકઅપ માટે ગયા હતા. 10 નવેમ્બરે સમાચાર આવ્યા કે ધર્મેન્દ્રને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની તબિયતમાં સુધારો થયા પછી તેમને રજા આપવામાં આવી. સૂત્રોના જણાવ્યા મુજબ, તેઓ ઘણી બીમારીઓથી પીડાતા હતા.

### ધર્મેન્દ્રને કઈ સમસ્યાઓ હતી?

ન્યુમોનિયાને કારણે શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને સેપ્સિસ પણ થયો હતો. સેપ્સિસ એક એવી સ્વાસ્થ્ય સ્થિતિ છે જેમાં આપણી રોગપ્રતિકારક શક્તિ હવે આપણું રક્ષણ કરતી નથી પરંતુ તેના બદલે આપણા શરીરને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે. તેમને લાંબા સમયથી હૃદયની બીમારી પણ હતી. જોકે, હોસ્પિટલે તેમની અંતર્ગત સ્વાસ્થ્ય સ્થિતિઓ અંગે કોઈ માહિતી જાહેર કરી નથી.

### તેમની ઘરે સારવાર ચાલી રહી હતી

હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી, તેઓ ઘરે સારવાર લઈ રહ્યા હતા. તેઓ સ્વસ્થ થઈ રહ્યા હતા. જોકે, આજે, 24 નવેમ્બરે તેમના અચાનક અવસાનના સમાચાર આવ્યા, જેનાથી બધાને આઘાત લાગ્યો. તેમના અંતિમ સંસ્કાર મુંબઈના વિલે પાર્લે સ્થિત પવન હંસ સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. સલમાન ખાન, શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર, અનિલ કપૂર, ગોવિંદા અને ઉદ્યોગ જગતના ઘણા અગ્રણી વ્યક્તિઓએ તેમના અંતિમ દર્શન માટે હાજરી આપી હતી. ધર્મેન્દ્રના ઘણા ચાહકો અને સેલિબ્રિટીઓએ પણ સોશિયલ મીડિયા પર તેમને યાદ કર્યા હતા.



## એશા દેઓલ સ્કાર્ફથી ચહેરો ઢાંકી સ્મશાનગૃહમાં દોડી ગઇ....

ધર્મેન્દ્રની પુત્રી એશા દેઓલનો એક એવો વીડિયો સામે આવ્યો છે જે કોઈપણને ભાવુક કરી દેશે. તે તેના પિતાને અંતિમ વિદાય આપવા દોડતી જોવા મળી હતી. તેમના અચાનક નિધનથી એશા ખૂબ જ દુઃખી થઈ ગઈ હતી. તેણીએ દુપટ્ટાથી પોતાનો ચહેરો ઢાંક્યો હતો અને પવન હંસ સ્મશાનગૃહની અંદર દોડતી જોવા મળી હતી. એશા દેઓલ ઉપરાંત, ધર્મેન્દ્રની બીજી પત્ની હેમા માલિનીનો એક વીડિયો પણ સામે આવ્યો છે. સમારંભ દરમિયાન તે પણ સાદા પોશાકમાં જોવા મળી હતી. પતિના વિદાયનું દુઃખ તેમના ચહેરા પર સ્પષ્ટપણે દેખાય છે. હેમા માલિનીને જોઈને એવું લાગે છે કે તે ખૂબ જ દુઃખી છે.



## ફિલ્મ જગતમાં શોકની લહેર

ધર્મેન્દ્રને શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય ઘણી વય-સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. હોસ્પિટલ અને ઘરે સતત સારવાર અને દેખરેખ છતાં, તેમની સ્થિતિ ગંભીર રહી. તેમના પરિવારના સભ્યો તેમની સંભાળ રાખતા રહ્યા. કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક મદદ મળે તે માટે ધર્મેન્દ્રના ઘરે એમ્બ્યુલન્સ અને ડોકટરોની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમના ચાહકો અને ફિલ્મ ઉદ્યોગના ઘણા સભ્યો પણ તેમના સ્વાસ્થ્ય વિશે નિયમિત અપડેટ મેળવતા રહ્યા. સલમાન ખાન, શાહરૂખ ખાન અને ગોવિંદા સહિત ઘણી હસ્તીઓ ધર્મેન્દ્રની હોસ્પિટલ અને તેમના ઘરે મુલાકાત લઈને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી. તેમના નિધનના સમાચારથી સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં શોકની લહેર ફેલાઈ ગઈ.

## 16 BLOના મોત, 60 FIR દાખલ અને 2 સસ્પેન્ડ...

# શું SIRની ડેડલાઇન ડેથલાઇન બની ગઇ?

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતમાં, દરેક નાગરિકનો મત એક શક્તિ છે, તેથી સચોટ મતદાર યાદીઓ જાળવવી મહત્વપૂર્ણ છે. આ માટે, ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) નામનું અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન હેઠળ, દેશભરમાં ઘરે ઘરે જઈને મતદારોની ચકાસણી કરવામાં આવી રહી છે અને યાદી અપડેટ કરવામાં આવી રહી છે. સરકાર દાવો કરે છે કે આ પહેલ લોકશાહીને મજબૂત બનાવવાનો હેતુ છે, પરંતુ વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, આરોપ લગાવે છે કે આ કોઈ સુધારો નથી પરંતુ જનતા પર બોજ નાખવાનો પ્રયાસ છે. એસઆઈઆર પર ચાલી રહેલી ચર્ચા વધી રહી છે, જે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે એસઆઈઆરએ દેશભરમાં અરાજકતા ફેલાવી છે. તેમણે કહ્યું કે ત્રણ અઠવાડિયામાં ૧૬ બીએલઓ (બૂથ લેવલ ઓફિસર્સ) એ પોતાના જીવ ગુમાવ્યા છે, જે દર્શાવે છે કે સરકારે યોગ્ય આયોજન વિના આ અભિયાન શરૂ કર્યું હતું. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે જ્યારે ભારત વિશ્વ માટે અદ્યતન સોફ્ટવેર વિકસાવી રહ્યું છે, ત્યારે ચૂંટણી પંચ હજુ પણ નાગરિકોને 22 વર્ષ જૂની મતદાર યાદીઓના પાના સ્કેન કરીને તેમના નામ શોધવાનું કહી રહ્યું છે. તેમના મતે, આ સમગ્ર પ્રક્રિયાનો હેતુ સાચા મતદારોને નિરાશ કરવાનો અને તેમને હાર માની લેવાનો છે, જેનાથી મતદાનમાં સરળતાથી ગેરરીતિ થઈ શકે છે. રાહુલ ગાંધી કહે છે કે જો ઈરાદા પ્રામાણિક હોત, તો મતદાર યાદી ડિજિટલ અને સરળતાથી શોધી શકાય તેવી બની હોત.

### નોઇડામાં 60 થી વધુ BLO સામે FIR દાખલ

ઉત્તર પ્રદેશમાં SIR અભિયાનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે, અને વહીવટીતંત્ર કડકતા દાખવી રહ્યું છે. નોઈડામાં 60 થી વધુ BLO અને સાત સુપરવાઈઝર સામે FIR દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેઓ ફરજ પર હાજર થયા નથી અથવા વરિષ્ઠ અધિકારીઓની સૂચનાઓનું પાલન કરતા નથી. બહરાઈચથી એવા પણ અહેવાલો છે કે બે BLO ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને એક સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. વહીવટીતંત્ર કહે છે કે મતદાર યાદી અપડેટ કરવી એ એક મહત્વપૂર્ણ કાર્ય છે અને કોઈ પણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં.

### BLO નું કામ તણાવનું કારણ બની ગયું છે

SIR ઝુંબેશમાં BLO ની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમને ઘરે ઘરે જઈને મતદાર ફોર્મ ભરવા, દસ્તાવેજો ચકાસવા, રેકોર્ડ ચકાસવા અને ખોટી એન્ટ્રીઓ દૂર કરવા જેવા મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવા પડે છે. આ મર્યાદિત સમયમર્યાદામાં કરવું પડે છે, આમ BLO પર નોંધપાત્ર દબાણ આવે છે. ઘણી જગ્યાએથી મળેલા અહેવાલો દર્શાવે છે કે કર્મચારીઓને આરામ કર્યા વિના લાંબા સમય સુધી કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. લખનૌમાં એક BLO ના મૃત્યુ બાદ, કર્મચારીઓએ આરોપ લગાવ્યો કે વધુ પડતા કામ અને તણાવને કારણે તેમનું મૃત્યુ થયું. જો કે, વહીવટીતંત્ર, આને તેમની ફરજના ભાગ રૂપે ફગાવી દે છે, તેમ છતાં, લોકશાહી પ્રક્રિયા માટે આ કાર્ય આવશ્યક હોવાનું જાળવી રાખે છે.


## કબજાની નોટિસ

જયારે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ 2002 ના નિયમ 8 સાથે વાંચતા કલમ 13 (12) હેઠળ મળેલ સત્તાઓનો ઉપયોગ કરીને, ધીરાણદાર/સહ-ધીરાણદારને નોટિસની રસીદની તારીખથી **60 દિવસ**ની અંદર, સંબંધિત નામો સામે દર્શાવેલ રકમ, લાગુ પડતા વ્યાજ દર સાથે, તેમજ ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલ લાગુ પડતા ભવિષ્યના વ્યાજ, આનુષંગિક ખર્ચાઓ, પડતર, ચાર્જીસ વગેરેની ચુકવણી કરવા માટે **ડિમાન્ડ નોટિસ** જારી કરી હતી.

| ક્ર. નં. | લોન નંબર | ધીરાણદાર/ સહ-ધીરાણદાર/ જામીનદાર/ ગીરોકર્તા | કલમ 13(2) નોટિસની તારીખ/ બાકી લેણાં (રૂ. માં) | કબજાની તારીખ/સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1. | 49649420000147 અને 49649430000022 | 1) જોશી સુનીલ હરેશભાઇ, 2) જોશી પૂજાબેન સુનીલભાઇ | 23/09/2025, Rs. 16,33,001/- (સોળ લાખ તેત્રીસ હજાર અને એક રૂપિયા માત્ર) 21/09/2025 મુજબ | તારીખ: 21/11/2025 સમય: 10:42 AM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત અસ્કયામતનું વર્ણન:** પીપલી ખાતે પ્લોટ નં. 66 પી.ની ચોરસ મીટર 76-11 જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક મકાન બ્લોક નં. 5 મોરબી જિલ્લા મોરબી જિલ્લાના પીપલી તા. ગામનો મહેસૂલ સર્વે નં. 299/3 પી. 1+2. **સીમાઓ: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** સરકારી પશ્ચિમ જમીન, **ઉત્તર:** બ્લોક નં. 4, **દક્ષિણ:** સરકારી પશ્ચિમ જમીન. | | | |
| 2. | 45229420005214 | 1) ડાભી સાવનકુમાર કેશુભાઇ, 2) ડાભી શ્રાદ્ધ સાવન | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ના રોજ રૂ. ૧૭,૫૯,૧૨૭/- (સત્તર લાખ ઓગણપચાસ હજાર એકસો વીસ માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: સવારે ૦૯:૦૭ પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** રતનપર રેવન્યુ સર્વે નં. ૧૯૫પી, જિલ્લો રાજકોટ ખાતે આવેલા પ્લોટ નં. ૭૪ થી ૭૬/૭ જમીન ૫૪-૯૮ ચો.મી. પર રહેણાંક મકાન, પ્લોટ નં. ૭૪ થી ૭૬, "સંગનીનગર" તરીકે ઓળખાતા વિસ્તારમાં બાંધવામાં આવ્યું છે. **સીમાઓ: ઉત્તર:** પેટા પ્લોટ નં. ૭૪ થી ૭૬/૬ સંયુક્ત દિવાલ, **દક્ષિણ:** પેટા પ્લોટ નં. ૭૪ થી ૭૬/૮ સંયુક્ત દિવાલ, **પૂર્વ:** ૬-૧૦ મીટર, રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. ૮૫ થી ૮૭. | | | |
| 3. | 31800430000319 | 1) મોહસીનખાન પઠાણ, 2) ફકરાનબીબી સોકતખાન પઠાણ, 3) રૂકસનાબીબી પઠાણ | ૧૮/૦૯/૨૦૨૫, ૧૭/૦૯/૨૦૨૫ના રોજ રૂ. ૩,૮૭,૪૫૨/- (ત્રણ લાખ એંસી સાત હજાર ચારસો બાવન માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: ૧૨:૨૫ બપોરે પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** જિલ્લો આણંદ, પેટા જિલ્લો પેટલાદ, મોજે વિશ્રોલી, ગ્રામ પંચાયત મિલકત નં.261, ઘર નં.209, માપેલ વિસ્તાર 400.00 (50*08) ચોરસ મીટર **સીમાઓ: પૂર્વ:** ઇશબખાનું ઘર આવેલું છે, **પશ્ચિમ:** મહમદખા દિલાવરખાની જમીન આવેલું છે, **ઉત્તર:** સોસાયટી રોડ આવેલું છે, **દક્ષિણ:** સિમ જમીન આવેલું છે | | | |
| 4. | 45179420001146 અને 45179410000038 | 1) ગોહિલ અજીતસિંહ રણજીતસિંહ, 2) ગોહિલ અર્પિતાબેન અજીતસિંહ | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૨૨,૬૬,૬૨૫/- (બાવીસ લાખ છસઠ હજાર છસો પચીસ રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: ૧૨:૪૭ બપોરે પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિની વિગતો:** આ મિલકત, ફ્લેટ નંબર C/504, આશરે 46.88 ચોરસ મીટર કાર્પેટ એરિયા, "VISAT ROAY" નામની યોજનામાં સ્થિત છે, જે ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના મૌજા પેથાપુરમાં સ્થિત છે. આ જમીન F.P. નં. 87, T.P. સ્કીમ નં. 16, બ્લોક/સર્વે નં. 89, નોંધણી સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લા ગાંધીનગર ખાતે આવેલી છે. **સીમા: પૂર્વ:** ફ્લેટ નંબર C/501 અને C/502, **પશ્ચિમ:** બગીચો, **ઉત્તર:** બ્લોક નંબર B, **દક્ષિણ:** ફ્લેટ નંબર C/503. | | | |
| 5. | 31799420001105 | 1) પ્રજાપતિ બ્રિજેશકુમાર ગોવિંદભાઈ, 2) પ્રજાપતિ સોનલબેન બ્રિજેશકુમાર | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૨૨,૭૫,૦૧૯/- (બાવીસ લાખ પંચોતેર હજાર અને ઓગણીસ રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: ૦૨:૦૫ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે મિલકત બિન-ખેતી જમીન પર બાંધવામાં આવ્યો છે એન.એ. સર્વે નં. ૫૫૬/૧ પાયકી ૧ પાયકી, "શ્રી અંબિકાનગર કંપની ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ", મિલકત નં. ૪૬, માણસા નગરપાલિકા મિલકત નં. ૧૬૯૯, ૮૬.૦૦ ચો.મી., ગામ માણસા, તા. માણસા, જિ. ગાંધીનગર ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** અંબિકાનગર સોસાયટીની દિવાલ અને એન.એ. સર્વે નં. ૫૫૭, **પશ્ચિમ:** ઘર/પ્લોટ નં. ૪૭ અને પ્લોટ નં. ૪૭ અને ૪૬ નો કોમન કરો, **ઉત્તર:** ઘર/પ્લોટ નં. ૪૪, **દક્ષિણ:** ઘર/પ્લોટ નં. ૪૬ થી આગળ પંચાલ કાંતાબેન રતિલાલનું ઘર. | | | |
| 6. | 45259420002721 અને 45259410000113 | 1) જતિન્દર સિંહ ગુરદાસ સિંઘ, 2) હરપાલ કૌર ગુરદાસ સિંઘ | ૧૨/૦૯/૨૦૨૫, ૧૫,૨૪,૭૬૯/- (પંદર લાખ ચોવીસ હજાર સાતસો ઓગણપચાસ રૂપિયા માત્ર) ૦૭/૦૯/૨૦૨૫ મુજબ | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: 03:35 PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મૌજે કડોદ્રા પલસાણામાં જમીનનો બિન-ખેતી પ્લોટ જે જમીન ધરાવતો આર.એસ. છે. નં.૧૦૨/૧.૧૦૨/૨, બ્લોક નં.૧૦૪ અને ૧૦૫ પક્કી, 'શિવમ રેસિડેન્સી' તરીકે ઓળખાય છે પક્કી પ્લોટ નં.૧૦૭, ૧૦૮, ૧૦૯, 'શાંતિનાથ પેલેસ બિલ્ડીંગ-એ' તરીકે ઓળખાય છે પક્કી ફર્સ્ટ ફ્લોર. ફ્લેટ નં.એ/૧૦૧. ૫૬૭.૦૦ ચોરસ ફૂટનું સુપર બિલ્ટ અપ. બિલ્ટ અપ એરિયા ૩૧૨.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૨૯ ચોરસ મીટરનો કાર્પેટ એરિયા ૨૮૬.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૨૬.૫૮ ચોરસ મીટરનો કાર્પેટ એરિયા, ફ્લેટ નં.એ/૧૦૨. સુપર ૫૬૯ ચોરસ ફૂટનું બિલ્ટ અપ, ૩૧૨.૦૦ ચોરસ ફૂટનો બિલ્ટ અપ એરિયા. ૨૯.૯ ચો.મી., રજીસ્ટ્રેશન જિલ્લો અને પેટા-જિલ્લો પલસાણા જિલ્લો સુરત ખાતે ૨૮૬.૦૦ ચો.મી. એટલે કે ૨૬.૫૮ ચો.મી. કાર્પેટ એરિયા. **સીમાઓ:** ફ્લેટ નં.એ/૧૦૧: **પૂર્વ:** પેસેજ/ફ્લેટ નં.૧૦૪, **ઉત્તર:** ઓટીએસ, **પશ્ચિમ:** સોસાયટી રોડ, દક્ષિણ: ફ્લેટ નં.૧૦૨. **સીમાઓ:** ફ્લેટ નં.એ/૧૦૨: **પૂર્વ:** પેસેજ/ ફ્લેટ નં.૧૦૩, **ઉત્તર:** ફ્લેટ નં.૧૦૧, **પશ્ચિમ:** સોસાયટી રોડ, **દક્ષિણ:** સોસાયટી પ્લોટ. | | | |
| 7. | 45259420004664 | 1) દીપક કુમાર, 2) સવિતા દેવી | ૧૭/૦૯/૨૦૨૫, ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૫,૩૩,૫૬૧/- (પાંચ લાખ ત્રીસ તેર હજાર પાંચસો સાઠ એક રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: 04:00 PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મૌજે દાસ્તાન, સુરતમાં જમીનનો તે બધો જ ટુકડો અને બિન-ખેતી પ્લોટ જમીન છે - જે R.S. નં. 144, બ્લોક નં. 139, 35916.00 ચોરસ મીટરનો "શિવ સાગર રહેઠાણ-2" તરીકે ઓળખાય છે. પૈક્કી પ્લોટ નં. 76, પાસિંગ પ્લાન મુજબ, બુકિંગ મુજબ 40.18 ચોરસ મીટરનો પ્લોટ, 40.14 ચોરસ મીટરનો અવિભાજિત જમીનનો હિસ્સો - 23.88 ચોરસ મીટરનો કુલ 64.06 ચોરસ મીટરનો પ્લોટ, નોંધણી જિલ્લા અને ઉપ-જિલ્લા પલસાણા જિલ્લા સુરત ખાતે. **સીમાઓ: ઉત્તર:** પ્લોટ નં. 77, **પૂર્વ:** પ્લોટ નં. 53, **દક્ષિણ:** પ્લોટ નં. 75, **પશ્ચિમ:** સોસાયટી રોડ. | | | |
| 8. | 45259420002964 | 1) ધનસુખભાઈ સુખદેવભાઈ ગાયકવાડ, 2) શારદાબેન ધનસુખભાઈ ગાયકવાડ | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૭,૬૯,૩૫૬/- (સાત લાખ સાઠ નવ હજાર ત્રણસો છપન માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: 04:૨૫ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મંજૂર યોજના મુજબ પ્લોટ નં. ૧૩૦/ઈ ધરાવતી જમીનનો તે તમામ ટુકડો અને પાર્સલ અને સમાજના લેઆઉટ યોજના મુજબ પ્લોટ નં. ૧૩૦, જેમાં આશરે ૪૪.૬૫ ચોરસ મીટરનો સમાવેશ થાય છે, અને સાથે સાથે ૧૫.૭૭ ચોરસ મીટરનો રોડ અને સી.ઓ.પી.માં અવિભાજિત પ્રમાણસર હિસ્સો પણ છે. કુલ ૬૦.૪૨ ચોરસ મીટર શ્રુષ્ટિ રેસીડેન્સી જમીન ધરાવતી રેવન્યુ સર્વે નં. ૧૨૩/૨ અને તેના બ્લોક નં. ૧૧૩, જે આશરે ૧૪૪૪૯ ચોરસ મીટરનો છે, જે કારેલી પેટા જિલ્લો પલસાણા જિલ્લા સુરતમાં સ્થિત છે. ઉપરોક્ત મિલકત આનાથી ઘેરાયેલી છે: **પૂર્વ:** સોસાયટી રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. ૮૯, **ઉત્તર:** પ્લોટ નં. ૧૩૧, **દક્ષિણ:** પ્લોટ નં. ૧૨૯. | | | |
| 9. | 45259610001478 | 1) ગોલુ કુમાર બંધુ પ્રસાદ, 2) યાદવ ઉજાલા શ્યામધારી | ૧૭/૦૯/૨૦૨૫, ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૧૯,૫૫,૮૯૬/- (ઓગણીસ લાખ પંચાવન હજાર આઠસો છપ્પન રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: સાંજે ૦૬:૧૫ પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** જમીનના પ્લોટ નં. ૯૬ ના તમામ ટુકડાઓ અને ભાગો, જે સ્થળ (પાસિંગ પ્લાન મુજબ આશરે ૪૦.૧૫ ચો.મી.) મુજબ આશરે ૪૦.૧૫ ચો.મી. માપે છે, સાથે રસ્તામાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો અને સી.ઓ.પી. આશરે ૧૬.૪૯ ચો.મી. માપે છે. જમીન પર આયોજિત સોમનાથ રેસીડેન્સીનો કુલ ૫૬.૬૪ ચો.મી. માપે છે. મહેસૂલ સર્વે નં. ૪૬૫ અને તેનો બ્લોક નં. ૪૨૬ ગામ ફોર્મ નં. ૭ અને ૧૨ અનુસાર આશરે ૧૫૯૮૫ ચો.મી. માપે છે. અને તેનો પુનર્ગઠિત વિસ્તાર આશરે ૯૫૯૧ ચો.મી. માપે છે. જેમાં સિટી સર્વે નં. એનએ ૪૨૬, વોર્ડ બોનંદનો શીટ નં. એનએ ૯૯ (બિખેતી) સુરત જિલ્લામાં ગોપિન પ્રોપર્ટીઝની ભાગીદારી પેઢી છે. ઉપરોક્ત મિલકતની **સીમાઓ: પૂર્વ:** સહયોગ સોસાયટી રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. ૧૫૦ ને અડીને, **ઉત્તર:** પ્લોટ નં. ૯૭ ને અડીને, **દક્ષિણ:** પ્લોટ નં. ૯૫ ને અડીને. ઉપરોક્ત જમીનની **સીમાઓ: પૂર્વ:** ઓથોરિટી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે અનામત જમીન, **પશ્ચિમ:** ૧૮ મીટર પ્રસ્તાવિત રોડ, **ઉત્તર:** ૨૪ મીટર પ્રસ્તાવિત રોડ, **દક્ષિણ:** બ્લોક નં. ૪૨૪ અને ૪૨૮ને અડીને. | | | |
| 10. | 51819610000174 | 1) મહંમદબીલાલ મહમ્મદનીફ મન્સુરી, 2) મન્સુરી અનીસાબીબી રસુલભાઇ | ૧૬/૦૭/૨૦૨૫, ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ રૂ. ૧૮,૬૦,૯૪૦/- (અઢાર લાખ સાઠ હજાર નવસો અને ચાલીસ રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૧/૨૦૨૫ સમય: સવારે ૦૭:30 ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ સિટી સર્વે નં. ૩૩૩૧ અને ૩૩૩૨ છે કુલ ૫૨.૧૭.૫૬ ચો.મી. પૈકી યોજના "રાજે હાઇટ્સ" પાકી દક્ષિણ બાજુ છઠ્ઠો માળ ફ્લેટ નં. ૬૦૨ બાંધકામ વિસ્તાર ૯૬.૬૨ ચો.મી. અને જમીન વિસ્તાર ૧૧.૭૦ ચો.મી. ફ્લેટ મિલકત સૈફી મસ્જિદ, તા. જિ. દાહોદ-૩૮૯૧૫૧ સામે આવેલી છે. **નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ:** દિવાલ બારી દરવાજો, **પશ્ચિમ:** ફ્લેટ દિવાલ ફ્લેટ નં. ૬૦૧, **દક્ષિણ:** દિવાલ ઉપરાંત સી.એસ. 3334, 3330 અને 3330/બી. | | | |
| 11. | 45248240000089 અને 45249410000812 | 1) વધુ સુષ્મા સુરેશભાઈ, 2) વધુ સુરેશભાઈ સંભાજી, 3) વધુ સંભાજી | ૧૮/૦૯/૨૦૨૫, રૂ. ૪,૬૦,૯૭૩/- (ચાર લાખ સાઠ હજાર નવસો ત્રેત્તેર રૂપિયા માત્ર) ૧૭/૦૯/૨૦૨૫ મુજબ | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- બપોરે ૧૨:૧૦ પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** પ્લોટ નં. ૧૮૯, ૧૨'x૩૬' કદનો, ૫૧૮.૪૦ ચોરસ ફૂટ (FSI ૧.૨ મુજબ) ના બાંધકામ સાથે, જમીન પર સંલગ્ન હકો સાથે, મહેસૂલ સર્વે નં. ૨૭/૩૬, આનંદપાર્ક સોસાયટી, જે મૌજે ગામ વેદ રોડ, તાલુકા ચોર્યાસી અને જિલ્લા, સુરતમાં અખંડાનંદ સ્કૂલની સામે છે, તેની જમીન પર સંલગ્ન હકો સાથે, મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ. ૧૮ડી-૧૫-૧૪૭૧-૦-૦૦૧. | | | |
| 12. | 31480440000059 | 1) મલકીયા રમેશભાઈ ધનજીભાઈ, 2) મલકીયા ધનજીભાઈ રવજીભાઈ, 3) માલકીયા મીનાબેન અમેશભાઈ | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૪,૪૮,૦૮૮/- (ચાર લાખ અડતાલીસ હજાર એંસી માત્ર આઠ રૂપિયા) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- સવારે ૧૧:૩૯ પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ૮૭.૭૦ ચોરસ મીટરની બધી મકાન જમીનની મિલકત, ભાંભણ ગ્રામ પંચાયત અકર્ણી પત્રક અનુક્રમ/દુધ નં. ૮૫૯ ધરાવતી, ભાંભણ ગામની ગામતાલ જમીન, તા. બોટાદ, જિ. બોટાદ ખાતે આવેલી, ભાંભણ ગ્રામ પંચાયતની પંચાયત હદમાં અને **સીમાઓ:- ઉત્તર:** આ બાજુનો રસ્તો અને બજાર, **દક્ષિણ:** આ બાજુનો રસ્તો, **પૂર્વ:** આ બાજુનો વલ્લભભાઈ કુવરજીભાઈનું ઘર, **પશ્ચિમ:** આ બાજુનો જીવરાજભાઈ મૂળજીભાઈ બાવળિયાનું ઘર. | | | |
| 13. | 31519430000098 અને 31519410000103 | 1) પવાર પ્રશાંત જિતેન્દ્ર, 2) પવાર ઉષાબેન જિતેન્દ્ર, 3) પવાર જીતેન્દ્ર રામરાવ | ૧૮/૦૯/૨૦૨૫, રૂ. ૨૯,૪૫,૯૨૪/- (ઓગણત્રીસ લાખ પાંચતાલીસ હજાર નવસો ચોવીસ માત્ર રૂપિયા) ૧૭/૦૯/૨૦૨૫ મુજબ | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- 04:૧૦ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો મધ્ય ભાગ ભરૂચ, પેટા જિલ્લો અંકલેશ્વર, મોજે અંડાડા રહેઠાણ નં. ૧૨૧/૨ પાયકી પ્લોટ નં. ૮ કુલ માપવાળો વિસ્તાર ૪૬ ચો.મી., બાંધકામ વિસ્તાર ૨૩.૦૦ ચો.મી., ખુલ્લી જમીન ૨૩.૦૦ ચો.મી. **સીમાઓ: પૂર્વ:** સંલગ્ન પ્લોટ પૂર્વ બાજુ ખુલ્લી જમીન, **પશ્ચિમ:** સંલગ્ન પશ્ચિમ બાજુ ખુલ્લી જમીન, **ઉત્તર:** સંલગ્ન પ્લોટ નં. ૧૨૩ જમીન, **દક્ષિણ:** આંતરિક માર્ગ. | | | |
| 14. | 31519420002701 | 1) અવધેશ અશરફી ચૌહાણ, 2) સંગીતા દેવી અવધેશ મહતો | ૧૨/૦૯/૨૦૨૫, ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ રૂ. ૯,૪૯,૩૫૬/- (નવ લાખ ચાલીસ નવ હજાર ત્રણસો છપન માત્ર રૂપિયા) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- બપોરે 03:૩૫ પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ભરૂચ, પેટા જિલ્લા અંકલેશ્વર ખાતે આવેલી બધી સ્થાવર મિલકતનો ટુકડો અને પાર્સલ, મોજે દધલ સર્વે નં. ૬૮, ૭૦ અને ૭૧ પાયકી રિસર્વે પછી નવો સર્વે નં. ૧૭૪, ૧૭૫ અને ૧૭૬ (જુનો બ્લોક નં. ૯૦, ૪૩ અને ૪૪) વિલય પછી બ્લોક નં. ૧૭૪ સિટી સર્વે ઓફિસ જંબુસર વોર્ડ નં. દધલ સિટી સર્વે નં.- એનએ૧૭૪ શીટ નં.- એનએ૯૯ અને કાર્ડ નં.-૫૮૭૧ રિસર્વે પછી નવો બ્લોક નં.-૧૮૯ (જુનો બ્લોક નં.-૮૯) સિટી સર્વે નં.- એનએ૧૮૯ શીટ નં.- એનએ૯૯ અને કાર્ડ નં.-૫૮૭૦ "સિદ્ધેશ્વર રેસીડેન્સી" પ્લોટ નં.-૩૧૫ વિસ્તાર ૪૦.૧૫ ચોરસ મીટર, રોડ સી.ઓ.પી. અવિભાજિત વિસ્તાર-૨૯.૯૨ ચોરસ મીટર. કુલ = ૭૦.૦૭ ચોરસ મીટર **સીમાઓ નીચે મુજબ છે: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં.-૩૦૨, **ઉત્તર:** પ્લોટ નં.-૩૧૬, **દક્ષિણ:** પ્લોટ નં.-૩૧૪. | | | |
| 15. | 31519610001952 | 1) સોલંકી જયેશભાઈ જનકભાઈ, 2) કૈલાશબેન નરસિંહભાઈ સોલંકી | ૦૫/૦૬/૨૦૨૫, 03/06/૨૦૨૫ના રોજ રૂ. ૧૧,30,૧૮૬/- (અગિયાર લાખ ત્રીસ હજાર એકસો છ્યાસી રૂપિયા) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- બપોરે 03:૧૦ ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતના મધ્ય ભાગનો તમામ ભાગ જિલ્લો - ભરૂચ, પેટા જિલ્લો અંકલેશ્વર, મૌજે - જીતાલી, રહેણાંક નં. 631, નવી રહેણાંક નં. 183, પૈકી આલીશાન શહેર, રહેણાંક પ્લોટ નં. D-92, વિસ્તાર - 40.15 ચો.મી., વરાડે. 27.91 ચો.મી. **સીમાઓ નીચે મુજબ છે: - પૂર્વ:** પ્લોટ નં. C-93, **પશ્ચિમ:** પ્લોટ નં. D-91, **ઉત્તર:** સોસાયટી ઈન્ટરનલ રોડ, **દક્ષિણ:** પ્લોટ નં. D-95. | | | |
| 16. | 31999420001354 અને 31999430000608 | 1) શર્મા હિતેશકુમાર જગદીશભાઈ, 2) શર્મા હેતલબેન હિતેશકુમાર | ૧૬/૦૪/૨૦૨૫, ૧૪/૦૪/૨૦૨૫ ના રોજ રૂ. ૨૭,૪૭,૦૧૪/- (સત્તાવીસ લાખ સત્તાલીસ હજાર અને ચૌદ રૂપિયા માત્ર) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- સવારે ૧૦:૪૦ ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** બધી મિલકતો જેમાં R.S.No-22/1 પૈક્કી 4 પ્લોટ નં. 188, 75.00 ચોરસ મીટર મહાદેવ નગર સોસાયટી વાવડી (B) ગોધરા જિલ્લો-પંચમહાલનો સમાવેશ થાય છે. ગોધરા-389001 (પંચમહાલ) ગુજરાતના નોંધણી જિલ્લો અને ઉપ-જિલ્લો પર બાંધવામાં આવેલ છે. **સીમાઓ: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. 191, **ઉત્તર:** પ્લોટ નં. 189, **દક્ષિણ:** પ્લોટ નં. 188 પૈક્કી અન્ય મિલકત. | | | |
| 17. | 31480440000151 | 1) મકવાણા રાજુભાઈ કરશનભાઈ, 2) મકવાણા મધુબેન રાજુભાઈ | ૦૫/૦૬/૨૦૨૫, 03/06/૨૦૨૫ ના રોજ રૂ. ૩,૪૯,૧૮૫/- (ત્રણ લાખ ચાલીસ ઓગણપચાસ હજાર એકસો પંચાસી માત્ર રૂપિયા) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- બપોરે ૦૧:30 ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ૫૫.૭૩.૫૭ ચોરસ મીટર પહોળી ખુલ્લી જમીન ધરાવતી મિલકતનો તમામ હક માલિકી અને હિત પાણવી ગ્રામ પંચાયત અકર્ણી અનુક્રમ નં.૩૫૭ અને મિલ્કત નં.૩૪૬, ગુજરાત રાજ્યમાં પાણવી તાલુકો: રાણપુર અને જિલ્લો: બોટાદ ગામની જુની ગામતાલ જમીન પર સ્થિત છે અને **નીચે મુજબ સીમા ધરાવે છે. પૂર્વ તરફ:** આ બાજુનો રસ્તો, **પશ્ચિમ તરફ:** આ બાજુ નાથાભાઈ પાલાભાઈ રાઠોડની મિલકત, **ઉત્તર તરફ:** આ બાજુનો કેસુભાઈ હિરજીભાઈ પરમારની મિલકત. **દક્ષિણ તરફ:** આ બાજુનો મોસુખભાઈ જીવણભાઈ મારુની મિલકત. | | | |
| 18. | 31480430000961 | 1) સંજયભાઈ નટવરદાસ દેસાણી, 2) સવિતાબેન નટવરદાસ દેસાણી | ૦૫/૦૬/૨૦૨૫, 03/06/૨૦૨૫ ના રોજ રૂ. ૩,૧૮,૭૫૧/- (ત્રણ લાખ અઢાર હજાર સાતસો પચાસ માત્ર રૂપિયા) | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- સવારે ૧૧:૧૫ ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મોતી વોર્વા આકારણી પત્રક પરના બધા રહેણાંક મકાન મિલકત નં. ૧૭૯. મકાન નં. ૧૭૬, જુની મિલકત નં. ૧૬૮, ૩૨.૮૮ ચોરસ મીટર જમીન જી.એફ. બી/અપ એરિયા ૩૨.૮૮ ચોરસ મીટર, તેના અનુસંધાનમાં, મોતી વીરવા, પંચાયત હદની અંદર, તાલુકા - બોટાદ, જિલ્લો - બોટાદ અને સવિતાબેન નટવરભાઈ દેસાણીની માલિકીની, **સીમાઓ દ્વારા:** ઉત્તર: ગોપાલદાસ લક્ષીરામ, **દક્ષિણ:** રોડ, **પૂર્વ:** વાડી (ખેતર), **પશ્ચિમ:** બાલકદાસ લક્ષીરામ. | | | |
| 19. | 32109630000012 & 32109800000339 | 1) ઇકબાલભાઈ અનવરભાઈ શેખ, 2) કલાલ અનવરભાઈ ઈમામભાઈ, 3) મેરૂનબેન ઇકબાલભાઈ શેખ, 4) કલાલ જરીનાબેન | ૧૫/૦૨/૨૦૨૫, રૂ. ૭,૭૨,૭૨૦.૭૭/- (સાત લાખ બાત્તેર હજાર સાત એક વીસ રૂપિયા સિત્તેર સિત્તેર પૈસા) ૧૩/૦૨/૨૦૨૫ મુજબ | તારીખ: ૨૨/૧૧/૨૦૨૫ સમય:- સવારે ૧૧:૫૦ ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ફ્રીહોલ્ડ સ્થાવર ગામતાલ મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ જે ચો. મીટર ૧૩૯.૩૫ મિલકત નં. ૪/૪૯/૨ અને ૪/૪૯/૩ છે, જે સૌરિયદ સી, તા. સરસ્વતી અને જિલ્લો પાટણના ક્રમ નં. ૬૭૫ માં સ્થિત છે. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત વર્ણવેલ મિલકતો/સુરક્ષિત સંપત્તિઓનો કબજો લીધો છે. ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| | |
|---|---|
| સ્થળ: અમદાવાદ | SD/- અધિકૃત અધિકારી, જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ વતી |
| તારીખ: 25.11.2025 | |

**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ્વે, લાઇફ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર-૫૬૦૦૭૧. **પ્રાદેશિક ગુજરાત ઓફિસ ઓફિસ:** ૨૦૮ થી ૨૧૩, દૃશ્ય આ વાદળ, શારીલાર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ,-૩૮૦૦૧૫.

સિટી એક્સપ્રેસ
TUESDAY 25 NOVEMBER-2025
AHMEDABAD

## વડોદરા : વારસિયામાં જુગાર રમતી 15 મહિલાઓ ઝડપાઇ

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી સિંધુ પાર્ક સોસાયટીમાં જુગાર અડ્ડાની માહિતી મળતા વારસિયા પોલીસએ રાત્રે દરોડો પાડ્યો હતો અને 15 મહિલા ખેલીઓને રંગેહાથ ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને શહેરના સિંધુ પાર્ક સોસાયટીમાં એક મકાનમાં રહેતી મહિલાઓ જુગાર રમતી હોવાનું માહિતી મળી હતી. પોલીસે જણાવ્યું કે, અહીં મહિલાઓ પોતાની સાથે બહારથી અન્ય ખેલીઓને બોલાવીને જુગાર રમતી હતી. પોલીસે ઘટના સ્થળ પર તપાસ કરતા 15 મહિલાઓ જુગાર રમતા ઝડપાઈ હતી.

## રાજ્યભરમાં ટેકાના ભાવે જણસીની ખરીદી શરૂ

ગાંધીનગર : રાજ્યના ખેડૂતોને ટેકો આપવા માટે ગુજરાત સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. 24 નવેમ્બરને સોમવારથી રાજ્યમાં લઘુત્તમ ટેકાના ભાવે (MSP) ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની સીધી ખરીદી શરૂ કરવામાં આવી છે. આ ખરીદી પ્રક્રિયા 31 જાન્યુઆરી, 2026 સુધી ચાલશે. દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, આ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કૃષિપ્રેમી અને સંવેદનશીલ વલણની સાબિતી છે. સરકારે નાના તેમજ મધ્યમ વર્ગના ખેડૂતોને ધ્યાનમાં રાખીને આ ખરીદી પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવવાની દિશામાં પગલા લીધા છે.

# અમદાવાદના ઈસનપુર તળાવમાં મેગા ડિમોલિશન:4 ભાગમાં કાર્યવાહી

## 925 ગેરકાયદે મકાનો હટાવાશે, ઘર આપ્યા વિના માત્ર ફોર્મ ભરાવ્યાં; બેઘર થઈ જતાં મહિલાઓ રડી પડી

અમદાવાદ | અમદાવાદમાં ચંડોળા તળાવ બાદ સૌથી મોટું મેગા ડિમોલિશન શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસનપુર તળાવમાં કરવામાં આવી રહ્યું છે. ઈસનપુર તળાવમાં છેલ્લાં અનેક વર્ષોથી દબાણો કરવામાં આવ્યાં હતાં. ચંડોળા તળાવની જેમ જ ઈસનપુર તળાવમાં 1,000થી વધારે લોકો રહે છે. તમામ દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી આજે 24 નવેમ્બરના રોજ સવારે શરૂ કરાઈ હતી. 20 JCB મશીન, 500 મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને મજૂરોએ ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી હતી. ઈસનપુર અમદાવાદનું ત્રીજા નંબરનું મોટું તળાવ છે. પહેલા તળાવમાં 167 કોમર્શિયલ બાંધકામ તોડાયાં હતાં ત્યારે હવે 925 રહેણાક બાંધકામ તોડવામાં આવી રહ્યાં છે. મ્યુનિસિપલ કોર્પોરેશને ચોમાસા પહેલાં રહેણાક મકાનોને નોટિસ પાઠવી હતી, પરંતુ દિવાળીના કારણે ડિમોલિશન કરાયું નહોતું.

હાલ 4 ભાગમાં ડિમોલિશનની કામગીરી ચાલુ છે. અગાઉ 20 નવેમ્બરના રોજ ડિમોલિશન કરવાનું હતું, પરંતુ સ્થાનિકોએ 4 દિવસનો સમય માગતાં આજે 24 નવેમ્બરે ડિમોલિશન કાર્યવાહી શરૂ કરાઈ છે. ડિમોલિશનને લઈને 10 નાગરિક હાઈકોર્ટમાં ગયા હતા અને હાઈકોર્ટે વોટરબોડી હોવાને કારણે ડિમોલિશન માટે હુકમ કર્યો હતો, સાથે જ તે 10 લોકોને સમય આપવા કહ્યું હતું.



### 20 JCB, હિટાચી મશીન અને મજૂરોની મદદથી દબાણો દૂર કરાયાં

મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોને દબાણો દૂર કરવા માટે અલગ-અલગ જગ્યાની જવાબદારી સોંપવામાં આવી છે. ઈસનપુર તળાવના ચારે તરફથી જેસીબી મશીન અને હિટાચી મશીનની મદદથી દબાણો તોડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. 20 JCB, હિટાચી મશીન અને મજૂરોની મદદથી દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે. અમદાવાદ શહેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ACP, PI, PSI અને પોલીસ કોન્સ્ટેબલો મળી કુલ 500 પોલીસકર્મચારીનો ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવાયો છે.

### મકાન આપ્યા વિના માત્ર ફોર્મ ભરાવી મકાનો ખાલી કરાવતાં ગરીબો બેઘર

કોર્પોરેશનની કાર્યવાહીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ઈસનપુર તળાવમાં 50 વર્ષથી વધુ સમયથી રહેનારા નાગરિકોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાનો આપવાની વાત કરવામાં આવી હતી, પરંતુ મકાનો આપ્યાં વિના જ દબાણો દૂર કરવામાં આવતાં રોષ ફેલાયો છે. રહીશો છેલ્લાં 50 વર્ષથી વધુ સમયથી રહે છે ત્યારે તેમને મકાન આપવા માટેની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ કોઈપણ મકાન આપ્યા વિના માત્ર ફોર્મ ભરાવી મકાનો ખાલી કરાવી દૂર કરવામાં આવતાં ગરીબ લોકો બેઘર થઈ ગયા છે. સ્થાનિક મહિલાઓએ રડતાં રડતાં પોતાની આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમે વર્ષોથી આ જગ્યા પર રહીએ છીએ. આટલાં વર્ષો પછી દબાણો દૂર કરવામાં આવ્યાં છે. અમને મકાનો આપવાની વાત કરી હતી.

## ન્યુઝ બ્રિફ

### ડમ્પરે બાઈક અને બે બસને અડફેટે લીધી, બસ પલટી ગઈ ૪૦ મુસાફરોનો બચાવ

ગાંધીનગર : દહેગામ રોડ પર આવેલા સોલંકીપુરા ગામ નજીક આજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. અહીં એક બેફામ ગતિએ આવી રહેલા ડમ્પર ચાલકે કાબૂ ગુમાવતા એક બાઈક અને બે બસોને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોડાસા રૂટની એક એસ.ટી. બસ રોડ પર પલટી મારી ગઈ હતી. સદનસીબે, સ્થાનિકોની સમયસૂચકતાને કારણે બસમાં સવાર તમામ ૪૦ મુસાફરોનો આબાદ બચાવ થયો છે.
આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે દહેગામ-મોડાસા હાઈવે પર સોલંકીપુરા ગામ નજીક સિંગલ પટ્ટી રોડ પર ઝાડ ટ્રીમિંગની કામગીરી ચાલી રહી હતી. આ કામગીરીને કારણે રોડ પર ટ્રાફિક ધીમો પડયો હતો અને વાહનોની લાઈનો લાગી હતી, જેમાં બે એસ.ટી. બસો પણ ઊભી હતી. ટ્રાફિક ધીમો હોવા છતાં, એક બાઈક ચાલકે ઉતાવળમાં ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. તે જ સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પર ચાલકે પહેલા ઓવરટેક કરી રહેલા બાઈકને અડફેટે લીધું હતું. બાઈકને ટક્કર માર્યા બાદ ડમ્પર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો.

### ડાલામાં ચોરીને લઈ જવાતો સરકારી વીજ વાયરનો મોટો જથ્થો ઝડપી લીધો

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગ દરમિયાન એક પીકઅપ ડાલામાંથી ચોરીના સરકારી એલ્યુમિનિયમના વીજ તાર સાથે એક આરોપીને ઝડપી પાડયો છે. ૪.૪૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે સાબરકાંઠાના તલોદ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. ગાંધીનગર રેન્જ આઈ.જી. વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટી દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અપાયેલી સૂચનાના પગલે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડ દ્વારા નેશનલ હાઈવે પર વોચ ગોઠવવામાં આવી હતી. જેના પગલે પોલીસ દ્વારા ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું બોલેરો પીકઅપને અટકાવવામાં આવ્યું હતું. ડ્રાઈવરની પૂછપરછ અને ડાલામાં તપાસ કરતા પાછળના ભાગેથી વીજ તારના જથ્થાબંધ બંડલ મળી આવ્યા હતા. ડ્રાઈવર પાસે આ માલ અંગે કોઈ બિલ કે આધાર-પુરાવા ન હોવાથી અને સંતોષકારક જવાબ ન મળતા પોલીસે શંકાના આધારે તપાસ હાથ ધરી હતી.

## સોમનાથની યુવતીએ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# યુવકે લગ્નની લાલચ આપીને યુવતી પાસેથી 2.86 લાખ પડાવ્યા : ફોટાથી બ્લેકમેઈલ કરી




અમદાવાદ | સોશિયલ મીડિયામાં યુવક સાથે મિત્રતા રાખવી એક વિદ્યાર્થીની માટે મોંઘી સાબીત થઈ છે. યુવકે વિદ્યાર્થીનીને લગ્નની લાલચ આપીને ફસાવી હતી અને બાદમાં તેની સાથે ફોટોગ્રાફ્સ પડાવીને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. યુવકે વિદ્યાર્થીની પાસેથી ટુકડે ટુકડે કુલ 2.86 લાખ રૂપિયા પડાવી લીધા હતા.આ અંગે વિધાર્થિનીએ યુવક વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નવરંગપુરા પીજી ખાતે રહેતી અને મુળ સોમનાથની યુવતીએ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં કરણ શાહ (રહે, સુરત) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતી કોલેજમાં અભ્યાસ કરે છે અને તેની બહેનપણીઓ સાથે પીજીમાં રહે છે. 6 મહિના પહેલા યુવતીના ઈન્સ્ટાગ્રામ આઈડી પર કરણ શાહ નામના યુવકની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. યુવતીએ રીવકવેસ્ટ એક્સેપટ કરી લેતા કરણે તેની સાથે વાતચીત કરવાની શરૂ કરી દીધી હતી.

કરણની માતા મોટી કંપનીમાં નોકરી કરે છે તેનો મહિલા 1.10 લાખ પગાર છે થોડા સમય બાદ તે દુબઈ ટ્રાન્સફર થઈ જશે તેવી વાતો કરી હતી. યુવતી તેની વાતોમાં આવી જતા એક બીજાને પ્રેમ કરવા લાગ્યા હતા. મે મહિનામાં કરણ યુવતીને મળવા માટે અમદાવાદના મોલમાં આવ્યો હતો જે બાદ તેણે લગ્ન કરવાનું પ્રપોઝ મુક્યુ હતું. યુવતીએ લગ્ન કરવા માટેની સહમતી બતાવી હતી. થોડા દિવસ બાદ કરણનો યુવતી પર ફોન આવ્યો હતો અને તેણે બેંકનું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયુ છે જેથી દસ હજાર રૂપિયાની માગંણી કરી હતી.

### યુવતીને બ્લેકમેઈલ કરીને રૂપિયા માગ્યા

થોડા દિવસ બાદ કરણનો યુવતી પર ફોન આવ્યો હતો અને તેણે બેંકનું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયુ છે જેથી દસ હજાર રૂપિયાની માગંણી કરી હતી. યુવતીએ દસ હજાર રૂપિયા આપ્યા બાદ કરણે વધુ રૂપિયા માંગવાનું શરૂ કર્યુ હતું. આ બાદ કરણ અમદાવાદ યુવતીને મળવા માટે આવ્યો હતો જ્યા તે બન્ને હોટલમાં મળ્યા હતા અને ફોટોગ્રાફ્સ પણ પાડ્યા હતાં. ફોટોગ્રાફ્સની મદદથી કરણે યુવતીને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યુ હતું અને રૂપિયાની માગતો રહ્યો હતો.

### આપધાતની ધમકી આપી, ફરિયાદ નોંધાઈ

ઈજ્જત ખરાબ ના થાય તે ડરથી યુવતીએ કરણને રૂપિયા આપવાનું ચાલુ રાખ્યુ હતું. યુવતીએ પોતાના દાગીના ગીરવે મુકીને પણ કરણને રૂપિયા આપ્યા હતા. કરણે યુવતીને રૂપિયા નહી આપે તો આપધાત કરી લઈશ તેવી ધમકીઓ પણ આપી હતી. કરણે યુવતીને વીડિયો કોલ કરીને કપડા કાઢી નાખ્યા હતા અને તેના સ્ક્રીનશોર્ટ પાડી લીધા હતાં. કરણે બ્લેકમેઈલ કરતા યુવતીએ સમગ્ર હકીકત તેના માતા પિતાને જણાવી હતી. જે બાદ યુવતીએ કરણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. કરણની માતા મોટી કંપનીમાં નોકરી કરે છે તેનો મહિલા 1.10 લાખ પગાર છે થોડા સમય બાદ તે દુબઈ ટ્રાન્સફર થઈ જશે તેવી વાતો કરી હતી.

## અમદાવાદમાં મહિલાની મોતની છલાંગ...

# ચાંદખેડામાં ત્રીજા માળેથી કૂદી મહિલાએ આપઘાત કર્યો, નીચે પડતાં જ આસપાસના લોકો દોડી આવ્યા

અમદાવાદ |અમદાવાદના ચાંદખેડામાં મૈત્રી શ્રીમાળી નામની મહિલાએ ફ્લેટના ત્રીજા માળેથી કૂદીને બે દિવસ પહેલાં આપઘાત કર્યો હતો, જે ઘટનાના CCTV સામે આવ્યા છે. મહિલાએ કયા કારણથી આપઘાત કર્યો એ જાણવા મળ્યું નથી. ચાંદખેડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે યુવતીનાં થોડાં વર્ષ પહેલાં પ્રેમલગ્ન થયાં હતાં, જેમાં યુવક સાથે મનમેળ ન આવતાં યુવતી પિયરમાં જતી રહી હતી. એ બાદ ફરીથી સંબંધ સુધરતાં પતિના ઘરે હતી. યુવતીને 2 વર્ષનું બાળક પણ છે.



આપઘાત કરનારી મહિલા પાસેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી બનાવ બનતાં જ ચાંદખેડા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.
પોલીસે તપાસ કરી, પરંતુ આપઘાત કરનારી મહિલા પાસેથી કોઈ સુસાઈડ નોટ મળી નહોતી. પોલીસની તપાસમાં હાલ મોતનું કારણ પણ જાણવા મળ્યું નહોતું. ચાંદખેડા પોલીસે સમગ્ર બાબતને લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### મહિલાએ ત્રીજા માળેથી છલાંગ લગાવતાં ઘટનાસ્થળે જ મોત

ચાંદખેડામાં આવેલા દિવાળી હોમ્સમાં રહેતી મૈત્રી શ્રીમાળી નામની મહિલાએ બે દિવસ અગાઉ ફ્લેટના ત્રીજા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આપઘાત કરતાં જ આસપાસના લોકો સ્થળ ઉપર ભેગા થઈ ગયા હતા, જોકે ગંભીર ઈજા થતાં મહિલાનું સ્થળ પર જ મોત થઈ ગયું હતું. આપઘાતની સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. મહિલાના આપઘાત પાછળનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. મહિલા પાસેથી કોઈ સુસાઇડ નોટ પણ મળી આવી નહોતી, જેથી પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે. CCTVમાં જોવા મળે છે કે ફ્લેટમાં એક સફાઈકર્મી મહિલા કચરો વાળી રહ્યા હતા ત્યારે અચાનક જ પાછળ એક મહિલા નીચે પડે છે.

# ડિસેમ્બરમાં કડકડતી ઠંડી પડવાની આગાહી નલિયા 11.6 ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર

અમદાવાદ | હાલમાં પવનોની દિશા બદલાતા રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યું છે. નવેમ્બરમાં ગાત્રો થીજવતી ઠંડીની શક્યતા નહિવત્ છે. જો કે, આગામી ડિસેમ્બરમાં કડકડતી ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ શકે છે. કારણ કે, ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે, જેની અસર આગામી સમયમાં ગુજરાતમાં પણ જોવા મળી શકે છે. જે બાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે.
હવામાન વિભાગના આંકડા પ્રમાણે, રાજ્યમાં નલિયા 11.6 ડિગ્રી તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું છે. રાજ્યમાં વહેલી સવારે અને રાત્રે ઠંડીની અસર જોવા મળી રહી છે, જ્યારે બપોરના ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં આગામી દિવસો ખુબ જ ઠંડા રહે તેવી શક્યતા છે. હવામાન વિભાગ મુજબ રાજ્યમાં અત્યારે પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે.



# રૂપિયા ૩૫ લાખ ૨૦ વર્ષે પણ પરિચિતે પરત નહીં આપતાં કંપની દ્વારા ફરિયાદ

ગાંધીનગર : ગાંધીનગરના ખોરજ વિસ્તા રમાં ટ્રાન્સફર થયેલી અમદાવાદની કંપનીના ડાયરેક્ટરના પરિચિત દ્વારા હાથ ઉછીના લેવામાં આવેલી રૂપિયા ૩૫ લાખની રકમ ૨૦ વર્ષે પણ પરત નહીં કર્યાની ફરિયાદ અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. આરોપીનો કેસ ચાલતો હોવાથી હાઇકોર્ટ દ્વારા ૩૫ લાખ જમા કરાવવા આદેશ કરાયાના પગલે કંપનીએ તેને આ રકમ આપી હતી. પરંતુ ૨૦૧૧માં કેસ પુરો થતાં તેને આ નાણા વ્યાજ સહિત પરત મળી ગયા હતાં. ખોરજમાં અદાણી શાંતિગ્રામ સ્થિત જીએસઇસી કંપનીમાં લીગલ ઓફિસર તરીકે કામ કરતાં અને અમદાવાદના બહેરામપુરામાં વિસ્તારમાં રહેતા હિતેશભાઇ શંકરલાલ પરમારે ઉપરોક્ત બનાવ સંબંધે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમદાવાદના દશક્રોઇ તાલુકાના બારેજ ગામે રહેતા પ્રશાંતભાઇ પનુભાઇ શાહનું નામ દર્શાવ્યું છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૦૭માં હાઇકોર્ટમાં પ્રશાંતભાઇનો કેસ ચાલતો હતો. ત્યારે કોર્ટે તેમને રૂપિયા ૩૫ લાખ જમા કરાવવા આદેશ કર્યો હતો. નાણા નહીં હોવાથી પ્રશાંતભાઇએ જીએસઇસીના ડાયરેક્ટર એવા રાકેશભાઇ આર. શાહને વાત કરતાં કંપની દ્વારા તેને રૂપિયા ૩૫ લાખ હાથ ઉછીના આપવાને મંજુરી અપાઇ હતી.

## ફિક્સ પગાર કર્મચારીઓને વધારાના ચાર્જ એલાઉન્સમાં નવો નિર્ણય

# સેમ કેડરની વધારાની જવાબદારી માટે 5% અને સિનિ.લેવલના ચાર્જ માટે 10% ભથ્થું મળશે

(એજન્સી) ગાંધીનગર | તા. 24

રાજ્ય સરકારના વર્ગ-3 અને વર્ગ-4ના ફિક્સ પગાર કર્મચારીઓને સોંપાયેલા વધારાના કાર્ય માટે હવે ચાર્જ એલાઉન્સ આપવા અંગે નાણાં વિભાગે નવા પરિપત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. પહેલા ફિક્સ પગારના કર્મચારીને જૂના પગાર પ્રમાણે એલાઉન્સ ચૂકવાતું હતું, પરંતુ હવે પગાર વધારો થયા પછી નવા પગાર પ્રમાણે એલાઉન્સ ચૂકવાશે. જો કોઈ ક્લાર્ક જ હોય અને તેનો જ હવાલો એટલે કે સેમ કેડરનો જ ચાર્જ સોંપ્યો હોય તો 5 ટકા, પણ સિનિયર લેવલનો વધારાનો ચાર્જ આપ્યો હોય તો 10 ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થશે. ઉદાહરણ તરીકે...ફિક્સ પગારના કર્મચારીને પગાર 30000 હોય તો સેમ કેડરના ચાર્જ માટે એલાઉન્સ 5 ટકા એટલે કે 1500 ચૂકવાશે અને સિનિયર જગ્યાનો વધારાનો હવાલો આપવામાં આવે તો 10 ટકા એટલે કે 3000 એલાઉન્સ ચૂકવાશે. ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિયેશન દ્વારા છેલ્લા કેટલાક મહિનાથી સરકાર સમક્ષ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી રહી હતી, જેના પગલે નાણાં વિભાગે તાજેતરમાં બહાર પાડેલા આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે 20 ઓક્ટોબર, 2021 પછી નિમણૂક પામેલા અને હાલ ફિક્સ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓને પણ જો તેમને વધારાની જવાબદારી સોંપવામાં આવી હોય, તો 10% ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવશે.



### પેન્ડિંગ માગણીઓ પર નિર્ણય લે એવી અપેક્ષા

આ પહેલાં આ લાભ માત્ર કાયમી થયેલા અથવા નિયમિત કર્મચારીઓને મળતો હતો, જેના કારણે વર્ગ-3ના ઘણા કર્મચારીઓ સાથે અન્યાય થતો હોવાની ફરિયાદો ઊઠી હતી. નાણાં વિભાગે બધા વિભાગો તથા જિલ્લા કચેરીઓને આ આદેશ તાત્કાલિક લાગુ કરવાની સૂચના આપી છે. સરકારના આ નિર્ણયથી રાજ્યના હજારો ફિક્સ પગાર કર્મચારીઓને સીધી આર્થિક રાહત મળશે અને કાર્ય ઉત્સાહમાં વધારો થશે એવી અપેક્ષા છે. આ નિર્ણયથી ફિક્સ પગાર કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે. એસોસિયેશન અનુસાર, હજી પેન્ડિંગમાં રાખેલી અન્ય માગણીઓ પર પણ સરકાર ટૂંક સમયમાં નિર્ણય લે એવી અપેક્ષા છે.